વર્ષ : ૬૧ ■ અંક : ૧ ■ તા.૧-૧-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## સ્વ. અટલજીના જન્મદિન-સુશાસન દિને

# રાજ્યના ખેડૂતોને રૂ.૧૧૨૦ કરોડની સહાય

## ગુજરાત સોલર પાવર પોલિસી-૨૦૨૧ જાહેર



**પારદર્શક**
**નિર્ણાયક**
**સંવેદનશીલ**
**પ્રગતિશીલ સરકાર**

ગુજરાત
ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

# વર્ષ ૨૦૨૧

| | જાન્યુઆરી | | | | | ફેબ્રુઆરી | | | | | માર્ચ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રવિ | ૩૧ | ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | | ૭ | ૧૪ | ૨૧ | ૨૮ | | ૭ | ૧૪ | ૨૧ | ૨૮ |
| સોમ | | ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | ૧ | ૮ | ૧૫ | ૨૨ | | ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨૯ |
| મંગળ | | ૫ | ૧૨ | ૧૯ | ૨૬ | ૨ | ૯ | ૧૬ | ૨૩ | | ૨ | ૯ | ૧૬ | ૨૩ | ૩૦ |
| બુધ | | ૬ | ૧૩ | ૨૦ | ૨૭ | ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | | ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | ૩૧ |
| ગુરૂ | | ૭ | ૧૪ | ૨૧ | ૨૮ | ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | | ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | |
| શુક્ર | ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨૯ | ૫ | ૧૨ | ૧૯ | ૨૬ | | ૫ | ૧૨ | ૧૯ | ૨૬ | |
| શનિ | ૨ | ૯ | ૧૬ | ૨૩ | ૩૦ | ૬ | ૧૩ | ૨૦ | ૨૭ | | ૬ | ૧૩ | ૨૦ | ૨૭ | |

| | એપ્રિલ | | | | | મે | | | | | જૂન | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રવિ | | ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | ૩૦ | ૨ | ૯ | ૧૬ | ૨૩ | | ૬ | ૧૩ | ૨૦ | ૨૭ |
| સોમ | | ૫ | ૧૨ | ૧૯ | ૨૬ | ૩૧ | ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | | ૭ | ૧૪ | ૨૧ | ૨૮ |
| મંગળ | | ૬ | ૧૩ | ૨૦ | ૨૭ | | ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨૯ |
| બુધ | | ૭ | ૧૪ | ૨૧ | ૨૮ | | ૫ | ૧૨ | ૧૯ | ૨૬ | ૨ | ૯ | ૧૬ | ૨૩ | ૩૦ |
| ગુરૂ | ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨૯ | | ૬ | ૧૩ | ૨૦ | ૨૭ | ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | |
| શુક્ર | ૨ | ૯ | ૧૬ | ૨૩ | ૩૦ | | ૭ | ૧૪ | ૨૧ | ૨૮ | ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | |
| શનિ | ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | | ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨૯ | ૫ | ૧૨ | ૧૯ | ૨૬ | |

| | જુલાઈ | | | | | ઓગસ્ટ | | | | | સપ્ટેમ્બર | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રવિ | | ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨૯ | | ૫ | ૧૨ | ૧૯ | ૨૬ |
| સોમ | | ૫ | ૧૨ | ૧૯ | ૨૬ | ૨ | ૯ | ૧૬ | ૨૩ | ૩૦ | | ૬ | ૧૩ | ૨૦ | ૨૭ |
| મંગળ | | ૬ | ૧૩ | ૨૦ | ૨૭ | ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | ૩૧ | | ૭ | ૧૪ | ૨૧ | ૨૮ |
| બુધ | | ૭ | ૧૪ | ૨૧ | ૨૮ | ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | | ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨૯ |
| ગુરૂ | ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨૯ | ૫ | ૧૨ | ૧૯ | ૨૬ | | ૨ | ૯ | ૧૬ | ૨૩ | ૩૦ |
| શુક્ર | ૨ | ૯ | ૧૬ | ૨૩ | ૩૦ | ૬ | ૧૩ | ૨૦ | ૨૭ | | ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | |
| શનિ | ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | ૩૧ | ૭ | ૧૪ | ૨૧ | ૨૮ | | ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | |

| | ઓક્ટોબર | | | | | નવેમ્બર | | | | | ડિસેમ્બર | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રવિ | ૩૧ | ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | | ૭ | ૧૪ | ૨૧ | ૨૮ | | ૫ | ૧૨ | ૧૯ | ૨૬ |
| સોમ | | ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨૯ | | ૬ | ૧૩ | ૨૦ | ૨૭ |
| મંગળ | | ૫ | ૧૨ | ૧૯ | ૨૬ | ૨ | ૯ | ૧૬ | ૨૩ | ૩૦ | | ૭ | ૧૪ | ૨૧ | ૨૮ |
| બુધ | | ૬ | ૧૩ | ૨૦ | ૨૭ | ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | | ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨૯ |
| ગુરૂ | | ૭ | ૧૪ | ૨૧ | ૨૮ | ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | | ૨ | ૯ | ૧૬ | ૨૩ | ૩૦ |
| શુક્ર | ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨૯ | ૫ | ૧૨ | ૧૯ | ૨૬ | | ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | ૩૧ |
| શનિ | ૨ | ૯ | ૧૬ | ૨૩ | ૩૦ | ૬ | ૧૩ | ૨૦ | ૨૭ | | ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | |

જાહેર રજા/તહેવાર | બીજો/ચોથો શનિવાર | મરજીયાત રજા

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ▪ Issue : 1 ▪ Date 1-1-2021

**તંત્રી** : અશોક કાલરીયા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લીંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**56 + 4 Cover = Total 60 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે

**www.gujaratinformation.net**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઈ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશ:

- આ સરકાર ગરીબ, ખેડૂત અને આદિવાસીના કલ્યાણ માટેની સરકાર છે.
- સૌર ઊર્જા ઉત્પાદનથી નગરપાલિકાઓને વીજબીલ ભારણથી મુક્તિ મળશે.
- શુદ્ધ પીવાનું પાણી, રિયુઝ ઓફ ટ્રીટેડ વોટર અને ભૂગર્ભ ગટર વ્યવસ્થાથી સ્વચ્છ-આરોગ્યયુક્ત નગરો બનાવવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે.
- યુવાનોને ઘરઆંગણે વિશ્વકક્ષાનું જ્ઞાન આપવાની વ્યવસ્થા ગુજરાતે વિકસાવી છે.
- સ્ટડી ઈન ગુજરાતમાં હવે વિશ્વભરના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવી રહ્યાં છે.
- લઘુ-મધ્યમ ઉદ્યોગકારોની પ્રોડક્શન કોસ્ટ ઘટે - ઉદ્યોગો વર્લ્ડ માર્કેટમાં કોમ્પિટિશનમાં ઊભા રહે તેવી વ્યવસ્થા ગુજરાત વિકસાવી રહી છે.
- 'મારું ગામ કોરોનામુકત ગામ' અભિયાનને ગામોએ જનસહયોગથી સફળ બનાવ્યું છે.
- રાજ્યના પશુપાલકોને કારણે ગુજરાત દૂધ ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર બન્યું છે.
- લોકડાઉનમાં ગુજરાતનું ગ્રામીણ -અર્થતંત્ર પશુપાલનને કારણે ધબકતું રહ્યું છે.
- રાજ્યસરકારે ગૌ-વંશ હત્યા પ્રતિબંધ માટે કડક કાયદા બનાવી તેનું અસરકારક પાલન કરાવ્યું છે.
- ખેતી સામે પશુપાલન વ્યવસાય પૂરક નહીં પણ સમકક્ષ વ્યવસાય બન્યો છે.
- ગ્રામીણ કક્ષાએ જ ઇ-સેવા સેતુમાં ૫૧ સેવાઓ ઓનલાઇન મળે તેવી રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા છે.
- 'હર હાથ કો કામ, હર ખેત કો પાની' સાકાર કરી નર્મદાનાં પાણી ખેતરો સુધી પહોંચાડયાં છે.
- રાજ્યની બધી નગરપાલિકાઓ ગ્રીન-ક્લીન એનર્જી ઉત્પાદન કરે તેવી રાજ્ય સરકારની નેમ છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)




10 કવર સ્ટોરી

**સ્વ. અટલજીના જન્મદિન-સુશાસન દિને રાજ્યના ખેડૂતોને રૂ.૧૧૨૦ કરોડની સહાય**

મુખ્યમંત્રીશ્રીના હસ્તે ધરમપુરમાં “અટલ-સેવા-શટલ” આરોગ્યરથનો શુભારંભ

6 સંવાદ
મન કી બાત

15 જનસુખાકારી
ગુજરાતનાં નગરોની અભિનવ પહેલ ‘આત્મનિર્ભર નગરસેવા’

16 આયોજન
કોરોના વેક્સિનેશન માટે ગુજરાત સુસજ્જ

18 મોકળા મને
રાજ્યના સરપંચો સાથે સીધો સંવાદ કરતાં મુખ્યમંત્રીશ્રી

24 વિશેષ

25 નવતર
મહાનગરો અને નગરોમાં દીનદયાળ ક્લિનિક

36 સિદ્ધિ
ત્રણ વર્ષમાં ટી.પી./ડી.પી મંજૂરીની ત્રેવડી સદી પૂર્ણ

37 આસપાસ

42 સમાચાર વિશેષ

46 જળક્રાંતિ
વર્ષ 2022 સુધીમાં દરેક નાગરિકને પીવાનું શુદ્ધ પાણી મળશે

47 નિર્ણય





26 પ્રારંભ
રાજ્યની પ્રથમ એઇમ્સનું રાજકોટમાં ઈ-ખાતમુહૂર્ત


48 ગૌરવ
ઇ-ગુજકોપ એપ દેશમાં પ્રથમ ક્રમે
- દિલીપ ગજ્જર

સાફલ્યગાથા
49 જામનગરનું પાણીદાર ગામ રીનારી
- દિવ્યા ત્રિવેદી
50 વેસ્ટ પેપરના રિસાઇકલિંગથી બનાવી ઇકો ફ્રેન્ડલી પેન - રાજ લક્કડ

51 કોરોના વોરિયર્સ
૧૧૩ દિવસ બાદ કોરોનામુક્ત થતાં દેવેન્દ્રભાઈ - અમિતસિંહ ચૌહાણ

52 પોલિસી
ગ્રીન એનર્જી ક્ષેત્રે અગ્રેસર ગુજરાતઃ ગુજરાત સોલર પાવર પોલિસી-૨૦૨૧ જાહેર

58 નજરાણું
સાયન્સ સિટીમાં ગ્લોબલ રોબોટિક ગેલેરી તથા દેશનું સૌથી મોટું એક્વેરિયમ આકાર લેશે






28 ફ્લેશબેક - ૨૦૨૦
જનહિતલક્ષી વણથંભી વિકાસયાત્રા : એક ઝલક..





પ્રવાસન
54 કેવડિયાનું આરોગ્યવન સ્થાનિકો માટે બન્યું રોજગારીનો સ્રોત - બી.પી.દેસાઈ
56 કેવડિયાના યુવાનો પ્રાણીઓ અને પક્ષીઓના દિલોજાન દોસ્ત બની ગયા... - દર્શન ત્રિવેદી



## વિકાસની પ્રતિબદ્ધતા સાથે વર્ષ ૨૦૨૧નો પ્રારંભ...

નવા વર્ષના સૂર્યોદયનાં પ્રથમ કિરણો નવી આશાઓ લઇને આવ્યાં છે. વર્ષ 2020માં કોરોના મહામારીનો ગુજરાતે મક્કમ મુકાબલો કરીને જનજનના વિકાસની ગતિ જાળવી રાખી છે. નવા વર્ષની ઉષા નવી ચેતના, નવા ઉમંગ અને નવા ઉત્સાહ સાથે સૌ કોઇ ગુજરાતી બાંધવો વિકાસની પ્રતિબદ્ધતા સાથે આગળ વધવા સંકલ્પબદ્ધ છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની વર્તમાન સરકારે છેલ્લા એક વર્ષમાં સંકલ્પથી સિદ્ધિ માટે લીધેલાં બહુઆયામી નક્કર પગલાંનો જનજનને સાક્ષાત્કાર થયો છે. રાજ્યના નાગરિકોના આરોગ્ય સુખાકારી માટે રાજકોટમાં AIIMS આકાર લેશે, જે ગુજરાતને મેડિકલ હબ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ બની રહેશે.

કોરોના મહામારીના કારણે વીતેલું એક વર્ષ માત્ર ગુજરાત નહીં પરંતુ સમગ્ર જગત માટે અત્યંત કપરું રહ્યું. રાજ્ય સરકારે કોરોના સામેના જંગનો મક્કમતાથી મુકાબલો કર્યો છે. જેના પરિણામસ્વરૂપે રાજ્યમાં કોરોના સંક્રમણને કાબૂમાં રાખવામાં સફળતા મળી છે. રાજ્ય સરકારના પરિણામલક્ષી પગલાંના કારણે આજે ગુજરાતમાં રિકવરી રેટ ૯૫ ટકા જેટલો રહ્યો છે. આગામી સમયમાં રાજ્યવ્યાપી કોરોના રસીકરણને અભિયાન સ્વરૂપે ખૂણેખૂણે પહોંચાડવા રાજ્ય સરકાર કૃતનિશ્ચયી છે.

કોરોના કાળમાં રાજ્ય સરકારે નાગરિકોના આરોગ્યની સંભાળ તો લીધી અને સાથેસાથે વિકાસનાં કામો અવિરત ગતિશીલ રાખ્યાં. કોરોના સંક્રમણના સમયમાં જ્યારે સમગ્ર વિશ્વ થંભી ગયું હતું ત્યારે મુખ્યમંત્રીશ્રીના દીર્ઘદૃષ્ટિપૂર્ણ આયોજનથી ગુજરાતમાં 18 હજાર કરોડથી વધુના જનસુખાકારીના કાર્યો હાથ ધરાયાં હતાં. આ ઉપરાંત વલસાડના અંતરિયાળ એવા કપરાડા તાલુકાના આદિવાસી બાંધવોના આરોગ્યની દરકાર રાખવા રાજ્ય સરકારે 'અટલ સેવા શટલ'નો પ્રારંભ કર્યો છે. આ સેવાથી આદિવાસી બાંધવોને ઘરઆંગણે આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ બનવાની શરૂ થઇ છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના સરપંચો અને પશુપાલકો સાથે 'મોકળા મને' વાત કરી. તેમણે સરપંચોને 'મારું ગામ કોરોનામુક્ત ગામ'નો સંકલ્પ લેવડાવ્યો. પશુપાલકો સાથેના સંવાદમાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના પશુપાલકોને ગ્રામીણ અર્થતંત્રને ગતિમાન રાખવા માટેના મહત્ત્વપૂર્ણ ચાલકબળ ગણાવ્યા હતા. તાજેતરમાં ગુજરાત સોલાર પોલિસી 2021ને અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે. આગામી  સમયમાં ગુજરાત રિન્યુએબલ એનર્જીનું હબ બનવાની સાથોસાથ 'આત્મનિર્ભર ભારત'ના વડાપ્રધાનશ્રીના સ્વપ્નને પણ તે સાકાર કરશે. રાજ્યના તમામ જિલ્લાઓમાં સુશાસન દિવસની ઉજવણી જનસુખાકારીના કાર્યો સાથે દબદબાભેર કરવામાં આવી હતી.

મને આશા છે કે, આ અંકમાં આપવામાં આવેલી સાફલ્યગાથાઓ, રાજ્ય સરકારે લીધેલા જનહિતલક્ષી નીતિ વિષયક નિર્ણયો ઉપરાંત વિકાસલક્ષી રસપ્રદ માહિતી વાચક મિત્રોને ઉપયોગી બની રહેશે.

જય જય ગરવી ગુજરાત...

**- અશોક કાલરીયા**



# મન કી બાત



## લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યના અંશોની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ,

નમસ્કાર, આજે મન કી બાત એક પ્રકારે 2020ની છેલ્લી મન કી બાત છે. આગળની મન કી બાત 2021માં પ્રારંભ થશે. સાથીઓ, મારી સામે તમારા લખેલા ઘણા બધા પત્રો છે. MyGOV પર તમે જે વિચારો મોકલો છો, તે પણ મારી સામે છે. કેટલાય લોકોએ ફોન કરીને પોતાની વાત જણાવી છે. મોટાભાગના સંદેશાઓમાં વીતેલાં વર્ષોનો અનુભવ અને 2021 સાથે જોડાયેલા સંકલ્પો છે. કોલ્હાપુરથી અંજલિએ લખ્યું છે, કે નવા વર્ષે આપણે બીજાને શુભેચ્છા પાઠવીએ છીએ, શુભકામનાઓ આપીએ છીએ, તો આ વખતે આપણે એક નવું કામ કરીએ. કેમ ન આપણે આપણા દેશને શુભેચ્છા આપીએ, દેશને પણ શુભકામનાઓ આપીએ. અંજલિજી ખરેખર, ઘણો જ સારો વિચાર છે. આપણો દેશ 2021માં સફળતાઓના નવા શિખરો સર કરે, દુનિયામાં ભારતની ઓળખ વધુ સશક્ત થાય, તેની ઈચ્છાથી મોટું શું હોઈ શકે છે.

સાથીઓ, NamoApp પર અભિષેકજી એ એક મેસેજ પોસ્ટ કર્યો છે. તેમણે લખ્યું છે કે 2020 એ જે-જે દેખાડી દીધું, જે-જે શિખવાડી દીધું, તે ક્યારેય વિચાર્યું પણ નહોતું. કોરોના સાથે જોડાયેલી તમામ વાતો તેમણે લખી છે. આ પત્રોમાં, આ સંદેશાઓમાં. મને એક વાત જે કોમન દેખાઈ રહી છે, ખાસ જોવામાં આવી રહી છે, તે હું આજે આપની સાથે શેર કરવા માંગીશ. મોટાભાગના પત્રોમાં લોકોએ દેશના સામર્થ્ય, દેશવાસીઓની સામૂહિક શક્તિની ભરપૂર પ્રશંસા કરી છે. જ્યારે જનતા કર્ફ્યૂ જેવો અભિનવ પ્રયોગ, આખા વિશ્વ માટે પ્રેરણા બન્યો, જ્યારે તાળી-થાળી વગાડીને દેશે આપણા કોરોના વૉરિયર્સનું સન્માન કર્યું હતું, એકતા દેખાડી હતી, તેને પણ કેટલાય લોકોએ યાદ કર્યું છે.

સાથીઓ, દેશના સામાન્યમાં સામાન્ય માનવીએ આ બદલાવને અનુભવ્યો છે. મેં દેશમાં આશાનો એક અદ્ભુત પ્રવાહ પણ જોયો છે. પડકારો ઘણા આવ્યાં. સંકટ પણ અનેક આવ્યા. કોરોનાને કારણે દુનિયામાં સપ્લાઇ ચેઇનને લઈને પણ અનેક મુશ્કેલીઓ આવી, પરંતુ આપણે દરેક સંકટમાંથી નવી શીખ લીધી. દેશમાં નવું સામર્થ્ય પેદા થયું. જો શબ્દોમાં કહેવું હોય તો આ સામર્થ્યનું નામ છે, આત્મનિર્ભરતા.

સાથીઓ, દિલ્હીમાં રહેતા અભિનવ બેનર્જીએ પોતાનો જે અનુભવ મને લખીને મોકલ્યો છે તે પણ ઘણો રસપ્રદ છે. અભિનવજીને તેમના સગામાં બાળકોને ગીફ્ટ આપવા માટે કેટલાંક રમકડાં ખરીદવા હતા, તેથી તેઓ દિલ્હીની ઝંડેવાલા માર્કેટ ગયા હતા. તમારામાંથી ઘણા લોકો જાણતા જ હશે, આ

માર્કેટ દિલ્હીમાં સાઈકલ અને રમકડાં માટે જાણીતી છે. પહેલાં ત્યાં મોંઘાં રમકડાંનો મતલબ પણ imported રમકડાં થતો હતો અને સસ્તા રમકડાં પણ બહારથી આવતાં હતાં. પરંતુ અભિનવજીએ પત્રમાં લખ્યું છે કે, હવે ત્યાંના કેટલાય દુકાનદાર ગ્રાહકોને એમ કહી-કહીને રમકડાં વેચી રહ્યા છે કે સારું રમકડું છે, કારણ કે તે ભારતમાં બનેલું છે, 'Made in India' છે. ગ્રાહકો પણ ભારતમાં બનેલાં રમકડાંની જ માગ કરી રહ્યા છે. આ જ તો છે, આ એક વિચારમાં કેટલું મોટું પરિવર્તન - આ તો જીવતો-જાગતો પુરાવો છે. દેશવાસીઓના વિચારમાં કેટલું મોટું પરિવર્તન આવી રહ્યું છે અને તે પણ એક વર્ષની અંદર-અંદર. આ પરિવર્તનને આંકવું સરળ નથી. અર્થશાસ્ત્રી પણ તેને પોતાની રીતે માપી શકતા નથી.

સાથીઓ, મને વિશાખાપટ્ટનમથી વેંકટ મુરલીપ્રસાદજીએ જે લખ્યું છે, તેમાં પણ એક અલગ જ પ્રકારનો આઈડિયા છે. વેંકટજીએ લખ્યું છે, હું આપને બે હજાર એકવીસ માટે, મારું ABC attach કરી રહ્યો છું. મને કંઈ સમજણ ન પડી, કે આખરે ABC થી એમનો મતલબ શું છે. ત્યારે મેં જોયું કે વેંકટજીએ પત્રની સાથે એક ચાર્ટ પણ અટેચ કરી રાખ્યો હતો. મેં એ ચાર્ટ જોયો અને પછી સમજ્યો કે ABC નો તેમનો મતલબ છે - આત્મનિર્ભર ભારત ચાર્ટ, ABC. તે ઘણું જ રસપ્રદ છે. વેંકટજીએ એ બધી વસ્તુનું આખું લીસ્ટ બનાવ્યું છે, જેનો તેઓ દરરોજ વપરાશ કરે છે. તેમાં ઈલેક્ટ્રોનિક્સ, સ્ટેશનરી આ ઉપરાંત અન્ય પણ ઘણું બધું સામેલ છે. વેંકટજીએ કહ્યું કે આપણે જાણતાં-અજાણતાં, એ વિદેશી પ્રોડક્ટ્સનો વપરાશ કરી રહ્યા છીએ, જેના વિકલ્પો ભારતમાં સરળતાથી ઉપલબ્ધ છે. હવે તેમણે સોગંદ ખાધા છે કે હું એ જ પ્રોડક્ટનો વપરાશ કરીશ, જેમાં આપણા દેશવાસીઓની મહેનત અને પરસેવો લાગ્યો હોય.

સાથીઓ, આપણે એ ભાવનાને જાળવી રાખવાની છે, બચાવીને રાખવાની છે અને વધારતાં રહેવાની છે. મેં પહેલાં પણ કહ્યું છે, અને ફરીથી હું દેશવાસીઓને આગ્રહ કરું છું. તમે પણ એક યાદી બનાવો. દિવસભર આપણે જે ચીજવસ્તુઓ કામમાં લઈએ છીએ, તે બધી ચીજોનું વિશ્લેષણ કરી અને એ જુઓ કે જાણતાં-અજાણતાં કઈ વિદેશમાં બનેલી ચીજોએ આપણા જીવનમાં પ્રવેશ કરી લીધો છે. એક પ્રકારે, આપણને બંદી બનાવી લીધા છે. તેના ભારતમાં બનેલાં વિકલ્પો વિશે જાણો, અને તે પણ નક્કી કરો કે હવેથી ભારતમાં બનેલાં, ભારતના લોકોની મહેનત અને પરસેવાથી બનેલા ઉત્પાદનોનો આપણે ઉપયોગ કરીશું. તમે દર વર્ષે નવા વર્ષના સંકલ્પો લ્યો છો, આ વખતે એક સંકલ્પ પોતાના દેશ માટે પણ જરૂર લેવાનું છે.

મારા પ્રિય દેશવાસીઓ, આપણા દેશમાં અત્યાચારીઓથી દેશની હજારો વર્ષ જૂની સંસ્કૃતિ, સભ્યતા, આપણા રીત-રિવાજને બચાવવા માટે, કેટલા મોટા બલિદાનો આપવામાં આવ્યાં છે, આજે તેને યાદ કરવાનો દિવસ પણ છે. આજના જ દિવસે ગુરુ ગોવિંદજીના પુત્રો, સાહેબજાદા જોરાવરસિંહ અને ફતેહસિંહને દીવાલમાં જીવતા ચણી દેવામાં આવ્યા હતા. અત્યાચારીઓ ઈચ્છતા હતા કે સાહેબજાદાઓ પોતાની આસ્થા છોડી દે, મહાન ગુરુ પરંપરાની શીખ છોડી દે. પરંતુ આપણા સાહેબજાદાઓએ આટલી ઓછી ઉંમરમાં પણ ગજબનું સાહસ દેખાડ્યું, ઈચ્છાશક્તિ દેખાડી. દીવાલમાં ચણી દેવામાં આવ્યા તે વખતે, પત્થરો લાગતા રહ્યા, દીવાલ ઊંચી થઈ રહી, મોત સામે દેખાઈ રહ્યું હતું, પરંતુ તેમ છતાં તેઓ ટસના મસ ના થયા. આજના જ દિવસે ગુરુ ગોવિંદ સિંહજીની માતાજી - માતા ગુજરીજીએ પણ શહીદી વહોરી હતી.

> **"ભારતમાં બનેલા વિકલ્પો વિશે જાણો અને તે પણ નક્કી કરો કે હવેથી ભારતમાં બનેલાં, ભારતના લોકોની મહેનત અને પરસેવાથી બનેલાં ઉત્પાદનોનો આપણે ઉપયોગ કરીશું."**

લગભગ એક સપ્તાહ પહેલાં, શ્રી ગુરુ તેગ બહાદુરજીની પણ શહીદીનો દિવસ હતો. મને અહીં દિલ્હીમાં ગુરુદ્વારા રકાબગંજ જઈને, ગુરુ તેગ બહાદુરજીને શ્રદ્ધાસુમન અર્પિત કરવાનો, માથું નમાવવાનો મોકો પ્રાપ્ત થયો. લોકો શ્રી ગુરુ ગોવિંદ સિંહજીના પરિવાર દ્વારા આપવામાં આવેલી શહીદીને મોટી ભાવનાપૂર્ણ અવસ્થામાં યાદ કરે છે. આ શહિદીએ સંપૂર્ણ માનવતાને, દેશને, નવી શીખ આપી છે. આ શહીદીએ, આપણી સભ્યતાને સુરક્ષિત રાખવાનું મહાન કાર્ય કર્યું છે. આપણે બધા આ શહીદીના ઋણી છીએ. ફરી એકવાર હું શ્રી ગુરુ તેગ બહાદુરજી, માતા ગુજરીજી, ગુરુ ગોવિંદ સિંહજી અને ચારેય સાહેબજાદોની શહીદીને નમન કરું છું. આવી જ રીતે અનેક શહીદીઓએ ભારતના આજના સ્વરૂપને બચાવીને રાખ્યું છે, બનાવીને રાખ્યું છે.

મારા પ્રિય દેશવાસીઓ, હવે હું એવી વાત કહેવા જઈ રહ્યો છું, જેનાથી આપને આનંદ પણ થશે અને ગર્વ પણ થશે. ભારતમાં દીપડાની સંખ્યામાં 2014થી 2018 વચ્ચે 60 ટકાથી વધુનો વધારો થયો છે. 2014માં દેશમાં દીપડાની સંખ્યા લગભગ 7900 હતી, તો 2019માં તેમની સંખ્યા વધીને 12,852 થઈ ગઈ છે. આ એ જ દીપડા છે જેના વિશે જીમ કોરબેટે કહ્યું હતું, જે લોકોએ દીપડાને પ્રકૃતિમાં સ્વચ્છંદતાથી

ફરતા નથી જોયા, તેઓ તેની સુંદરતાની કલ્પના નથી કરી શકતા. તેના રંગોની સુંદરતા અને તેની ચાલની મોહકતાનો અંદાજ નહીં લગાવી શકો. આપને એ વાતની પણ જાણકારી હશે કે ગત કેટલાંક વર્ષોમાં, ભારતમાં સિંહની વસતી પણ વધી છે, વાઘની સંખ્યામાં પણ વૃદ્ધિ થઈ છે, સાથે જ ભારતીય વનક્ષેત્રમાં પણ વધારો થયો છે. તેનું કારણ એ છે કે સરકારે જ નહીં પરંતુ ઘણાં લોકો, કેટલીયે સંસ્થાઓ પણ આપણા છોડ-ઝાડ અને વન્યજીવોના સંરક્ષણમાં જોડાયેલી છે. તે બધાં શુભેચ્છાને પાત્ર છે.

મારા પ્રિય દેશવાસીઓ, હવે જે પત્ર મારી સામે છે, તેમાં બે મોટા ફોટો છે. આ ફોટો એક મંદિરનો છે. આ ફોટો સાથે જે પત્ર છે, તેમાં યુવાનોની એક એવી ટીમ વિશે જણાવવામાં આવ્યું છે, જે પોતાને યુવા બ્રિગેડ કહે છે. વાસ્તવમાં આ યુવા બ્રિગેડે કર્ણાટકમાં, શ્રી રંગપટ્ટન પાસે આવેલા વીરભદ્ર સ્વામી નામના એક પ્રાચીન શિવમંદિરની કાયાકલ્પ કરી નાખી. મંદિરમાં ચારે તરફ ઘાસ અને ઝાંખરા ભરેલાં હતાં, એટલાં કે રસ્તે ચાલતા લોકો પણ કહી ન શકે કે અહીં એક મંદિર છે. એક દિવસ કેટલાક પર્યટકોએ આ ભુલાયેલા-વિસરાયેલા મંદિરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી દીધો. યુવા બ્રિગેડે જ્યારે આ વીડિયોને સોશિયલ મીડિયા પર જોયો, તો તેમનાથી રહેવાયું નહીં અને પછી આ ટીમે મળીને તેનો જીર્ણોદ્ધાર કરવાનો નિર્ણય કર્યો.

> **“ વાઘની સંખ્યામાં પણ વૃદ્ધિ થઈ છે, સાથે જ ભારતીય વનક્ષેત્રમાં પણ વધારો થયો છે. તેનું કારણ એ છે કે સરકારે જ નહીં પરંતુ ઘણાં લોકો, કેટલીયે સંસ્થાઓ પણ આપણા છોડ-ઝાડ અને વન્યજીવોના સંરક્ષણમાં જોડાયેલી છે. તે બધાં શુભેચ્છાને પાત્ર છે. ”**

જ્યારે હું ભારતના યુવાનોને જોઉં છું તો પોતાને આનંદિત અને આશ્વસ્ત અનુભવું છું. આનંદિત અને આશ્વસ્ત એટલે કે મારા દેશના યુવાનોમાં ‘Can Do’નો Approach છે અને ‘Will Do’નો Spirit છે. તેમના માટે કોઈપણ પડકાર મોટો નથી. કંઈપણ તેમની પહોંચથી દૂર નથી. મેં તમિલનાડુના એક ટીચર વિશે વાંચ્યું. તેમનું નામ હેમલતા એન.કે છે, જે વિડુપુરમની એક શાળામાં દુનિયાની સૌથી જૂની ભાષા તમિલ ભણાવે છે. કોવિડ-19નો રોગચાળો પણ તેમના અધ્યાપન કાર્યમાં આડો ન આવી શક્યો. હા, તેમની સામે પડકાર જરૂર હતો, પરંતુ તેમણે એક નવો રસ્તો કાઢ્યો. તેમણે કોર્સના બધાં 53 ચેપ્ટર્સને રેકોર્ડ કર્યાં, એનિમેટેડ વીડિયો તૈયાર કર્યા અને તેને એક પેન ડ્રાઈવમાં લઈને પોતાના વિદ્યાર્થીઓને વહેંચી દીધા. તેનાથી તેમના વિદ્યાર્થીઓને ઘણી જ મદદ મળી, તેઓ ચેપ્ટર્સને પણ સમજી શક્યા. સાથે જ તેઓ પોતાના વિદ્યાર્થીઓ સાથે ટેલિફોન પર પણ વાત કરતા રહ્યા. તેનાથી વિદ્યાર્થીઓ માટે ભણવાનું ઘણું જ રોચક થઈ ગયું. દેશભરમાં કોરોનાના આ સમયમાં ટીચર્સે જે નવી રીતો અપનાવી છે, તે ઓનલાઈન ભણતરના આ સમયમાં અમૂલ્ય છે. મારો બધા ટીચર્સને આગ્રહ છે કે તેઓ આ કોર્સ મટીરિયલને શિક્ષણ મંત્રાલયના દીક્ષા પોર્ટલ પર જઈને જરૂર અપલોડ કરે. તેનાથી દેશના દૂર-દૂરના વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ઘણો જ લાભ થશે.

સાથીઓ, આવો હવે વાત કરીએ ઝારખંડની કોરવા જનજાતિના હીરામનજીની. હીરામનજી ગઢવા જિલ્લાના સિંજો ગામમાં રહે છે. આપને એ જાણીને આશ્ચર્ય થશે કે કોરવા જનજાતિની વસતી માત્ર ૬૦૦૦ છે, જે શહેરોથી દૂર પહાડો અને જંગલોમાં વસવાટ કરે છે. પોતાના સમુદાયની સંસ્કૃતિ અને ઓળખને બચાવવા માટે હીરામનજીએ એક બીડું ઝડપ્યું છે. તેમણે 12 વર્ષના અથાગ પરિશ્રમ બાદ વિલુપ્ત થતી, કોરવા ભાષાનો શબ્દકોષ તૈયાર કર્યો છે. તેમણે આ શબ્દકોષમાં ઘર-ગૃહસ્થીમાં પ્રયોગ થનારા શબ્દોથી લઈને દૈનિક જીવનમાં વપરાતા કોરવા ભાષાના અઢળક શબ્દોને અર્થ સાથે લખ્યા છે. કોરવા સમુદાય માટે હીરામનજીએ જે કરીને દેખાડ્યું છે, તે દેશ માટે એક ઉદાહરણ છે.

મારા પ્રિય દેશવાસીઓ, એવું કહેવાય છે કે અકબરના દરબારમાં એક પ્રમુખ સભ્ય - અબુલ ફઝલ હતા. તેમણે એકવાર કાશ્મીરની યાત્રા બાદ કહ્યું હતું કે કાશ્મીરમાં એક એવી જગ્યા છે જેને જોઈને ચીડિયા અને ગુસ્સાવાળા લોકો પણ ખુશીથી ઝૂમી ઊઠશે. વાસ્તવમાં તેઓ કાશ્મીરમાં કેસરનાં ખેતરોનો ઉલ્લેખ કરી રહ્યા હતા. કેસર સદીઓથી કાશ્મીર સાથે જોડાયેલું છે. કાશ્મીરી કેસર મુખ્યરૂપથી પુલવામાં, બડગામ અને કિશતવાડ જેવી જગ્યાઓ પર ઉગાડવામાં આવે છે. આ વર્ષે મે મહિનામાં કાશ્મીરી કેસરને Geographical Indication Tag એટલે કે GI Tag આપવામાં આવ્યું. તેના થકી આપણે કાશ્મીરી કેસરને એક Globally Popular Brand બનાવવા માગીએ છીએ. કાશ્મીરી કેસર વૈશ્વિક સ્તર પર એક એવા મસાલાના રૂપમાં પ્રસિદ્ધ છે જેના કેટલાય પ્રકારના ઔષધીય ગુણો છે. આપને એ જાણીને ખુશી થશે કે કાશ્મીરી કેસરને GI Tagનું સર્ટિફિકેટ મળ્યા બાદ દુબઈના એક સુપર માર્કેટમાં તેને લોન્ચ કરવામાં આવ્યું. હવે તેની નિકાસ વધવા લાગશે. હવેથી જ્યારે આપ કેસરને ખરીદવાનું મન કરો, તો કાશ્મીરનું જ કેસર ખરીદવાનું

વિચારજો. કાશ્મીરના લોકોની મહેનત એવી છે કે ત્યાંના કેસરનો સ્વાદ જ અલગ હોય છે.

મારા પ્રિય દેશવાસીઓ હમણાં બે દિવસ પહેલાં જ ગીતા જયંતી હતી. ગીતા, આપણને આપણા જીવનમાં દરેક સંદર્ભે પ્રેરણા આપે છે. પરંતુ શું તમે કદી વિચાર્યું છે, ગીતા આટલો અદ્ભુત ગ્રંથ કેમ છે? તે એટલા માટે કે તે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણની જ વાણી છે. પરંતુ ગીતાની વિશિષ્ટતા એ પણ છે કે તે જાણવાની જિજ્ઞાસાથી શરૂ થાય છે. પ્રશ્નથી શરૂ થાય છે. અર્જુને ભગવાને પ્રશ્ન કર્યો, જિજ્ઞાસા કરી, ત્યારે જ તો ગીતાનું જ્ઞાન સંસારને મળ્યું. ગીતાની જ જેમ, આપણી સંસ્કૃતિમાં જેટલું પણ જ્ઞાન છે, બધું જિજ્ઞાસાથી જ શરૂ થાય છે. વેદાંતનો તો પહેલો મંત્ર જ છે, - 'अथातो ब्रह्म जिज्ञासा' એટલે કે આવો આપણે બ્રહ્મની જિજ્ઞાસા કરીએ. તેથી જ તો આપણે ત્યાં બ્રહ્મના પણ સંશોધનની વાત કહેવામાં આવે છે. જિજ્ઞાસાની તાકાત જ એવી છે. જિજ્ઞાસા તમને સતત કંઈક નવા માટે પ્રેરિત કરે છે.

જ્યાં સુધી જિજ્ઞાસા છે, ત્યાં સુધી જીવન છે. જ્યાં સુધી જિજ્ઞાસા છે ત્યાં સુધી નવું શીખવાનો ક્રમ ચાલુ જ છે. તેમાં કોઈ ઉંમર, કોઈ પરિસ્થિતિ મહત્ત્વ નથી ધરાવતી. જિજ્ઞાસાની એવી જ ઊર્જાનું એક ઉદાહરણ- મને ખબર પડી તમિલનાડુના વડીલ શ્રી ટી શ્રીનિવાસાચાર્ય સ્વામીજી વિશે. શ્રી ટી શ્રીનિવાસાચાર્ય સ્વામી જી 92 વર્ષના છે. તેઓ આ ઉંમરે પણ કોમ્પ્યૂટર પર પોતાનું પુસ્તક લખી રહ્યા છે, તે પણ જાતે ટાઈપ કરીને. તમે વિચારતા હશો કે પુસ્તક લખવાનું તો ઠીક છે, પરંતુ શ્રીનિવાસાચાર્યજીના સમયે તો કોમ્પ્યૂટર હશે જ નહીં. તો પછી તેમણે કોમ્પ્યૂટર ક્યારે શીખ્યું.? એ વાત સાચી છે કે તેમના કોલેજના સમયમાં કોમ્પ્યૂટર નહોતું. પરંતુ તેમના મનમાં જિજ્ઞાસા અને આત્મવિશ્વાસ અત્યારે પણ એટલો જ છે જેટલો તેમની યુવાવસ્થામાં હતો. વાસ્તવમાં શ્રીનિવાસાચાર્ય સ્વામીજી સંસ્કૃત અને તમીલના વિદ્વાન છે. તેઓ અત્યારસુધી 16 આધ્યાત્મિક ગ્રંથ પણ લખી ચૂક્યા છે. પરંતુ કોમ્પ્યૂટર આવ્યા બાદ, તેમને જ્યારે લાગ્યું કે હવે તો પુસ્તક લખવા અને પ્રિન્ટ થવાની રીત બદલાઈ ગઈ છે, તો તેઓએ 86 વર્ષની ઉંમરે કોમ્પ્યૂટર શીખ્યું, પોતાના માટે જરૂરી સોફ્ટવેર શીખ્યા. હવે તેઓ તેમનું આખું પુસ્તક કરે છે.

સાથીઓ, શ્રી ટી શ્રીનિવાસાચાર્ય સ્વામીજીનું જીવન એ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ છે, કે જીવન ત્યાં સુધી ઊર્જાથી ભરેલું રહે છે, જ્યાં સુધી જીવનમાં જિજ્ઞાસા નથી મરતી, શીખવાની ઈચ્છા નથી મરતી. તેથી જ આપણે ક્યારેય એ ન વિચારવું જોઈએ કે આપણે પાછળ રહી ગયા, આપણે ચૂકી ગયા. કાશ...આપણે પણ આ શીખી લેતા. આપણે એ પણ ન વિચારવું જોઈએ કે આપણે નહીં શીખી શકીએ, અથવા આગળ નહીં વધી શકીએ.

મારા પ્રિય દેશવાસીઓ, હમણાં આપણે જિજ્ઞાસાથી, કંઈક નવું શીખવાની અને કરવાની વાત કરી રહ્યા હતા. નવા વર્ષે, નવા સંકલ્પોની વાત પણ કરી રહ્યા હતા. પરંતુ કેટલાક લોકો એવા પણ હોય છે, જે સતત કંઈકને કંઈક નવું કરી રહ્યા છે, નવા-નવા સંકલ્પોને સિદ્ધ કરતા રહે છે. આપે પણ આપના જીવનમાં અનુભવ્યું હશે કે, જ્યારે આપણે સમાજ માટે કંઈક કરીએ છીએ તો ઘણું બધું કરવાની ઊર્જા સમાજ પોતે જ આપણને આપે છે. સામાન્ય લાગતી પ્રેરણાઓથી બહુ મોટા કામ પણ થઈ જાય છે. એવા જ એક યુવાન છે શ્રીમાન પ્રદીપ સાંગવાન. ગુરુગ્રામના પ્રદીપ સાંગવાન ૨૦૧૬થી અભિયાન ચલાવી રહ્યા છે. તેઓ પોતાની ટીમ અને વૉલન્ટિયર્સ સાથે હિમાલયના અલગ-અલગ વિસ્તારોમાં જાય છે, અને જે પ્લાસ્ટિક કચરો ટૂરિસ્ટ ત્યાં છોડીને જાય છે, તે સાફ કરે છે. પ્રદીપજી અત્યારસુધી હિમાલયના અલગ અલગ ટૂરિસ્ટ લોકેશનમાંથી ટનબંધ પ્લાસ્ટિક સાફ કરી ચૂક્યા છે.

> **"જ્યાં સુધી જિજ્ઞાસા છે, ત્યાં સુધી જીવન છે. જ્યાં સુધી જિજ્ઞાસા છે ત્યાં સુધી નવું શીખવાનો ક્રમ ચાલુ જ છે. તેમાં કોઇ ઉંમર, કોઇ પરિસ્થિતિ મહત્ત્વ નથી ધરાવતી."**

સાથીઓ, આ પ્રયાસો વચ્ચે આપણે એ પણ વિચારવાનું છે કે કચરો આ બીચ પર, પહાડો પર, પહોંચે છે કેવી રીતે? આખરે આપણામાંથી જ કોઈ લોકો આ કચરો ત્યાં છોડીને આવે છે. આપણે પ્રદીપ અને અનુદીપ-મિનૂષાની જેમ સફાઈ અભિયાન ચલાવવું જોઈએ. પરંતુ તેની પહેલાં આપણે એ સંકલ્પ લેવો જોઈએ કે અમે કચરો ફેલાવશું નહીં. આમ પણ સ્વચ્છ ભારત અભિયાનનો પહેલો સંકલ્પ પણ તો આ જ છે. હા, વધુ એક વાત હું આપને યાદ અપાવવા માંગુ છું. કોરોનાને કારણે આ વર્ષે એટલી ચર્ચા થઈ નથી શકી. આપણે દેશને સિંગલ યુઝ પ્લાસ્ટિકથી મુક્ત કરવાનો જ છે. આ પણ ૨૦૨૧ના સંકલ્પોમાંનો એક છે. છેલ્લે હું આપને નવા વર્ષ માટે ઘણી ઘણી શુભેચ્છાઓ આપું છું. આપ પોતે સ્વસ્થ રહો, આપના પરિવારને સ્વસ્થ રાખો. આવનારા વર્ષે જાન્યુઆરીમાં નવા વિષયો પર મન કી બાત થશે...

ઘણી...ઘણી શુભેચ્છા.... ●

### સ્વ. અટલજીના જન્મદિન-સુશાસન દિને

# રાજ્યના ખેડૂતોને રૂ.૧૧૨૦ કરોડની સહાય

અન્નદાતા ખેડૂતો દેશની અર્થવ્યવસ્થાનો આધારસ્તંભ છે. શિયાળો, ઉનાળો કે ચોમાસાની ઋતુમાં તનતોડ મહેનત કરી દેશના કોઠારો ભરવાનું કાર્ય ખેડૂતો કરે છે. દેશના ખેડૂતો સમૃદ્ધ બને, સશક્ત બને તે હેતુથી ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવાનો નિર્ધાર કર્યો છે. વડાપ્રધાનશ્રીના આ લક્ષ્યાંકને સાકાર કરવા ગુજરાત દેશભરમાં મોડેલ સ્ટેટ તરીકે કાર્ય કરી રહ્યું છે. રાજ્યના ખેડૂતોની મહેનત સાથે સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની કિસાનહિતલક્ષી નીતિના પરિણામે ગુજરાતે આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

રાજ્ય સરકારે ખેડૂતોને સિંચાઈ, વીજળી, ઝીરો ટકા દરે ધિરાણ જેવી સવલતો આપી છે. જેના કારણે રાજ્યના ખેડૂતોએ વિકાસની હરણફાળ ભરી છે. વર્ષ ૨૦૦૦-૦૧માં રાજ્યમાં કુલ વાવેતર વિસ્તાર ૧૦૪.૯૪ લાખ હેક્ટરથી વધીને આજે ૧૨૫ લાખ હેક્ટર કરતાં પણ વધુ થયો છે. રાજ્યમાં મગફળી, મગ, અડદ, તુવેર, ડાંગર, સહિતના પાકોની ટેકાના ભાવે ખરીદી કરાઈ છે. ગુજરાતનો





કૃષિ વિકાસ દર ડબલ ડિજિટમાં થયો છે. સમગ્ર દેશમાં ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં કૃષિ અને ઉદ્યોગનો વિકાસદર એકસમાન છે. ટપક-ફુવારા સિંચાઈ, નવાં કૃષિ સંશોધનોની માહિતી સત્વરે ખેડૂતો સુધી પહોંચાડવા રાજ્ય સરકાર હંમેશાં અગ્રેસર રહી છે.

ભારતની કૃષિ વ્યવસ્થા વરસાદ આધારિત છે. જેના કારણે ખેડૂતોએ પાક ઉત્પાદન માટે વરસાદ ઉપર જ આધાર રાખવો પડે છે. ગુજરાતમાં આજે ચેકડેમ, તળાવના નિર્માણ, જળસંચય યોજનાના પરિણામે વરસાદી પાણીનો સંગ્રહ થયો છે. સાથે સુજલામ સુફલામ યોજના, સૌની યોજના, સરદાર સરોવરના કારણે રાજ્યની લાખો એકર જમીનને સિંચાઈની સગવડ પ્રાપ્ત થઈ છે. રાજ્યના ઉદ્યમી ખેડૂતોની મહેનત અને સિંચાઈ, વીજળીની સગવડના કારણે ગુજરાતે કપાસ, જીરુ, એરંડા, ઇસબગૂલ જેવા અનેક ખેત પેદાશોના ઉત્પાદનમાં મોખરાનું પ્રાપ્ત કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારના હૈયે હરહંમેશ ખેડૂતોનું હિત રહેલું છે. ખેડૂતોના સુખે સુખી અને ખેડૂતોના દુઃખે દુઃખી ગુજરાત સરકારે ધરતીપુત્રો માટે પાકોની વાવણીથી લઈને વેચાણ સુધીની વ્યવસ્થા કરી છે. ઉત્તમ પ્રકારનાં બિયારણો, ખાતરોનો પૂરતો સ્ટોક, ખેડૂતો માટે માર્ગદર્શન સુવિધા, ખેતઓજારોની ખરીદીમાં સહાય, પાકસંગ્રહ માટેનાં ગોડાઉન બનાવવા સહાય, ટેકાના ભાવે પાકોની ખરીદીની સુંદર વ્યવસ્થાનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારે આટલેથી અટકવાનું નામ ન લેતાં, ખેડૂતોને વધુ મદદ કરવાના હેતુથી તાજેતરમાં 'સાત પગલાં ખેડૂત કલ્યાણનાં' યોજનાનો પ્રારંભ કર્યો છે.

સુશાસનના પ્રણેતા પૂર્વ વડાપ્રધાન ભારતરત્ન શ્રી અટલ બિહારી વાજપેયીને જન્મદિન 25 ડિસેમ્બરના રોજ દેશભરમાં સુશાસન દિન તરીકે ઉજવાયો. જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાનના ઉદઘોષક અટલજીનો જન્મદિન ગુજરાતના ૫૨.૬૭ લાખ ખેડૂતો માટે કરોડોની ભેટ લઈ આવ્યો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરથી સુશાસન દિવસે રાજયકક્ષાના કૃષિ કલ્યાણ કાર્યક્રમમાંથી રાજયભરનાં ૨૪૮ તાલુકા સ્થળોએ ઉપસ્થિત કિસાન શક્તિને સેટકોમ - માધ્યમથી સંબોધન કરી એક જ દિવસમાં સમગ્રતયા રૂ. ૧૧૨૦.૭૨ કરોડનાં સહાય-સાધન અર્પણ કર્યાં હતાં.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પૂર્વ વડાપ્રધાન શ્રી સ્વ. અટલ બિહારી વાજપેયીના જન્મદિવસ સુશાસન દિવસે રાજયવ્યાપી કિસાન કલ્યાણ કાર્યક્રમોનો પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, કિસાનને જગતનો તાત સાચા અર્થમાં બનાવવા બે દાયકામાં ગુજરાત સરકારે ખેતી સમૃદ્ધિથી ગ્રામ-શહેર-રાજય અને રાષ્ટ્ર સમૃદ્ધિની નવી દિશા દર્શાવી છે.

સુશાસન દિવસના ઉપલક્ષમાં યોજાયેલા સમારોહમાં 'સાત પગલાં ખેડૂત કલ્યાણનાં' અન્વયે મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના, કિસાન પરિવહન યોજના, પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને ગાય નિભાવ ખર્ચ સહાય, જિવામૃત બનાવવા કીટ સહાય, નાના-છૂટક વેપારીઓના માલનો બગાડ અટકાવવા છત્રી વિતરણ, સ્માર્ટ હેન્ડ ટૂલ કિટ્સ, તારની વાડ યોજનાની સબસિડી અને સર્વગ્રાહી કૃષિ વ્યવસાયલક્ષી સહાય પ્રતિકરૂપે લાભાર્થીઓને અર્પણ કરી હતી. તેમજ ૧૦ ગામ દીઠ એક ફરતાં પશુ દવાખાનાની યોજના અન્વયે ૫૧ મોબાઇલ ડિસ્પેન્સરી વાન અને કિસાન પરિવહન યોજનામાં ૫૧ નાની ગુડઝ કેરેજ વાનને મુખ્યમંત્રીશ્રીએ પ્રસ્થાન કરાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ૨૦૧૪થી ધરતીપુત્રો, વંચિતો, પીડિતો, શોષિતોને પોતીકી સરકારની અનુભૂતિ થાય તેવા સર્વગ્રાહી કલ્યાણ કાર્યો સરકારે ઉપાડ્યાં છે. ગુજરાત સરકારે બે - અઢી દાયકાથી કૃષિ ક્રાંતિની આગવી કેડી કંડારી છે. કૃષિ આધારિત નીતિઓ બનાવીને કિસાન કલ્યાણનો યજ્ઞ આદર્યો છે.

ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને પ્રયાસોથી નર્મદા યોજના સાકાર થવાથી છેક કચ્છ, ઉત્તર ગુજરાતમાં અને સૌરાષ્ટ્રના દૂર સુધીનાં ગામોમાં ખેતી, સિંચાઇ, પીવાનું પાણી પહોચ્યું છે.

ગુજરાત સરકારે ઉત્તર ગુજરાતમાં સુજલામ્- સુફલામ્ યોજના, સૌરાષ્ટ્રમાં સૌની યોજનાથી ૧૧૫ જળાશયો નર્મદા જળથી ભરવાનું અભિયાન આદર્યું છે. ૭૦૦ કિ.મિ. સુધી નર્મદાનાં નીર પહોંચાડી નેવાનાં પાણી મોભે ચઢાવ્યાં છે.

રાજયના ખેડૂતને પૂરતું પાણી, બિયારણ, ખાતર અને વીજળી

આપીને જગત આખાની ભૂખ ભાંગવા સક્ષમ બનાવ્યો છે તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ખેડૂતોને રાત્રે ખેતરમાં પાણી વાળવા જવું ન પડે તે માટે કિસાન સૂર્યોદય યોજના શરૂ કરી છે. તેમણે કહ્યું કે, કિસાન સૂર્યોદય યોજનામાં ૧૦૫૫ ગામોમાં ખેડૂતોને અત્યારે દિવસે વીજળી આપીએ છીએ. આગામી ૩ વર્ષમાં બધાં જ ગામોને આવરી લેવાનો લક્ષ્ય છે. કિસાન દિવસે કામ, રાત્રે વિશ્રામ કરે તેવી સ્થિતિ આપણે ઊભી કરવી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના ઈતિહાસમાં આવા ક્રાંતિકારી કૃષિ સુધારા શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યા છે. ગુજરાતમાં આ સરકારે ૧૫ હજાર કરોડથી વધુની MSP ખરીદી કરી છે. એટલું જ નહીં, માવઠાં, વાવાઝોડાં, કમોસમી વરસાદની સ્થિતિમાં કિસાનની ઉપજના નુકસાન સામે ૩,૭૦૦ કરોડનું પેકેજ આપ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગરીબ ખેડૂતોને પાક વીમાના પ્રીમિયમ ન ભરવા પડે તે માટે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના શરૂ કરી બધું જ પ્રીમિયમ સરકાર આપે છે. વડાપ્રધાન કિસાન સન્માન નિધિ અન્વયે દરેક ખેડૂત પરિવારના ખાતામાં રૂા. બે હજારની સીધી બેંક ખાતામાં સહાય અન્વયે સુશાસન દિવસે એક જ દિવસમાં ગુજરાતના ૫૧.૩૪ લાખ ખેડૂતોને ૧,૦૨૭ કરોડ વડાપ્રધાનશ્રીએ આપીને તેનો હર્ષ વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશભરના કિસાનોને નવી દિલ્હીથી કરેલા વીડિયો સંબોધનનું પ્રસારણ મહાત્મા મંદિરના મુખ્ય કાર્યક્રમ સહિત રાજયમાં ૨૪૮ સ્થળોએ ઉપસ્થિત સૌએ નિહાળ્યું હતું.

કૃષિ વિભાગના અગ્ર સચિવ શ્રી મનીષ ભારદ્વાજે જણાવ્યું હતું કે, કૃષિક્ષેત્રે ગુજરાત સતત અગ્રેસર રહ્યું છે, ત્યારે આ વર્ષથી રાજયનો કૃષિ વિકાસ આગવી ભૂમિકા અદા કરશે. રાજયના ૨૪૮ તાલુકાઓમાં સેટ કોમના માધ્યમથી કિસાન કલ્યાણ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે એ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ અને મંત્રીમંડળના સૌ સભ્યોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, ખેડૂતોને પાક ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળે તે માટે છેલ્લાં ચાર વર્ષમાં ૧૫, ૯૦૦ મેટ્રિક ટન જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરી છે, સાથે સાથે સતત વીજ પુરવઠો, પાણી, સિંચાઇ તથા બાગાયતી યોજનાના લાભો આપ્યા છે.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબહેન પટેલ, કૃષિ - સહકાર સચિવ શ્રી નલીન ઉપાધ્યાય, કૃષિ નિયામક શ્રી ભરત મોદી, પશુપાલન નિયામક શ્રીમતી ફાલ્ગુનીબહેન, ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાન સહિત વરિષ્ઠ અધિકારીઓ અને લાભાર્થી ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં.

## સુશાસન દિવસે સુરેન્દ્રનગરમાં કિસાન કલ્યાણ કાર્યક્રમ

સુશાસન દિવસની ઉજવણી અંતર્ગત સુરેન્દ્રનગરના વઢવાણમાં કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુની અધ્યક્ષતામાં કિસાન કલ્યાણ કાર્યક્રમ યોજાયો હતો. કૃષિ મંત્રીશ્રીએ ગુજરાતના ખેડૂતો ચીલાચાલુ ખેતી છોડી પ્રાકૃતિક ખેતી તરફ વળે અને તેના થકી ગુજરાત પ્રાકૃતિક ખેતીની દિશામાં અગ્રેસર બને તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું. પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતોનો ઝોક વધે તેને ધ્યાને લઈ દેશી ગાય આધારિત ખેતી કરતાં ખેડૂતોને ગાયના નિભાવ ખર્ચ પેટે પ્રતિ માસ રૂપિયા ૯૦૦ની સહાય પણ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી રહી છે.



## મહેસાણામાં સુશાસન દિન ખેડૂતો માટે બન્યો ખુશીનો દિવસ

*પૂર્વ વડાપ્રધાન ભારતરત્ન સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીના જન્મદિવસ નિમિત્તે મહેસાણામાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં સુશાસન દિવસની ઉજવણી થઈ હતી. આ પ્રસંગે નાયબ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ખેડૂતોની આવક બમણી થાય તે દિશામાં રાજ્ય સરકારે કામ કર્યું છે. સાત પગલાં ખેડૂત કલ્યાણનાં યોજના થકી રાજ્યના ખેડૂતોને સીધો ફાયદો થયો છે. ખેડૂત અને ગામડું સુખી તો રાષ્ટ્ર સુખી,દેશના વિકાસનો પાયો ખેડૂત અને ગામડાં પર રહેલો છે. રાજ્ય સરકારે ગામડાઓને તમામ પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓથી સજ્જ કર્યાં છે. દેશના વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન "આત્મા ગામડોનો, સુવિધા શહેરની" આજે સાકાર થયું છે. ખેતી, પશુપાલન અને મૂલ્યવર્ધિત ખેતી થકી રાજ્યનો ખેડૂત સમૃદ્ધ અને આવક બમણી થઈ રહી છે. વાજપેયીજીના જન્મદિવસ પ્રસંગે દેશના વડાપ્રધાનશ્રી દ્વારા રાજ્યના ખેડૂતોના ખાતામાં રૂ.૨૦૦૦ વડાપ્રધાન કિસાન સન્માન નિધિ અન્વયે જમા કરી ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું છે. ખેડૂતોને સમૃદ્ધ બનાવવાની દિશામાં રાજયનું કૃષિક્ષેત્ર આધુનિક પદ્ધતિ અપનાવીને આગળ વધી રહ્યું છે. ખેડૂતો વિજ્ઞાનની સાથે સાથે નવાં સંશોધનો અપનાવીને આધુનિક ખેતી કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૨ માં ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યાંક સાથે આપણે આગળ વધી રહ્યા હોવાનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.*



ખેડૂતો પોતાનો ઉત્પાદિત થયેલ પાક સંગ્રહ કરી શકે તે હેતુથી ગોડાઉન બનાવવા માટે પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અમલી બનાવી છે, તેમજ ખેડૂતોના ઊભા પાકને રક્ષણ મળી રહે તેવા આશયથી ખેતર ફરતે કાંટાળી વાડ બનાવવાની યોજના પણ રાજ્ય સરકારે અમલી બનાવી હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કુટીર ઉદ્યોગના લાભાર્થીને ચેક, કિસાન પરિવહન યોજનાના લાભાર્થી ખેડૂતોને સહાય હુકમ અને બાગાયત વિભાગની યોજનાના લાભાર્થીઓને છત્રી તેમજ માનવકલ્યાણ યોજના અંતર્ગત લાભાર્થીને કિટનું વિતરણ કરાયું હતું ઉપરાંત મંત્રીશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ફરતાં પશુ દવાખાનાનું લોકાર્પણ પણ કરાયું હતું.

પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી અટલજીના જન્મદિન સુશાસન દિન પ્રસંગે રાજ્યભરમાં ૨૪૮ સ્થાનોએ રાજ્યના મંત્રીશ્રીઓ, બોર્ડ નિગમના ચેરમેનશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં કિસાન કલ્યાણ દિવસની ઉજવણી થઈ હતી. જેમાં અમદાવાદમાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સુરતમાં મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, મોરબીમાં ઉર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, ડાંગના આહવા ખાતે વન, આદિજાતિ વિકાસ અને મહિલા બાળ કલ્યાણમંત્રી શ્રી ગણપતસિંહ વસાવા, જામનગરના ધ્રોલમાં અન્ન અને નાગરિક પુરવઠા, ગ્રાહક સુરક્ષા મંત્રી શ્રી જયેશભાઈ રાદડિયાના, કચ્છના અંજારમાં શ્રમ અને રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર, નવસારીમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી શ્રી ઈશ્વરભાઇ પરમાર, ભાવનગરમાં પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા, ગીર સોમનાથમાં પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા, દાહોદના ગરબાડા ખાતે ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, પાટણમાં પ્રવાસન વિભાગના રાજ્ય મંત્રીશ્રી વાસણભાઈ આહીર, ભરૂચના વાલીયા ખાતે આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી, તાપી ખાતે નર્મદા,શહેરી ગૃહ નિર્માણ રાજ્ય મંત્રી શ્રી યોગેશભાઈ પટેલ, અમરેલી જિલ્લામાં અન્ન, નાગરિક પુરવઠા વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. ●

## રાજ્ય સરકારની પ્રેરણાથી રાસાયણિક ખેતીને છોડીને જૈવિક ખેતી તરફ આગળ વધવાનો રાહ મળ્યો છેઃ છગનભાઈ પટેલ



કિસાન કલ્યાણ કાર્યક્રમમાં કામરેજ તાલુકાના કોળીભરથાણા ગામના લાભાર્થી કૃષિમિત્ર શ્રી છગનભાઈ ગોપાલભાઈ પટેલને આત્મા યોજના અંતર્ગત જીવામૃત કિટની સહાય મળી છે. તેઓ જણાવે છે કે, રાજ્ય સરકારની પ્રેરણાથી રાસાયણિક ખેતીને છોડીને જૈવિક ખેતી તરફ આગળ વધવાનો રાહ મળ્યો છે.

છગનભાઈ પટેલે વધુમાં કહ્યું કે, હું છેલ્લાં ૩૦ વર્ષથી ખેતી સાથે સંકળાયેલો છું. શેરડી, ઘઉં, શાકભાજીનું વાવેતર કરું છું. 'સાત પગલાં ખેડૂત કલ્યાણના' યોજનામાં જીવામૃત કિટ મળતાં હવે પ્રાકૃતિક ખેતી તરફ વળીશ. રોકડિયા પાકમાં વપરાતા મોંઘા રાસાયણિક ખાતરને કારણે ઉપજની ગુણવત્તા પણ બગડે છે, અને ખેતી ખર્ચાળ બને છે. તેની સરખામણીએ જૈવિક ખેતીથી ઓછા રોકાણે વધુ ઉત્પાદન મળી રહે છે. દેશી ખાતર અને જીવામૃતના ઉપયોગથી ઉત્તમ કક્ષાનો ગુણવતાયુક્ત પાક અને બજારભાવ પણ સારા મળશે.

## સારી ગુણવત્તાની છત્રી મળવાથી ઉનાળાના તાપ અને ચોમાસાના વરસાદથી શાકભાજીનું રક્ષણ થશેઃ કાનજીભાઈ સુખડિયા




કામરેજના નનસાડ ગામના વતની કાનજીભાઈ ભીખાભાઈ સુખડિયાએ રાજ્ય સરકારની યોજનાનો લાભ લેતાં ઉમંગભેર કહ્યું કે, નનસાડ ગામમાં રોડ પર વર્ષ ૨૦૦૬થી શાકભાજી- ફળ વેચીને ઘરનું ગુજરાન ચલાવું છું. શાકભાજી -ફળને ઉગાડતાં અને વેચતાં અનેક મુશ્કેલી વેઠી છે. તાજાં શાકભાજી પર પડતા ઉનાળાના આકરા તાપથી શાકભાજી બગડી જવાથી નુકસાની વેઠવી પડતી હતી. સાથે ચોમાસામાં વરસાદના કારણે બેસવા માટે અને શાકભાજીના રક્ષણ માટે રાજ્ય સરકારની 'સાત પગલાં ખેડૂત કલ્યાણનાં' યોજનાના અંતર્ગત વિનામૂલ્યે છત્રી મળી છે, જે મને મારા દૈનિક વ્યાપારમાં ખૂબ ઉપયોગી બની રહેશે એમ ખુશી વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું હતું.

## મુખ્યમંત્રીશ્રીના હસ્તે
# ધરમપુરમાં "અટલ-સેવા-શટલ" આરોગ્યરથનો શુભારંભ





અટલ બિહારી વાજપેયીનો જન્મ દિવસ ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં ગુડ ગવર્નન્સ ડે તરીકે ઉજવવામાં આવે છે ત્યારે લોકોને આરોગ્ય, શિક્ષણ જેવી પ્રાથમિક જરૂરિયાતો ઉપલબ્ધ કરાવીને લોકોનું જીવન ધોરણ ઊંચું આવે તેવા પ્રયત્નો થાય તે જ સાચું ગુડ ગવર્નન્સ છે. શિક્ષણના માધ્યમથી લોકો શિક્ષિત બને અને આરોગ્ય દ્વારા લોકોના જીવનમાં બદલાવ આવે તે ખૂબ જરૂરી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગાંધીનગરથી જન-મન અભિયાન અંતર્ગત પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલજીના જન્મદિવસે વર્ચ્યુઅલ માધ્યમથી ધરમપુર ખાતે "અટલ-સેવા-શટલ" આરોગ્ય રથનો ઈ-શુભારંભ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, શ્રીમદ રાજચંદ્ર મિશને વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડાના છેવાડાના આદિવાસી વિસ્તારમાં આરોગ્ય, શિક્ષણ, સંસ્કૃતિની રક્ષા તેમજ શ્રીમદ રાજચંદ્રના સિદ્ધાંતો, સર્વ જીવોના કલ્યાણ માટેના પ્રયત્નો કર્યા છે તે ખૂબ જ સરાહનીય છે.ગામડાના અંતરિયાળ વિસ્તારમાં લોકોના આરોગ્યની સુવિધા આ અટલ-સેવા-શટલ દ્વારા સારી રીતે પહોંચાડી શકીશું. લોકોનું સ્થળ પર જ નિદાન થાય, દવા મળે અને લોકો નીરોગી બને તેમાં પણ ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં બહેનો અને બાળકો કુપોષણમાંથી બહાર આવી પોષણયુક્ત બને તેના ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

અટલજીના જીવનમાં હંમેશાં રાષ્ટ્રવાદની ભાવના પ્રથમ હતી. જેમાં ભારત પ્રથમ અને ભારતમાતા પરમ વૈભવના શિખરો સર કરે તે અટલજીની કલ્પના હતી. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ આત્મનિર્ભર ભારત અભિયાનને બળ આપીને ભારત જગતજનની બને તે દિશામાં આગળ વધી રહ્યા છે ત્યારે આવનારા દિવસોમાં અટલજીની કલ્પના મુજબ આ દેશની સંસ્કૃતિ, પરંપરા, વિરાસત અને ઈતિહાસ પુનઃઉજાગર થશે.

અટલજીએ એકાત્મ માનવદર્શન, સાંસ્કૃતિક ભારતની એકતા, અખંડિતતા અને રાજનીતિમાં પણ નૈતિક મૂલ્યો પ્રસ્થાપિત કર્યાં હતાં તે આપણા સૌ માટે ખૂબ પ્રેરણાદાયી નીવડ્યા છે, અટલજીની કવિતાઓ અને ભાષણો આજે પણ ગુંજે છે અને હજારો લોકોને સ્ફૂર્તિ, પ્રેરણા અને જીવનનો દિશાનિર્દેશ આપે છે. સ્વ. અટલ બિહારી વાજપેયીના જન્મદિવસ નિમિત્તે તેમને વંદન કરીને મુખ્યમંત્રીશ્રીએ શ્રદ્ધાંજલિ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જન-મન અભિયાનના ત્રીજા તબક્કામાં વલસાડ જિલ્લા વહીવટીતંત્ર અને શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુરના સંયુક્ત સહકારથી જન કલ્યાણના "અટલ-સેવા-શટલ" રથની શરૂઆત કરવામાં આવી છે. ●

### અટલ-સેવા-શટલ આરોગ્ય રથ વિશે

*"અટલ-સેવા- શટલ"ના મુખ્ય બે ભાગ રહેશે. જે પૈકી ભાગ-૧ માં વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકાના તમામ ગામોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની આરોગ્ય અને મહિલા બાળકલ્યાણની તમામ કલ્યાણકારી યોજનાઓનો લોકોને લાભ મળશે. જયારે ભાગ -૨ માં સામાજિક સુરક્ષા હેઠળ વિધવા સહાય, ઈન્દિરા આવાસ, સંકટ મોચન, નિરાધાર વૃદ્ધ પેન્શન, અટલ પેન્શન, કુંવરબાઈનું મામેરું, દિવ્યાંગ શિષ્યવૃત્તિ/ સાધન સહાય/ પી.એમ. કિસાન, કૃષિ યોજનાઓ સહિત તમામ નાગરિકોનું લાભાર્થી યોજનામાં ૧૦૦ ટકા નામાંકન થાય અને તેમના સુધી લાભ પહોંચે, રાશન કાર્ડની તમામ સેવા, હક્કપત્રમાં વારસાઈ નોંધ, મકાન સહાય જેવી યોજનાઓનો લાભ ઘરબેઠાં મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. "અટલ-સેવા-શટલ" સેવાના લાભ માટે રૂટ નક્કી કરવામાં આવશે. આ રથમાં મેડિકલ સ્ટાફ સહિત રેવન્યુ' તલાટી પણ રહેશે જે લોકોના લાભાર્થીઓના ફોર્મ ભરી જેતે શાખાને મોકલી આપશે. સંબંધિત ગામોમાં રથના કાર્યક્રમ અંગે બે દિવસ અગાઉ જાણ કરવામાં આવશે જેથી તલાટી સરપંચ સહિત ગામમાં પ્રચાર કરી વધુને વધુ લોકો લાભ લે તેવા પ્રયાસો કરાશે. ●*

### મુખ્યમંત્રીશ્રીના દૃષ્ટિવંત નેતૃત્વમાં

# ગુજરાતનાં નગરોની અભિનવ પહેલ 'આત્મનિર્ભર નગરસેવા'





રાજ્યનાં નગરોમાં રસ્તા, ગટર, લાઈટ, પાણીના કામમાં કોઈ કચાશ ન રહે તેમજ નાનાં મોટાં શહેરો-નગરો સમયાનુકૂળ સુવિધાયુક્ત બને તે માટે રાજ્ય સરકારે આયોજનબદ્ધ પ્રયાસો હાથ ધર્યા છે. શહેરો સુવિધાયુક્ત બને તેમજ લોકોની ઈઝ ઓફ લિવિંગની કલ્પના સાકાર કરવા ગુજરાત સરકારે અનેક યોજનાઓ શરૂ કરી છે. આ દિશામાં આગળ વધતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં આત્મનિર્ભર નગર સેવાની ગુજરાતની અભિનવ પહેલરૂપે રાજ્યની ૧૬ નગરપાલિકાઓમાં ૨૮ જેટલા સ્યુએજ ટ્રીટમેંટ પ્લાન્ટ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનાં ઇ-ખાતમુહૂર્ત કર્યાં હતાં.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ દ્વારા રાજ્યનાં સુરેન્દ્રનગર, વલસાડ અને ગોધરામાં તૈયાર થયેલા કુલ ૧૦૩.૨૬ કરોડના S.T.P.ના લોકાર્પણ તથા ૧૮ નગરપાલિકાઓના બહુવિધ વિકાસ કામોનાં ખાતમુહૂર્તના પ્રારંભ કરાવ્યા હતા. તેમણે રાજપીપળા નગરની ૧૭.૭૭ કરોડની ભૂગર્ભ ગટર યોજનાનું પણ ઇ-ખાતમુહૂર્ત કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન અને શહેરી વિકાસ નિગમને આ અભિનવ પહેલ માટે અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજ્યનાં તમામ નગરો S.T.P.-W.T.P. યુક્ત બને અને નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી નલ સે જલ સ્વરૂપે મળે, ઉપરાંત વપરાયેલા ગંદા પાણીનો પણ રિયુઝ ઓફ ટ્રીટેડ વોટર તરીકે ખેતીવાડી, બાગ-બગીચા, તળાવો ભરવા જેવા કામોમાં પુનઃ વપરાશ થાય તે દિશામાં નગર સત્તામંડળો આગળ વધે. દુનિયાના લોકોની વિકાસના રોલમોડેલ ગુજરાત પાસે આધુનિક વિકસિત અને સુઆયોજિત નગર વિકાસની મોટી અપેક્ષાઓ છે

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારે જાહેર કરેલી નવી ઐતિહાસિક સોલાર પોલિસીમાં સ્વાયત અને સ્થાનિક સ્તરે સૌર ઊર્જા વીજ વપરાશને વ્યાપક પ્રોત્સાહક જોગવાઈઓ આપી છે તેની વિષદ ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની નગરપાલિકાઓને આહ્વાન કરતા જણાવ્યું હતું કે, મ્યુનિસિપાલિટીઝ પોતાની સંપત્તિ ઉપર સૌર ઊર્જા ઉત્પાદન કરે અને પોતાના વપરાશ બાદ વધેલી વીજળી વેચીને આવકના સ્રોત ઊભા કરે.

રાજ્યના મુખ્યમંત્રી તરીકે હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ જવાબદારી સંભાળી ત્યારથી બે દાયકાથી નગરો મહાનગરોના ડ્રેનેજ, ફિલ્ટર વોટર, ઘર-ઘર જલ જેવાં પ્રાથમિક જરૂરિયાતનાં કામોને પ્રાયોરિટી આપીને આગળ ધપાવ્યા છે. હવે નગરોમાં સૌરઊર્જા ઉત્પાદનથી ગ્રીન એનર્જીને વેગ આપવા સાથે વીજબિલ ખર્ચ ઘટાડવા અને નગરપાલિકાઓ સેલ્ફ સફિશિયન્ટ બને તેની પણ વિશેષ કાળજી લેવાતી હોવાનું જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ૧૬ નગરપાલિકાઓમાં ૨૨ જેટલા એસ.ટી.પી. ડબલ્યુ.ટી.પી. માટે સોલાર એનર્જી પાવર પ્લાન્ટના ખાતમુહૂર્ત કર્યાં તેનાથી વાર્ષિક રૂ. ૪ કરોડથી વધુની વીજળી બચત થશે. નગરોમાં સૌર આધારિત વીજળી ઉત્પાદનથી આવકના સ્રોત નગરપાલિકાઓ ઊભા કરીને ગુજરાત દેશને નવો વિકાસ રાહ બતાવશે અને પ્રાથમિક સુવિધા સાથે આધુનિકતાના સમન્વયથી ગુજરાતનાં શહેરો સ્માર્ટ સિટીઝ બનશે તેવી અપેક્ષા દર્શાવી હતી.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સાંસદ સર્વે શ્રી કે. સી. પટેલ, શ્રી દેવુસિંહ ચૌહાણ, શ્રી મિતેશભાઈ પટેલ, શ્રી પ્રભુભાઈ વસાવા તથા ધારાસભ્યો શ્રી ભવાનભાઈ પટેલ, શ્રી સી.કે. રાઉલજી, શ્રી રાજેન્દ્રસિંહ વગેરે કાર્યક્રમ સ્થળેથી સહભાગી થયા હતા. શહેરી વિકાસના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશપુરી, કમિશનર મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન શ્રી રાજકુમાર બેનીવાલ, જી.યુ.ડી.સી.ના એમ.ડી. શ્રી લોચન શહેરા તથા નિયામક શ્રી હાર્દિક શાહ વગેરે ગાંધીનગરથી જોડાયા હતા. ●

# કોરોના વેક્સિનેશન માટે ગુજરાત સુસજ્જ

વૈશ્વિક મહામારી કોરોના સામે નાગરિકોને સુરક્ષિત કરવા માટે ટૂંક સમયમાં રસી ઉપલબ્ધ થનાર છે, ત્યારે આ રસી કેવી રીતે આપવી એ માટે કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન અનુસાર રાજયના આરોગ્ય વિભાગે સંપૂર્ણ તૈયારી કરી દીધી છે. કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ આ રસી આપવા માટે ડ્રાય રન-મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાય રન બે દિવસ માટે યોજાયું હતું. કેન્દ્ર સરકારે આ માટે ચાર રાજયોની પસંદગી કરી છે, જેમાં ગુજરાતનો સમાવેશ કરાયો છે. ગુજરાત સહિત આંધ્રપ્રદેશ, પંજાબ અને આસામમાં આ ડ્રાય રન યોજાશે.

આ અંગે રાજ્યના આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે અને નેશનલ હેલ્થ મિશનના ડાયરેક્ટર શ્રી મુકેશ પંડ્યા ની ઉપસ્થિતિમાં વિગતવાર માહિતી આપતાં આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ.જયંતી રવિએ જણાવ્યું હતું કે, રસીકરણ દરમિયાન નિષ્ણાત તબીબોનાં માર્ગદર્શન અને સૂચનો મળી રહે એ હેતુથી રાજય સરકારે ચાર નિષ્ણાત તબીબ તજજ્ઞોની સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરી છે. આ ટાસ્ક ફોર્સના સભ્યોમાં ડૉ. નવીન ઠાકર, ડૉ. નિશ્ચલ ભટ્ટ, ડૉ. સપન પંડયા અને ડૉ. ભદ્રેશ વ્યાસનો સમાવેશ થાય છે.



આ રસી આપવા માટે લાભાર્થીઓના મોડ્યુલ પણ તૈયાર કરી દેવાયા છે આ માટે નાગરિકોએ એડવાન્સ રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ રસીનો ડોઝ અઠ્ઠાવીસ દિવસમાં બે વખત ૧૪ દિવસના અંતરે લેવાનો રહેશે. રસી લીધા બાદ પણ કોરોના પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે જેમાં માસ્ક પહેરવો, સેનિટાઈઝરોનો ઉપયોગ તથા યોગ્ય સોશિયલ ડિસ્ટન્સનું પણ પાલન કરવાનું રહેશે. આ માટે નાગરિકોનો પૂરતો સહયોગ મળે એ અત્યંત જરૂરી છે.

આ રસીકરણ માટે રાજયમાં ૧૬ હજાર વેક્સિનેટરને તાલીમબદ્ધ કરી દેવાયા છે. એક સેન્ટર પરથી એક દિવસમાં ૧૦૦ લોકોને રસી અપાશે. રોજના ૧૬ લાખ લોકોને રસી આપી શકાય એવું આયોજન કરાયું છે.

ભારત સરકાર દ્વારા દેશમાં કોવિડ -19 રસીકરણ પ્રોગ્રામના અમલીકરણ પહેલાં રસીકરણની જુદી-જુદી પ્રક્રિયા માટે ડ્રાય રન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ માટે દેશનાં ચાર રાજ્યોની પસંદગી કરવામાં આવી છે, જેમાં ગુજરાતનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં ગાંધીનગર શહેર અને જિલ્લામાં તથા રાજકોટ શહેર અને જિલ્લામાં ડ્રાય રન યોજાઈ રહ્યું છે. આ બંને જિલ્લાઓમાં

## કોરોના વેક્સિનેશન સંદર્ભે ટાસ્ક ફોર્સના નિષ્ણાત તબીબોનું મહત્ત્વનું માર્ગદર્શન

***કોરોના વેક્સિનેશન માટે ગુજરાત સંપૂર્ણ સજ્જ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે વેક્સિનેશન માટે નિષ્ણાત તબીબોની ટાસ્ક ફોર્સની રચના કરી છે. જેમણે રસીકરણને લઈને સંભવિત સવાલોના જવાબો આપ્યા હતા.***



### ડૉ.નવીન ઠાકર

કોઈપણ રસીકરણ બાદ સામાન્ય તાવ, થોડી અશક્તિ જેવી સામાન્ય અસરો થતી જ હોય છે જે આ કોવિડ-૧૯ ની રસી બાદ પણ થઈ શકે છે. પરંતુ કોઈપણ પ્રકારની ગંભીર આડઅસર આ રસીને કારણે થયેલી હોય તેવો એકપણ કિસ્સો નથી. એટલે નાગરિકોએ ગભરાવાની સહેજ પણ જરૂર નથી.

### ડૉ.નિશ્ચલ ભટ્ટ

આ રસીની સલામતી અને અસરકારકતા ઉપર ભાર મૂકતા ડૉ.ભટ્ટે જણાવ્યું કે, આપણું શરીર કોરોના વાઈરસને એન્ટીજન તરીકે ઓળખે અને તે પ્રમાણે વાઈરસને રિસ્પોન્ડ કરી વાઈરસને એક્ટિવ જ ના થવા દે તે પ્રકારની આ રસી છે. હાલ આ રસી

વેક્સિનેશન માટે 19 સેશન સાઇટ નક્કી કરવામાં આવી છે.

ડ્રાય રન અંતર્ગત રસીકરણના આયોજન, અમલીકરણ અને રિપોર્ટિંગની પ્રક્રિયા વચ્ચેનાં જોડાણોનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં રસીકરણના વાસ્તવિક અમલીકરણ પહેલાં પડકારો અને ઉપાયો વિશે પણ અભ્યાસ થઈ શકે તેવો હેતુ છે. ડ્રાય રન માટે દરેક સેશન સાઇટ માટે 25 લાભાર્થીઓ મળીને કુલ 475 લાભાર્થીઓની ઓળખ કરવામાં આવી છે. દરેક સેશન સાઇટ પર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિકારીઓ ઉપરાંત UNDP, યુનિસેફ અને WHO દ્વારા મોનિટરિંગ કરાઈ રહ્યું છે. આ ટ્રાયલ દરમિયાન ફીડબેક તૈયાર કરવામાં આવશે અને આ ફીડબેક ભારત સરકારને પહોંચાડવામાં આવશે.

ભારત કોરોનાની વેક્સિનના સંશોધનમાં અગ્રેસર છે. દેશમાં બે રસી ફેઝ-૨માં અને ત્રણ રસીનું સંશોધન અંતિમ તબક્કામાં છે. ટૂંક સમયમાં ભારતમાં કોવિડ વેક્સિન ઉપલબ્ધ થનાર છે, ત્યારે ગુજરાત સરકારે વેક્સિનેશન માટે અસરકારક અને પરિણામલક્ષી પૂરતું આયોજન કર્યું છે. રસીકરણ અભિયાન માટે રાજ્ય કક્ષાએ મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં અઠવાડિયામાં બે વખત સ્ટેટ સ્ટિયરિંગ કમિટીની બેઠક યોજાય છે, એટલું જ નહીં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિની અધ્યક્ષતામાં સ્ટેટ ટાસ્ક ફોર્સની બેઠકો યોજાઈ રહી છે.

### કોવિડ-૧૯ રસી આપવા માટે આરોગ્ય વિભાગ સુસજ્જ

- રાજયમાં ગાંધીનગર અને રાજકોટ જિલ્લામાં ડ્રાય રન : ડૉ જયંતી રવિ
- બન્ને શહેરનાં કોર્પોરેશન સહિત જિલ્લા મથકોએ આ ડ્રાય રન યાજોયો
- રસીકરણ માટે ચાર નિષ્ણાત તબીબ તજજ્ઞોની સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરાઈ
- રસીકરણના ડ્રાય રન માટે ભારતનાં ચાર રાજયોની પસંદગી : ગુજરાત, આસામ, આંધ્રપ્રદેશ અને પંજાબમાં ડ્રાય રન
- રસીકરણ માટે નાગરિકોએ એડવાન્સ રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે: રસીનો ડોઝ અઠયાવીસ દિવસમાં બે વખત લેવાનો રહેશે
- રાજયમાં ૧૬ હજાર વેક્સિનેટરને તાલીમબદ્ધ કરી દેવાયા: એક સેન્ટર પર એક દિવસમાં ૧૦૦ લોકોને રસી અપાશે. રોજના ૧૬ લાખ લોકોને રસી આપી શકાય એવું આયોજન

રાજ્યમાં વેક્સિનના સ્ટોરેજ માટે ઝોન કક્ષાના છ વેક્સિન સ્ટોર, જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએ 41 સ્ટોર તથા 2189 કૉલ્ડ ચેઈન પોઇન્ટ હાલની પરિસ્થિતિએ ઉપલબ્ધ છે. આ તમામ સ્ટોર ખાતેનાં સાધનોનું તાંત્રિક ઓડિટ કરવામાં આવ્યું છે. ભારત સરકારના માર્ગદર્શન મુજબ હેલ્થ કેર વર્કરની માહિતી તૈયાર કરવામાં આવી રહી છે. આજ સુધીમાં કુલ 4.31 લાખ હેલ્થ કેર વર્કરો-આરોગ્ય કર્મચારીઓની માહિતી એકત્ર કરવામાં આવી છે. 6.3 લાખ ફ્રન્ટલાઈન વર્કરોની માહિતી એકત્ર કરવામાં આવી છે, ઉપરાંત પચાસ વર્ષથી વધુ વયની 1.3 કરોડ વ્યક્તિઓની વિગતો એકત્ર કરવામાં આવી છે અને અન્ય બીમારી ધરાવતી વ્યક્તિઓ કે જેની વય 50 વર્ષથી ઓછી છે એવી 2.68 લાખ વ્યક્તિઓની માહિતી પણ એકત્ર કરવામાં આવી છે. ●

ફેઝ ૩ માં છે. ખૂબ જ ક્લિનિકલ નિયમનોમાંથી આ રસી પસાર થઈ ચૂકી છે જે તમામ તબક્કે નાગરિકોની સલામતીને પ્રથમ અગ્રિમતા આપવામાં આવી છે. m-RNA પ્રકારની આ રસી હોવાથી વ્યક્તિના ડી.એન.એ.ને બદલી નાખશે તેવી બેબુનિયાદ વાતોમાં આવવું નહીં. આ લાઈવ વાઇરસ વેક્સિન ન હોવાથી નાગરિકના ડીએનએને બદલી શકે નહિ.



આ રસી સંદર્ભે કોઈપણ પ્રકારની આડઅસર સંબંધિત અફવાઓ કે નકારાત્મક માહિતી આવે કે જેનાથી આ રસીકરણને લઈને નાગરિકોમાં ગેરસમજ ફેલાય તેવી માહિતી પ્રસિદ્ધ કે ટેલિકાસ્ટ કરતા પહેલા મીડિયાના મિત્રોને નિષ્ણાત તબીબો સાથે પરામર્શ કરી સાચી માહિતી લોકો સુધી પહોંચાડવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

**ડૉ. સપન પંડ્યા**

કેન્સર, કિડનીની બીમારી, ટીબી, સહિત ગંભીર રોગો એટલે કે કોમોર્બિડ દર્દીઓને પણ આ રસી આપવામાં આવશે. તેનાથી કોઈ જ સાઈડ ઈફેક્ટ નથી. આવા દર્દીઓને એન્ટી બોડી રિસ્પોન્સ સામાન્ય વ્યક્તિઓ કરતાં સામાન્ય ઓછો આવે તેવું શક્ય છે પરંતુ તે પણ કોરોનાને ફાઇટ આપવા પૂરતો હશે.

**ડૉ. ભદ્રેશ વ્યાસ**

વિવિધ દેશોમાં મળીને ૩૫ લાખ જેટલા લોકોને રસી અત્યાર સુધીમાં અપાઇ ચૂકી છે, પરંતુ એક પણ કિસ્સો એવો નથી જોવા મળ્યો જેમાં આ રસીને કારણે કોઈપણ ગંભીર આડ-અસર દેખાઈ હોય. એટલે અફવાઓમાં આવવું નહિ અને રસીથી આડઅસર થશે તેવી અફવાઓ ફેલાવવી નહિ.

## રાજ્યના સરપંચો સાથે સીધો સંવાદ કરતાં મુખ્યમંત્રીશ્રી

# કોરોનાને હરાવવામાં ગ્રામીણ ક્ષેત્ર મહત્ત્વની ભૂમિકા ભજવશે







રાજ્યના સરપંચો પોતાના ગામોને 'મારું ગામ કોરોનામુક્ત ગામ' અભિયાનને સફળ બનાવવામાં જનજાગૃતિનું કાર્ય કરી રહ્યા છે. આ અભિયાનથી કોરોના સંક્રમણથી પોતાના ગામને મુક્ત રાખવામાં મદદ મળશે. તાજેતરમાં રાજ્યના સરપંચો સાથે ઈ-સંવાદ કરતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ તમામ સરપંચશ્રીઓ અને પદાધિકારીઓને કોરોના સામેની લડતને સફળ બનાવવા કરેલી કામગીરી માટે અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ગ્રામીણ સરપંચો સાથે સેટકોમ માધ્યમથી 'ગ્રામ વિકાસની વાત, મુખ્યમંત્રીશ્રીને સાથ'ના નવીન અભિગમ અન્વયે સહજ સંવાદ ગાંધીનગર મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી સાધ્યો હતો.

''કોરોના હારશે-ગુજરાત જીતશે''ના ધ્યેય સાથે આપણે કોરોના મહામારી સામે ઝૂકયા વિના આપત્તિને અવસરમાં પલટાવવાની ખુમારી દાખવી છે. મુખ્યમંત્રીશ્રીએ સૌ સરપંચોને પ્રેરક આહ્વાન કર્યું કે, કોરોના સામેની લડાઇનો આ અંતિમ તબક્કો છે. હવે આપણે કિનારે છીએ અને નજીકના ભવિષ્યમાં જ કોરોના વૅકસિન આવતાં કોરોનાથી સૌ સલામત થઈ જવાના છીએ.

આ સંદર્ભમાં તેમણે સરપંચોને પ્રેરણા આપતાં કહ્યું હતું કે, જેમ 'મારું ગામ કોરોનામુક્ત ગામ'નો સંકલ્પ તમે સૌએ સતર્કતા, જવાબદારી અને સૌના સહયોગથી પાર પાડયો છે તેવી જ રીતે ગ્રામીણ વિસ્તારોમાં આ કોરોના વૅકસિન પણ સૌને મળે તેવી રાજ્ય સરકારની વ્યવસ્થામાં સક્રિય સહભાગી બનશો.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ કહ્યું કે, જે ઢબે ચૂંટણીમાં પોલિંગ બૂથ હોય છે અને પોલિયો રસીકરણ માટે પણ બૂથ બનાવી છેવાડાની વ્યક્તિ સુધીના અંતિમ છૌરના લોકોને આવરી લેવાય છે તે જ પદ્ધતિએ કોરોના વૅકસિન માટે પણ આવાં બૂથ બનાવી સરપંચો, પદાધિકારીઓ, ગ્રામજનો સૌના સહયોગથી કોરોના વૅક્સિનનો ડોઝ છેવાડાના માનવી સુધી પહોચાડવાનું પારદર્શી અને સુદૃઢ આયોજન કરાશે.

તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દૃષ્ટિવંત આયોજનમાં આ કોરોના વૅક્સિન લોકોને જલદી મળે તે માટેની પૂર્વ તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ વૅક્સિનને છેક ગ્રામીણ ઈલાકા સુધી પહોચાડવાની સમગ્ર સપ્લાય ચેઇન, વૅક્સિનના સંગ્રહ અને પ્રિઝર્વેશન માટે કોલ્ડ સ્ટોરેજ જેવી વ્યવસ્થાઓ સરકાર વિકસાવી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા આ વૅક્સિન ગ્રામીણ નાગરિકોને મળી રહે તે માટે મોટાભાગનાં ગામોમાં ૫૦ વર્ષથી ઉપરની વયજૂથની વ્યક્તિઓનો સરવે શરૂ થઇ ગયો છે અને યાદી તૈયાર કરવાની કામગીરી શરૂ થઇ છે. તેમણે આ સંદર્ભમાં જણાવ્યું કે, તબક્કાવાર આવી રસી આપવાની કાર્યવાહી શરૂ કરાશે. તે અન્વયે જેમ જેમ વૅક્સિનનો જથ્થો આવતો જશે તેમ પ્રાયોરિટી નક્કી કરવામાં આવશે. જેમાં ૫૦ વર્ષથી ઉપરની વયના લોકોને આ રસી અપાયા બાદ ૫૦થી નીચેના હોય પરંતુ કોઇ ને કોઇ ગંભીર બીમારી ધરાવતા હોય તેમની પણ અલગ યાદી બનાવી વૅક્સિનેશન કરાશે.

કોરોના વૉરિયર્સ તરીકે કામ કરનારા સરકારી, ખાનગી તબીબો, જનરલ પ્રેક્ટિશનર્સ, પેરામેડિકલ સ્ટાફ, આંગણવાડી વર્કર્સ, ૧૦૮નો સ્ટાફ, ૧૦૪ હેલ્પલાઇનનો સ્ટાફ વગેરેને આ રસી પ્રથમ તબક્કે અપાશે, તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યુ કે, ત્યાર બાદ, રેવન્યુ, પોલીસ, સફાઇકર્મી જેવા વૉરિયર્સને પણ રસીકરણમાં આવરી લેવાશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં કોરોના સંક્રમણ સામે સરકારના આરોગ્યલક્ષી પગલાંઓની ભૂમિકા આપતાં કહ્યું કે, સરકારે રેમડિસીવીર અને ટોસીલોઝૂમેબ જેવા મોંઘાં ઇન્જેકશનો કોરોના સંક્રમિત જરૂરતમંદોને વિનામૂલ્યે આપવા મુખ્યમંત્રી રાહત નિધિમાંથી કુલ મળીને રૂ. ૧૦૮ કરોડ જેવી રકમ ચૂકવી છે.






રાજ્યભરના ૧૪૭૨ PHC, ૩૬૨ CHC, ૯૦૦૦ સબ સેન્ટર અને શહેરી ક્ષેત્રોનાં અર્બન હેલ્થ સેન્ટરમાં કોરોના સંક્રમણ નિયંત્રણ સંબંધિત કામગીરી સારવાર છેલ્લા ૮ મહિનાથી 'કોરોના હારશે-ગુજરાત જીતશે'ના લક્ષ્ય સાથે આરોગ્ય કર્મીઓ નિભાવી રહ્યા છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે, ગામડું, ખેતી, ગરીબ સૌ તબક્કાને ધ્યાનમાં રાખીને સરકારે આરોગ્ય સુખાકારી આયોજન સાથોસાથ 'સાત પગલાં ખેડૂત કલ્યાણનાં', કૃષિ પેદાશોના પોષણક્ષમ ભાવ, ટેકાના ભાવે ખરીદી, કિસાન સૂર્યોદય યોજના, પશુપાલકોના પશુની ચિંતા જેવાં અનેકવિધ કલ્યાણકારી પગલાંઓથી ગ્રામીણ વિસ્તારોને સમૃદ્ધ-સંપન્ન કરીને તેના આધાર પર શહેર, રાજ્ય, રાષ્ટ્રનું અર્થતંત્ર, સમાજવ્યવસ્થા સક્ષમ બનાવવાનો યજ્ઞ આદર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ "નલ સે જલ"માં ૮૦ ટકા ગ્રામીણ ઘરો આવરી લેવાયાની વિગતો સાથે ડિજિટલ સેવા સેતુ, પાણી પુરવઠા યોજનાઓનાં કામો વગેરેથી ગ્રામીણ ક્ષેત્રોમાં આત્મા ગામનો સંકલ્પ સાકાર કર્યો છે તેમ પણ જણાવ્યું હતું.

આ તકે, મુખ્યમંત્રીશ્રીએ મહેસાણાના બેચરાજી, કચ્છના રત્નાપર, ડાંગના નડગચૌંડ, બનાસકાંઠાના થલવાડા, દાહોદના જેકોટ, સુરતના સુવાલી, જૂનાગઢના ચણાકા અને સુરેન્દ્રનગરના પાદરીના સરપંચો સાથે પરસ્પર સંવાદ સાધીને તેમના ગામમાં કોરોના સંક્રમણ સામે જનજાગૃતિનાં પગલાંઓ, ૧૪મા નાણાપંચ અન્વયે વિકાસ કામો માટે નાણાંની સીધી ફાળવણી, સફાઇ, રસ્તા, વીજળી, પાણી તેમજ ડિજિટલ સેવા સેતુના કામોની સ્થિતિની વિગતો મેળવી હતી.

રાજ્ય મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે મુખ્યમંત્રીશ્રીના આ નવતર અભિગમથી ગ્રામીણ કક્ષાના નાનામાં નાના સરપંચને પણ ગામના વિકાસની વાત રજૂ કરવાની તક મળી છે તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. ગ્રામીણ સરપંચો સમક્ષ ડિજિટલ સેવાસેતુ અને કોરોના સંક્રમણ નિયંત્રણ કામગીરીની ફિલ્મો પણ પ્રસ્તુત કરવામાં આવી હતી. પંચાયતના અધિક મુખ્ય સચિવ શ્રી એ. કે. રાકેશ, આરોગ્ય અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જ્યંતી રવિ, સચિવશ્રીઓ સર્વ શ્રી અશ્વિનીકુમાર, હારિત શુકલા સહિતના અધિકારીશ્રીઓ આ સંવાદમાં જોડાયાં હતાં.

## રાજ્યના આઠ જિલ્લાના આઠ સરપંચશ્રીઓ સાથે વિવિધ જન સુખાકારી વિષયે ઈ-સંવાદ

**ભૂજ**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ માંડવી તાલુકાના રત્નાપર ગામના મહિલા સરપંચ શ્રી તરૂણાબહેન સાથે સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ઈ-સંવાદમાં કોવિડ વૅક્સિનની વિતરણ વ્યવસ્થા, છેવાડાના માનવી સુધી વિકાસલક્ષી યોજનાઓ પહોંચાડવામાં મહત્ત્વપૂર્ણ યોગદાનને બિરદાવ્યા તેમજ ગ્રામીણ વિસ્તારોમાં કોરોના મહામારી સાથેની લડાઇમાં ગ્રામીણસ્તરની



સ્થિતિ તેમજ ગ્રામીણસ્તરે થયેલાં વિકાસકાર્યો અંગે સરપંચો સાથે દ્વિપક્ષીય સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ રત્નાપર ગામમાં કોરોનાની સ્થિતિ અંગે પૃચ્છા કરીને ગામમાં મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ મળતા લાભ અને સખી બહેનોની કામગીરીની વિગતો જાણી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ તકે પીવાના પાણીની સુવિધા બાબતે, આત્મનિર્ભર ગુજરાત, આરોગ્ય સુવિધા, પશુપાલન વ્યવસાય, ફોરેસ્ટ એકટના લાભો, મહિલા ઉત્કર્ષ યોજનાના મળેલ લાભો, પાણી પુરવઠા વિશે અને લોકડાઉનના ત્રણ માસ થયેલ અન્ન વિતરણ બાબતે ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં વરિષ્ઠ અધિકારીશ્રીઓ, ગ્રામ પંચાયતના સદસ્યો અને આગેવાનો નોવેલ કોરોના વાઇરસ કોવિડ-૧૯ની માર્ગદર્શિકા અનુરૂપ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ

દાહોદ તાલુકાના જેકોટ ગામના સરપંચ શ્રી બાદરભાઇ મુનિયાને પણ મુખ્યમંત્રીશ્રી સાથે ચર્ચા કરવાની તક સાંપડી હતી. મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ ચર્ચા કરતાં કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા શ્રમિકોને તેમના ઘરમાં રિપેરિંગ કરવા માટે સહાય આપવામાં આવે છે, તે યોજનાનો લાભ ગામના લોકોને મળે એ માટે મદદરૂપ બનવા અપીલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કોરોનાકાળમાં ગામમાં આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીની પૃચ્છા કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી યોગેશભાઇ પારગી પાસેથી પણ કોરોના વાઇરસની સ્થિતિ અંગે જાણકારી મેળવી હતી. આ ઇ-સંવાદ કાર્યક્રમની વિશેષતા એ હતી કે, ગ્રામીણસ્તરના તમામ પદાધિકારીઓને તેમના નામથી બોલાવીને યોજનાના અમલીકરણ અંગે જાણકારી મેળવી હતી. ખાસ કરીને ઇ-સેવાસેતુ કાર્યક્રમથી ગ્રામીણ લોકોને સરકારી સેવા મેળવવામાં સરળતા થઇ હોવાનું કહ્યું હતું.

- **'મારું ગામ કોરોનામુકત ગામ' અભિયાન મોટા ભાગનાં ગામોએ સતર્કતા-જનસહયોગથી સફળ બનાવ્યું છે.**
- **કોરોના વૅક્સિન માટે પણ એવી જ સજ્જતા અને સુદૃઢ આયોજનથી પોતાનાં ગામોને સંપૂર્ણ રસીકરણયુકત કરવા આહ્વાન.**
- **રાજ્ય સરકારે ગામોમાં ૫૦ વર્ષથી વધુની વયના લોકોના સરવે-યાદીની કામગીરી શરૂ કરી દીધી છે.**

## બેચરાજી

મહેસાણા જિલ્લાના બેચરાજી ગામના સરપંચ શ્રી દેવાંગ પંડ્યા સાથે સીધો ઇ-સંવાદ કરતાં મુખ્યમંત્રી શ્રીએ ૧૪ મા નાણાપંચમાં થઇ રહેલાં વિકાસનાં કામો, ખેતી, સિંચાઇનું પાણી સહિત કોરોનાની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી.

બેચરાજીના સરપંચ શ્રી દેવાંગ પંડ્યાએ કોરોના કપરાકાળમાં સરકાર દ્વારા પ્રજાની સુખાકારી અને સ્વાસ્થ્યની ચિંતા બાબતે લેવાયેલાં પગલાં અંતર્ગત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રી સાથે સીધા ઇ-સંવાદમાં ગામના વિકાસ સહિત કોરોના સંદર્ભે કરેલ કામગીરી બાબતે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યસભા સંસદ શ્રી જુગલસિંહ લોખંડવાલા, જિલ્લા કલેકટર શ્રી એચ. કે.પટેલ સહિત સંબધિત અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા





### જૂનાગઢ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પોતાના માદરે વતન ચણાકાના સરપંચ શ્રી ઉમેશભાઇ બાંભરોલિયા સાથે ઈ-સંવાદ સાધ્યો હતો. તેમણે ચણાકામાં કોરોનાની સ્થિતિ અનાજ વિતરણ તેમજ ગામનાં વિકાસકાર્યોની સરપંચ પાસેથી જાણકારી મેળવી હતી. ચણાકા તો મારું ગામ છે, આ શબ્દોથી ચણાકાના સરપંચ સાથે વાત કરતાં મુખ્યમંત્રીએ સૌને સાથે મળીને કામ કરવા આહ્વાન કરી કહ્યું કે, કોરોનાનો હવે કિનારો આવી ગયો છે. હવે આપણે રસીકરણ માટે સજ્જ થઇ રહ્યા છીએ. સરપંચ શ્રી ઉમેશભાઇ બાંભરોલિયાએ જણાવ્યું હતું કે, ચણાકામાં છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન રૂા.૧.૧૭ કરોડનાં ગ્રામ વિકાસનાં કાર્યો પૂરાં થયાં છે.

### સુરત

ઈ-સંવાદ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર ખાતેથી રાજયના આઠ જિલ્લાઓના આઠ ગ્રામપંચાયતોના સરપંચશ્રીઓ સાથે પાણી, આરોગ્ય, આત્મનિર્ભર, પશુપાલન, મહિલા ઉત્કર્ષ યોજના અંગેની કામગીરી, ગામડાઓના વિકાસ સંદર્ભે ઈ-સંવાદ સાધીને આગામી સમયમાં આવનારી વૅક્સિન આપવા બાબતે પરામર્શ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોના સામેની લડાઈમાં ગ્રામપંચાયતોએ નાકાબંધી, સેનેટાઈઝ, સોશિયલ ડિસ્ટન્સિંગ જેવા મહત્ત્વપૂર્ણ પગલાઓના કારણે ગ્રામીણસ્તરે કોરોના સંક્રમણને આગળ વધતો અટકાવી શકયા છીએ. ગ્રામ પંચાયતોએ 'મારું ગામ કોરોનામુકત ગામ' અભિયાન ચલાવીને સમગ્ર દેશને ગુજરાતનાં ગામડાઓએ દિશા બતાવી છે.

- **ડાંગ જિલ્લાને કોરોના સંક્રમણ મુકત રાખવાની સતર્કતા-જાગૃતિ માટે ડાંગના ગ્રામીણ સરપંચને અભિનંદન પાઠવ્યા.**
- **આઠ ગામોના સરપંચો સાથે ગ્રામીણ સર્વાંગી વિકાસ અંગે સંવાદ સાધી ઝીણામાં ઝીણી વિગતોથી અવગત થવાની મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની નિર્ણાયક નેતૃત્વ-પારદર્શી પ્રશાસનની પ્રતિબદ્ધતા પ્રગટ થઇ.**

મુખ્યમંત્રીશ્રીએ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના સુવાલી ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી નયનાબહેન રાઠોડ સાથે ઈ-સંવાદ કરીને ગામ-તાલુકામાં કોરોનાની પરિસ્થિતિ, ગામ પંચાયતના વિકાસ તથા ખૂટતી સુવિધાઓની પૃચ્છા કરી અદના માનવી એવા ગરીબ હળપતિઓની તકેદારી લેવાનો અનુરોધ કર્યો હતો.

### સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના પાંદરી ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી ટીનાબહેન પટેલ સાથે વાતચીત કરતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગામમાં થયેલાં વિવિધ વિકાસકાર્યો અને ગામમાં પીવાના પાણીની સુવિધાઓ તેમજ ગામમાં અત્યારની સ્થિતિએ કોરોનાના એક્ટિવ કેસો વિશે ચિતાર મેળવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં પાંદરી ગામમાં ઇ- સેવા સેતુ અંતર્ગત ચાલતી વિવિધ કામગીરી તેમજ કપાસ અને મગફળી જેવા પાકોના યોગ્ય ભાવ મળી રહે છે કે કેમ તે અંગેની જાણકારી મેળવી હતી.

વધુમાં તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની વાત કરતાં જણાવ્યું હતું કે, 'સાત પગલાં ખેડૂત કલ્યાણનાં' માધ્યમથી ખેતી સાથે જોડાયેલી સાત યોજનાઓ અમલી બનાવી છે, જેના થકી આજે ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. આ ઉપરાંત પશુપાલન ક્ષેત્રની વિવિધ યોજનાઓ મારફત ગુજરાત દૂધ ઉત્પાદનમાં અગ્રેસર રહ્યું છે . આ પ્રસંગે સાંસદ શ્રી મહેન્દ્રભાઈ મુંજપરા, ધારાસભ્ય શ્રી ધનજીભાઇ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે.હુડ્ડા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●



# પશુપાલકો સાથે મોકળા મને સંવાદ

## CM હાઉસ બન્યું પશુપાલકોના ચિંતનનું કેન્દ્ર

## પશુપાલકોને કારણે ગુજરાત દૂધ ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર

રાજ્યના પશુપાલકોના પરિશ્રમને કારણે ગુજરાત દૂધ ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર બન્યું છે. પશુપાલન ક્ષેત્રે વિકાસ, શ્વેતક્રાંતિ અને અમૂલડેરી જેવાં ગૌરવ ગુજરાતને પશુપાલકોએ જ અપાવ્યાં છે. પશુપાલન ક્ષેત્રે રાજ્યને સ્વાવલંબી બનાવવામાં મહિલાઓનું પણ યોગદાન મહત્ત્વપૂર્ણ છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સી.એમ. કોમન મેન તરીકે રાજ્યના વિવિધ સમાજ-વર્ગો સામે મુક્ત મને સંવાદ-ગોષ્ઠિ અને તેમના પ્રશ્નોની રજૂઆત-સમાધાન માટે શરૂ કરેલી મોકળા મને સંવાદ શ્રૃંખલાની વધુ એક કડી સંપન્ન કરી હતી. તાજેતરમાં તેમણે તેમણે રાજ્યના જુદા-જુદા જિલ્લાઓના પશુપાલકોને મુખ્યમંત્રી નિવાસે આમંત્રીને સોશિયલ ડિસ્ટન્સિંગ અને કોરોના સંક્રમણ નિયંત્રણ એસ.ઓ.પી, સાથે મોકળા મને સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોનામાં આખું વિશ્વ લોકડાઉનમાં હતું ત્યારે ગુજરાતનું ગ્રામીણ અર્થતંત્ર પશુપાલનને કારણે ધબકતું હતું. પ્રતિદિન ૨૮૯ લાખ લિટર દૂધ ઉત્પાદન સાથે ગુજરાત દેશમાં અગ્રિમ હરોળનું રાજ્ય છે. ગુજરાતની ઓળખ એવી ગીર અને કાંકરેજ ગાયના સંવર્ધન થકી કામધેનુ સમાન ઊંચી ઓલાદની ગાયોની જાળવણી અને મહત્તમ દૂધ ઉત્પાદન રાજ્ય સરકારની નેમ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

લોકડાઉન દરમિયાન પશુપાલકોની વિવિધ રજૂઆતો ધ્યાને લઇ રાજ્ય સરકારે અસરકારક પગલાં લીધાં છે. વિભિન્ન યોજના હેઠળ રૂ. ૨૦૦ કરોડની સબસિડી મંજૂર કરવામાં આવી છે. રાજ્યની મોટી સહકારી દૂધ મંડળીઓ ૧૯,૫૦૦ ગામડામાંથી દૂધ એકત્રિત કરે છે. રાજ્યના ૩૭ લાખ લોકો પશુપાલન સાથે સીધા સંકળાયેલા છે. ખેડૂતો ખેતી સાથે પશુપાલનનો પણ વિકલ્પ છે અને રાજ્ય સરકાર તેને પ્રોત્સાહિત કરે છે.

તેમણે કહ્યું કે, ગાય માતાની રક્ષા આપણા સૌની ફરજ છે. રાજ્ય સરકારે ગૌ-વંશ હત્યા પ્રતિબંધ માટે કડક કાયદા









બનાવી તેનું અસરકારક પાલન કરાવ્યું છે. હરતાં-ફરતાં પશુ દવાખાનાં અને કરુણા અભિયાનનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, રાજ્ય સરકારે જીવ-પ્રાણી માત્ર પ્રત્યે સંવેદનશીલતા દાખવી છે આથી જ પશુઓ માટે અનેક પ્રકલ્પો-યોજનાઓ અમલમાં મૂકી છે.

ખેતી અને પશુપાલન એકબીજાનાં પૂરક છે. ખેતીમાં જીવામૃતના ઉપયોગ માટે ગાય રાખવી આવશ્યક છે. રાજ્ય સરકાર ગાયના નિભાવ માટે ગાય દીઠ રૂ. ૯૦૦ની આર્થિક સહાય પણ આપે છે. આજે અહીં પશુપાલકો ગર્વથી પોતે નિભાવતા ગૌ-વંશની સંખ્યા ૬૦, ૨૦૦ કે ૪૦૦-૫૦૦ સુધી જણાવી રહ્યા છે. પ્રાચીન કાળમાં વધુ ગૌ-ધન સમૃદ્ધિની નિશાની ગણાતી એ સમય હવે પાછો આવ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, સુદૃઢ પરિવહન વ્યવસ્થા, પાકા રસ્તાઓનું નેટવર્ક અને પશુ-દવાખાનાને કારણે દૂધ ઉત્પાદન ક્ષેત્રે આપણે ઉત્તરોત્તર પ્રગતિ સાધી રહ્યા છીએ. દૂધની અવનવી પ્રોડક્ટ્સનું આપણે માર્કેટ ઊભું કરી શક્યા છીએ. અમુલ ડેરી વિશ્વની ટોપ-૨૦ ડેરીમાં સામેલ છે. વડાપ્રધાનશ્રીએ તાજેતરમાં જ કચ્છ ખાતે ડેરી-પ્લાન્ટનું ઉદઘાટન કર્યું છે. બહોળી સંખ્યામાં રોજગારી આપનારા પશુપાલન ક્ષેત્રમાં માથાદીઠ આવક વધે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ મોકળા મને સંવાદ કરતાં કહ્યું કે અહીં ખુલ્લા મને ચર્ચા કરવા બોલાવીએ છીએ. લોકો રજૂઆતો કરવા આવેદનપત્રો લઈને આવે તો જ કામ થાય તેવું નહીં પણ સામેથી લોકોને બોલાવી-આમંત્રિત કરી તેમનાં પ્રશ્નો-રજૂઆતો સાંભળવામાં આવે છે એવો પ્રોએક્ટિવ અભિગમ છે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ રાજ્યભરમાંથી આવેલા પશુપાલકોએ તેમના પ્રશ્નો-મુશ્કેલીઓ અને રજૂઆતો વ્યક્ત કરી હતી.

આણંદના પશુપાલક શ્રી સંજયભાઈ રબારીએ મુખ્યમંત્રીશ્રી સમક્ષ પોતે ૫૦૦ ગાય નિભાવી રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ પશુપાલક સ્પર્ધા અને દૂધ ઉત્પાદન હરીફાઈમાં વિજેતા બન્યા તે પાછળની સાફલ્ય-ગાથા વર્ણવી હતી. તેઓએ વિભિન્ન પશુપાલન સહાય યોજનાનો ઉલ્લેખ કરી તેને બિરદાવી હતી.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પશુપાલક શ્રી રજનીકાંત પરમારે મોકળા મને પોતાની વાત રજૂ કરતાં કહ્યું કે, માણસ પ્રાર્થના કરવા બેસે ત્યારે મોકળા મને પ્રભુ સાથે વાત કરતો હોય છે. આજે મુખ્યમંત્રીશ્રીએ અમારા વડીલ-સ્વજન બની અમારા મોકળા મનની વાત સાંભળી છે તે બદલ તેઓનો આભાર.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ ગોંડલનાં શ્રીમતી ગીતાબહેને સરકારી યોજનાનો લાભ મેળવી એકથી શરૂ કરેલી યાત્રા, આજે ૪૫ ગાયો સુધી પહોંચી છે, તેની વાત કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, પશુપાલન વિભાગના સચિવ શ્રી નલીન ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. ●

## પશુપાલક જાનકીબહેન મહંતની સાફલ્યગાથાથી CM પ્રભાવિત

પશુપાલન વ્યવસાય શ્રેષ્ઠ બને અને તેમની રજૂઆતો-સમસ્યા અંગે મુક્ત રીતે વાતો કરે એવા શુભ આશય સાથે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં પશુપાલકો સાથેનો "મોકળા મને" યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના ૨૦ જિલ્લાઓમાંથી ૪૦ જેટલા પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ઓલપાડ તાલુકાના દિહેણ ગામમાં મહિલા પશુપાલક અને સુરત જિલ્લા પંચાયતના શ્રેષ્ઠ પશુપાલક એવોર્ડ વિજેતા શ્રી જાનકીબહેન મહંતે મુખ્યમંત્રીશ્રી સાથે સંવાદ કર્યો હતો. જાનકીબહેને પોતાની સફળતાની ગાથા વર્ણવતાં જણાવ્યું હતું કે, તેઓ છેલ્લાં ૨૦ વર્ષથી પશુપાલનનો વ્યવસાય કરે છે. બે ગાયથી પશુપાલન શરૂ કર્યા બાદ હાલ ૨૦ થી વધુ ભેંસો અને ૧૮ ગાયો દૈનિક ૧૫૦થી ૨૦૦ લિટર જેટલું દૂધનું ઉત્પાદન કરી સહકારી મંડળીમાં પૂલિંગ કરે છે. મહિને પાંચ હજાર લિટરથી વધુ દૂધ જમા કરાવી તેઓ મહિને રૂ.બે લાખથી વધુની આવક રળે છે.

જો આયોજનબદ્ધ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી પશુપાલન કરવામાં આવે તો ખૂબ જ નફાકારક નીવડે છે એવો સ્પષ્ટ મત વ્યક્ત કરી દૂધની આવકમાંથી તેમના પરિવારનું જીવનધોરણ ઊંચું આવ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. જાનકીબહેનની સફળતાથી મુખ્યમંત્રીશ્રી પ્રભાવિત થયા હતા, અને તેમને અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિની શુભેચ્છા પાઠવી હતી. ●

# સોલા સિવિલમાં વેક્સિન ટ્રાયલનો પ્રથમ તબક્કો પૂર્ણ



કોરોનાકાળમાં સંવેદનશીલ ગુજરાત સરકાર દ્વારા આરોગ્યને લગતી તમામ પ્રકારની કામગીરી સુચારુપણે સંચાલન કરવામાં આવી છે. રાજ્યની કોઈપણ સરકારી હોસ્પિટલને આરોગ્ય સેવાઓને લગતી જરૂરિયાત ત્વરિત સંતોષવામાં આવી છે. સરકારી હોસ્પિટલમાં વેન્ટિલેટર, ઓક્સિજન ટેંક સહિતનાં કોઈપણ પ્રકારની ઉપકરણની જરૂરિયાત ઊભી થઇ હોય તેને વિના વિલંબે આરોગ્ય વિભાગ તરફથી દર્દીઓની સારવાર અર્થે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સોલા સિવિલ હોસ્પિટલની કામગીરીની સમીક્ષા કરી સંતોષ વ્યક્ત કરતાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે કહ્યુ હતું કે, કોરોનાકાળમાં સોલા સિવિલ હોસ્પિટલ દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે.

ભારત બાયો ટેક કંપની દ્વારા બનાવવામાં આવેલી કોરોના વેક્સિનની ટ્રાયલ વિશે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે કહ્યું હતું કે અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલને ભારત બાયો ટેક કંપનીમાંથી બનેલ કોરોના વેક્સિનની ટ્રાયલ માટે પસંદગી કરવામાં આવી છે.

પ્રથમ ટ્રાયલ અર્થે સોલા સિવિલ હોસ્પિટલમાં ૫૦૦ વેક્સિનના ડોઝ મોકલવામાં આવ્યા હતા. સ્વયંભૂ વેક્સિન ટ્રાયલ લેવા ઇચ્છતી સંપૂર્ણપણે સ્વસ્થ વ્યક્તિઓ, યુવાનોની આ વેક્સિન ટ્રાયલ માટે પ્રાથમિક પ્રસંદગી કરવામાં આવી હતી. જેમાંથી ૪૫૦ જેટલી વ્યક્તિઓને વેક્સિન ટ્રાયલનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. આ ૪૫૦ વ્યક્તિઓમાંથી એકપણ વ્યક્તિને વેક્સિન ટ્રાયલની આડઅસર થયાનો કેસ નોંધાયો નથી.

સોલા સિવિલ હોસ્પિટલમાં આ તમામ સુવિધાઓના કારણે જ અને આરોગ્ય વિભાગના સંકલનથી મોટા પ્રમાણમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ શ્રેષ્ઠ સારવાર મેળવીને સ્વગૃહે પરત ફર્યા છે. જે અંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સોલા સિવિલ હોસ્પિટલમાં કોરોનાકાળમાં ડિસેમ્બર 2019 સુધીમાં ૧૪,૨૨૩ દર્દીઓ સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ થયા છે જેમાંથી ૧૩ હજારથી પણ વધુ દર્દીઓ સંપૂર્ણપણે સ્વસ્થ થઇને પોતાના ઘરે પરત ફર્યા છે. જેમાં ૧૨,૭૨૨ દર્દીઓના કોરોના ટેસ્ટિંગ માટે સેમ્પલ લઇને આર. ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૬૬૪૦ દર્દીઓ પોઝિટિવ આવ્યા હતા. જેમાંથી મોટા ભાગના દર્દીઓ સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર મેળવી સંપૂર્ણપણે સાજા થઇ પોતાના ઘરે પરત ફર્યા છે.

# મહિસાગરમાં પ્રજાહિતનાં કામો

રાજ્ય સરકાર દ્વારા વિકાસની યાત્રા વણથંભી ચાલી રહી છે. મહીસાગર જિલ્લાના કડાણા ખાતે કડાણા-સંતરામપુર તાલુકાના અંદાજે રૂા.૮૩ કરોડથી પણ ખર્ચે નવનિર્મિત અને નિર્માણ પામનારાં પુલો-રસ્તાઓ અને મકાનોનાં તાજેતરમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં હતાં.



આ પ્રસંગે શ્રી નીતિનભાઇ પટેલે સરકારે પ્રજાહિતનાં વિકાસ કામો કરી લોકવિશ્વાસ સંપાદન કર્યો હોવાનું જણાવ્યું હતું. મહીસાગર જિલ્લામાં ત્રણ પુલ, ગોડાઉન, રેસ્ટહાઉસ, પાંચ રસ્તાઓનાં વિકાસકાર્ય કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત સંતરામપુર તાલુકાના ભાણાસીમર-૧ અને બારેલાના પેટા આરોગ્ય કેન્દ્રનાં ખાતમુહૂર્ત જયારે કડાણા તાલુકાના દધાલિયા, રોહિણીયા પેટા આરોગ્ય કેન્દ્ર તેમજ સરસવા(ઉ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ સર્વશ્રી જશવંતસિંહ ભાભોર, રતનસિંહ રાઠોડ ધારાસભ્ય સર્વશ્રી કુબેરભાઇ ડીંડોર, શ્રી જિગ્નેશભાઇ સેવક સહિત અધિકારીઓ-અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# મહાનગરો અને નગરોમાં 'દીનદયાળ ક્લિનિક'



રાજ્યના શહેરી વિસ્તારોમાં ગીચ જગ્યાએ વસતા ગરીબોને ઘર આંગણે જ આરોગ્ય સારવાર પૂરી પાડવા રાજ્ય સરકારે મહાનગરો તથા એક લાખથી વધુ વસ્તી ધરાવતાં નગરોમાં દીનદયાળ ક્લિનિક કાર્યરત કરવાનો નિર્ણય કર્યો છે.

અમદાવાદના વાડજમાં દીનદયાળ ક્લિનિક શરૂ કરવા સ્થળ મુલાકાત કર્યા બાદ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી સરકારે રાજ્યના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર જેવાં મહાનગરો તથા એક લાખથી વધુ વસ્તી ધરાવતાં નગરોમાં રોજ કમાઈને ગુજરાન ચલાવતા લોકોને ઘરઆંગણે જ આરોગ્ય સારવાર પૂરી પાડવા માટે અંદાજપત્રમાં આ યોજના મંજૂર કરી હતી. હવે રાજ્યનાં મહાનગરો અને નગરોમાં આવા દીનદયાળ ક્લિનિક શરૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે માટે રાજ્યનાં મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને સ્થળ પસંદગી માટે પણ સૂચનાઓ આપી દેવાઈ છે.

ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં અગ્રિમતાના ધોરણે દીનદયાળ ક્લિનિક શરૂ કરાશે. જેમાં આરોગ્ય વિભાગ, મ્યુનિસિપલ કોર્પોરેશન તથા નગરપાલિકાનો સહયોગ લેવાશે. આ દીનદયાળ ક્લિનિકો પ્રાથમિક શાળા, આંગણવાડી કેન્દ્રો કે હંગામી ધોરણે બાંધકામ કરીને કાર્યરત કરવામાં આવશે.આ ક્લિનિકમાં રોજે સાંજે ૪થી ૯ કલાક દરમિયાન એમ.બી.બી.એસ. અને આયુષ ડૉક્ટરો દ્વારા વિના મૂલ્યે દર્દીઓને સારવાર તથા  દવાઓ પૂરી પાડવામાં આવશે. તેમજ આ વેળાએ કોઈ નાગરિકોને ગંભીર બીમારી જણાશે તો સ્પેશિયાલિટી કે સુપર સ્પેશિયાલિટી સારવાર માટે રિફર કરવામાં આવશે. ત્યાં પણ મા યોજના, મા વાત્સલ્ય યોજના અને વડાપ્રધાન જન આરોગ્ય યોજના હેઠળ રૂ ૫ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.



નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે મહાનગરો તથા ૧ લાખથી વધુ વસ્તી ધરાવતાં નગરોમાં ઝૂંપડપટ્ટી, ચાલી વિસ્તારમાં રહેતા લોકોને ગીચ વિસ્તારમાં આરોગ્ય સારવાર પૂરી પાડવામાં ધન્વંતરિ રથને અપ્રતિમ સફળતા મળી છે. જેના પરિણામે આવા વિસ્તારના લોકોને ઘર આંગણે જ સારવાર મળતાં રાહત થઈ અને કોરોનાના દર્દીઓને શોધવામાં પણ સફળતા મળી. ઉપરાંત ૧૦૪ અને ૧૦૦ની સેવાઓ દ્વારા પણ સારવાર ઉપલબ્ધ બનાવીને લોકોને હોસ્પિટલમાં જતાં બચાવી શક્યા છીએ. આવા ગીચ વિસ્તારોમાં ૧૦૮ કે રિક્ષાને જવામાં પણ તકલીફ ઊભી થતી હોય છે ત્યારે આવા દીનદયાળ ક્લિનિક કાર્યરત થતાં આવા ગરીબ પરિવારોને ઘરઆંગણે જ વિનામૂલ્યે સારવાર મળતી થશે. દીનદયાળ યોજના એ રાજ્ય સરકારની કાયમી યોજના છે. જેના થકી આવનાર સમયમાં હજારો નાગરિકોને ઘરઆંગણે સારવાર મળશે.

નાયબ મુખ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું કે શહેરી વિસ્તારોમાં નાગરિકોને સારવાર પૂરી પાડવા માટે રાજ્ય સરકારે રાજ્યમાં અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત કર્યાં છે. જેના દ્વારા નાગરિકો સવલતો મેળવી જ રહ્યા છે. અમદાવાદ શહેરમાં આવાં ૭૪ અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત છે જેનું સંચાલન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેમાં ડૉક્ટર્સ, નર્સિંગ સ્ટાફ, એક્સ-રે અને ટેસ્ટ માટે લેબોરેટરીની વિનામૂલ્યે સુવિધા પૂરી પાડવામાં આવે છે. આવા હેલ્થ સેન્ટર સુધી ન પહોંચી શકે તેવા ગરીબ નાગરિકોને ઘર આંગણે સારવાર માટે દીનદયાળ ક્લિનિક શરૂ કરાનાર છે તે માટે આજે ૩૦ હજારથી વધુ વસ્તી ધરાવતા રામદેવનગર વિસ્તારની સ્થળ પસંદગી માટે આજે આ મુલાકાત કરી છે. આ વિસ્તારમાં પાંચથી વધુ દીનદયાળ ક્લિનિક શરૂ કરવામાં આવશે.

આ મુલાકાત વેળાએ શહેરના ધારાસભ્યશ્રીઓ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને આરોગ્ય વિભાગના અધિકારીઓ જોડાયા હતા. ●



# ભારતનું "ફ્યૂચર ઓફ હેલ્થ" અને "હેલ્થ ઓફ ફ્યૂચર" બંને ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ યોગદાન

## રાજ્યની પ્રથમ એઇમ્સનું રાજકોટમાં ઈ-ખાતમુહૂર્ત

રાજકોટમાં એઈમ્સના શિલારોપણની સાથે દેશના આરોગ્ય ક્ષેત્રના આંતરમાળખાને મજબૂત બનાવનાર વધુ એક કડી ઉમેરાઇ છે, જેના કારણે ગુજરાતની સાથે સમગ્ર દેશમાં સ્વાસ્થ્ય-સેવાને નવું બળ મળશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજકોટ ખાતે નિર્માણ થનાર એઇમ્સનું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત કરતાં જણાવ્યું હતું કે ૨૦૨૦નું વર્ષ હેલ્થ ચેલેન્જીસનું વર્ષ રહ્યું છે. ગત વર્ષના પડકારો સામે ૨૦૨૧નું વર્ષ હેલ્થ સોલ્યુશનનું વર્ષ બની રહેશે. આરોગ્ય ક્ષેત્રે નક્કર કામગીરી દ્વારા આજે ભારત ''ફ્યૂચર ઓફ હેલ્થ'' અને ''હેલ્થ ઓફ ફ્યૂચર'' બંને ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપવા જઈ રહયું છે. ગુજરાતની પ્રથમ અને દેશની 21મી એઈમ્સનું રાજકોટમાં રૂ. 1200 કરોડના ખર્ચે નિર્માણ થવાથી ગુજરાત અને ગુજરાત બહારનાં નાગરિકોને સ્વાસ્થ્યની ઉત્તમ સેવાઓ ઉપલબ્ધ બનશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કોરોના યોદ્ધાઓના સમર્પણને બિરદાવતાં કહયું હતું કે, કોરોનાના કપરા સમયમાં દેશની જનતાએ એક થઇને કોરોના સામે આપેલી લડતના પરિણામે આપણે કોરોના સામે મજબૂત બની લડી શક્યા છીએ. પહેલાના સમયમાં ગરીબ મા - બાપ તેમના બાળકોની જીંદગીમાં કર્જ ન આવે તે માટે બીમાર હોવા છતાં પણ આર્થિક સંકડામણના કારણે દર્દ ભોગવીને તેમનો ઈલાજ કરાવતા ન હતા. તેવા ગરીબ પરિવારો માટે સરકારનું આયુષ્માન ભારત યોજનારૂપી સુરક્ષા કવચ આજે આશિર્વાદરૂપ બન્યુ છે. આ યોજનાથી અત્યાર સુધીમાં દોઢ કરોડ જેટલા ગરીબ દર્દીઓ રૂપિયા ૫ લાખ સુધીની આરોગ્ય સારવાર નિ:શુલ્ક કરાવી શક્યા છે. જેના કારણે તેમની રૂ. ૩૦ હજાર કરોડ જેટલી માતબર રકમ બચાવી શક્યા છે. આ ઉપરાંત દેશભરમાં ફેલાયેલ ૭ હજારથી વધુ જનઔષધિ કેન્દ્રોના કારણે આવા દર્દીઓની રૂ. ૩૬૦૦ કરોડથી વધુ રકમની બચત થઇ છે. વડાપ્રધાન માતૃવંદના યોજના, પોષણ યોજના, વગેરે થકી માતા મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

તબીબી શિક્ષણ ક્ષેત્રે ''મિશન મોડ''માં કાર્ય થઇ રહયું છે. તેમ જણાવી વડાપ્રધાનશ્રીએ પ્રત્યેક રાજયમાં એક એઈમ્સ અને ત્રણ લોકસભા દીઠ એક મેડિકલ કોલેજ સ્થાપવાની કેન્દ્ર સરકારની નેમ વ્યક્ત કરી હતી.

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના સ્વાસ્થ્ય માટે એઈમ્સ એ પાયાનો પથ્થર બની રહેશે, તેમ જણાવી આ સંસ્થા ઝડપથી વિકસિત બની લોકોની અહર્નિશ સેવામાં સમર્પિત બનશે, તેવી આશા વ્યક્ત કરી હતી. તેમણે કહયું હતું કે, ગુજરાતના લોકોને નર્મદાના નીરથી જેટલો આનંદ થયો હતો, તેટલો જ આનંદ આ સંસ્થા શરૂ થવાથી થશે. આ સંસ્થાના નિર્માણથી લોકોની આરોગ્ય સુખાકારીની સાથે રોજગારીનું સર્જન પણ થશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટમાં સ્થપાનારી એઈમ્સ રાજયની





આરોગ્યલક્ષી સુવિધાનાં ક્ષેત્રે ઉપયોગી સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ સંસ્થાનું રાજકોટમાં નિર્માણ થવાથી ગુજરાતના લોકોને આરોગ્ય ક્ષેત્રે ઉચ્ચત્તમ સુપર સ્પેશ્યાલિટી સેવા હવે ઘરઆંગણે મળી રહેશે. ગુજરાતને આરોગ્ય ક્ષેત્રે અદ્યતન સવલતો આપવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સુનિયોજિત આયોજનના ભાગરૂપે દેશભરમાં અમલી બનાવાયેલી વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓની ટૂંકી વિગતો આપતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, બે દાયકા પહેલાં રાજયમાં માત્ર ૯ મેડીકલ કોલેજો અને ૧૦૦૦ જેટલી બેઠકો ઉપલબ્ધ હતી. જયારે આજે ગુજરાતમાં ૩૦થી વધુ મેડીકલ કોલેજો અને ૬૦૦૦ થી વધુ બેઠકો ઉપલબ્ધ બની છે. એઇમ્સના કારણે ગુજરાતમાં મેડીકલ ટુરીઝમ વધશે અને નવી રોજગારીની તકો ઉપલબ્ધ બનશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રે વિકાસની ગતિ અવિરત રહી છે. હાલમાં જ ગોધરા, નવસારી, મોરબી, રાજપીપળા જેવા જિલ્લાઓમાં પણ મેડીકલ કોલેજોને મંજૂરી મળી છે. આ ઉપરાંત મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ પણ હાલ ગુજરાતમાં કાર્યરત છે. તેવા સમયે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજકોટને એઇમ્સ ફાળવીને ગુજરાતને ભુતકાળમાં એઇમ્સ બાબતે થયેલા અન્યાયને દૂર કર્યો છે.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી, સાંસદ સર્વ શ્રી મોહનભાઇ કુંડારિયા, સી.આર.પાટીલ, પુનમબેન માડમ, રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય સર્વશ્રી ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, અરવિંદભાઈ રૈયાણી, અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનના અધ્યક્ષ ડો.પી.કે.દવે, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, આરોગ્ય સચિવ ડો. જયંતી રવિ, પદાધિકારીઓ, એઈમ્સના ડોક્ટર્સ તબીબી વિદ્યાશાખાના છાત્રો વગેરે ઉપસ્થિત રહયા હતા. ●

## AIIMSના પ્રથમ શૈક્ષણિક સત્રનો પ્રારંભ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજકોટ AIIMSના પ્રથમ શૈક્ષણિક સત્રનો પ્રારંભ કરાવતાં સ્પષ્ટ મત વ્યકત કર્યો હતો કે, AIIMS જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત મેડીકલ ઇન્સ્ટિટ્યૂટ રાજકોટમાં આવતાં રાજ્યના હેલ્થકેર સેકટરમાં નવો પ્રાણ ફૂંકાશે. મુખ્યમંત્રીશ્રીએ રાજકોટ AIIMSના પ્રથમ શૈક્ષણિક સત્રની પ્રથમ બેચનો ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ દ્વારા ઇ-પ્રારંભ કરાવ્યો હતો. કેન્દ્રિય આરોગ્ય મંત્રી શ્રી ડૉ. હર્ષવર્ધન, રાજ્યમંત્રી શ્રી અશ્વિનીકુમાર ચૌબે નવી દિલ્હીથી તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતી રવિ, ગાંધીનગરથી આ વેળાએ જોડાયાં હતાં.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે, વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાત અને ખાસ કરીને રાજકોટને આ નવી AIIMSની ભેટ આપી છે. હવે ગરીબ, છેવાડાના માનવીને પણ શ્રેષ્ઠ સુપર સ્પેશ્યાલિટી મેડીકલ ફેસેલિટીઝ મળતી થશે. ગુજરાતના યુવાનોને મેડીકલ એજ્યુકેશન માટે રાજ્ય બહાર જવું પડતું હતું તે સ્થિતિનો પણ અંત આવ્યો છે.


નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, બે દાયકા પહેલાં ગુજરાતના વિદ્યાર્થીઓને બહારના રાજ્ય અને વિદેશમાં તબીબી શિક્ષણ લેવા જવું પડતું હતું. પણ હાલ ગુજરાતમાં મેડિકલ બેઠકોની સંખ્યામાં પર્યાપ્ત વધારો થયો છે. ●




## કોરોના મહામારીના મક્કમ મુકાબલા સાથે વર્ષ 2020ને અલવિદા



# જનહિતલક્ષી વણથંભી વિકાસયાત્રા : એક ઝલક...

સંકલ્પિત કાર્યને ઝડપથી પૂર્ણ કરી લક્ષ્યસિદ્ધિ હાંસલ કરવા સતત ક્રિયાશીલતા આવશ્યક છે. ગુજરાતે છેલ્લા એક વર્ષમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના કુશળ તથા દીર્ઘદૃષ્ટિપૂર્ણ નેતૃત્વ હેઠળ સંકલ્પો પરિપૂર્ણ કરી શાનદાર સફળતા મેળવી છે. પારદર્શિતા, નિર્ણાયકતા, સંદવનશીલતા અને પ્રગતિશીલતાના ચાર સ્તંભના આધાર પર ગુજરાતે જન જનના વિકાસની ઈમારત ચણી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના શાસનનાં ચોથા વર્ષ એટલે 2020ના વર્ષમાં પણ ગુજરાતે અભૂતપૂર્વ સફળતા અને સિદ્ધિ હાંસલ કરી છે. કોરોના સંક્રમણયુક્ત હોવા છતાં ગુજરાતમાં વિકાસકાર્યો પર રોક લાગી નથી. ઘણાં વિકાસકાર્યો પૂર્ણ થતાં જનસમર્પિત કરવામાં આવ્યાં તો ઘણાંની શરૂઆત કરવામાં આવી. આ વિકાસકાર્યો થકી ગુજરાતે સાધેલા ગૌરવપૂર્ણ વિકાસનું ચિત્ર ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ થયેલી વિકાસ ગાથાઓની આછેરી ઝલક આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અહીં પ્રસ્તુત છે, છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં કરેલી સીમાચિહ્નરૂપ કામગીરી અને રાજ્ય સરકારે કરેલા જનહિતલક્ષી નિર્ણયોનું વિહંગાવલોકન...

## જાન્યુઆરી

- ❖ ગુજરાત પોલીસને નિશાન પ્રદાન કરતાં ઉપરાષ્ટ્રપતિ
- ❖ સુશાસન દિવસ નિમિત્તે ખેડૂત હિતલક્ષી રૂ.3795 કરોડનાં કૃષિ સહાય પેકેજનું વિતરણ
- ❖ કૃષિ સહાય પેકેજનો ગુજરાતના 56 લાખ કિસાનોને લાભ
- ❖ બારડોલી રીવરફ્રન્ટને ખુલ્લો મૂકવામાં આવ્યો
- ❖ સતત બીજા વર્ષે(2019) 100થી વધુ ટીપી સ્કીમોને મંજૂરી
- ❖ ફતેવાડી કેનાલ મારફતે ખેડૂતોને બારેમાસ સિંચાઇનું પાણી
- ❖ ગત ત્રણ વર્ષમાં SCSP હેઠળ વિકાસ માટે રૂ.11 હજાર કરોડથી વધુનો ખર્ચ
- ❖ છ મહાનગરપાલિકા અને સાત નગરપાલિકામાં રૂ.1888 કરોડનાં કામોને સૈદ્ધાંતિક મંજૂરી
- ❖ પોલીસ ગણવેશમાં એક સમાન ગુજરાત પોલીસ બેઝ અને પોલીસ લોગોનું સોલ્ડર એમ્બ્લમ લગાવાશે.

## ફેબ્રુઆરી

- ❖ ગુજરાતમાં સાયબર ક્રાઇમ રોકવા તથા ગુના ઉકેલવા તેમજ સાયબર સુરક્ષા માટે વિશ્વાસ અને આશ્વસ્ત પ્રોજેક્ટ કાર્યાન્વિત કરાયો.
- ❖ દાહોદથી રાજ્યવ્યાપી પોષણ અભિયાનનો પ્રારંભ
- ❖ પોષણ અભિયાનના સંવાહક આંગણવાડી કાર્યકર, આશા વર્કર, એએનએમ વર્કરને ત્રિવેણી પુરસ્કારની ઘોષણા
- ❖ અનામતની જોગવાઇ વધુ દસ વર્ષ લંબાવવાના બંધારણીય સુધારા વિધેયક સંસદના બંને ગૃહોમાં પસાર થયું, ગુજરાત વિધાનસભામાં પણ ભારતના બંધારણ ના અનુચ્છેદ 368(2) અન્વયેનો સમર્થન પ્રસ્તાવ રજૂ કરાયો.
- ❖ ગુજરાત વિધાનસભામાં નાગરિક સુધારા કાયદા (CAA) ને સમર્થન આપતો પ્રસ્તાવ બહુમતીથી પસાર
- ❖ સાતમી આર્થિક ગણતરીમાં પ્રથમવાર મોબાઇલ એપનો ઉપયોગ
- ❖ યુ-વિન કાર્ડ ધારવતા અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ
- ❖ સુરતમાં નિર્મિત K9 વ્રજ ટેન્ક સેનામાં સામેલ
- ❖ અમદાવાદ મુંબઇ વચ્ચે તેજસ એક્સપ્રેસ શરૂ
- ❖ રાજકોટમાં મેડિકલ ડિવાઇસ પાર્ક વિકસિત કરાશે
- ❖ રાજકોટમાં વિચરતી જાતિના પરિવારોને સનદ-સૂચિત સોસાયટીના રહીશોને માલિકીપણાના હક્ક અપાયા
- ❖ પોષણ અભિયાનના ભાગરૂપે સુપોષણયુક્ત ગુજરાતના સંકલ્પ સાથે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં 1302 કાર્યક્રમો યોજાયા.
- ❖ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો પ્રારંભ.
- ❖ જાપાનના કાબે સિટી અને અમદાવાદ વચ્ચે સિસ્ટર સિટી ઍગ્રીમેન્ટ.
- ❖ 20 નગરપાલિકા વિસ્તારમાં રેલવે ઓવરબ્રિજ અને અંડરબ્રિજને સૈદ્ધાંતિક મંજૂરી.
- ❖ વનવાસી ખેડૂતો માટે 24 ગામમાં ચેકડેમ બંધાશે.
- ❖ 7 ટીપી અને 1 ફાયનલ ડિપી યોજના સહિત વિજાપુર ડેવલપમેન્ટ પ્લાન સહિત 8 યોજનાઓ મંજૂર.
- ❖ હોર્સપાવર આધારિત કૃષિ વીજજોડાણો ધરાવતાં ખેડૂતોને વધારાનો વીજભાર નિયમિત કરાવા માટે તક.
- ❖ ખેડૂતોને પુરવણી વીજબિલ ભરવામાંથી મુક્તિ અપાઇ.





## માર્ચ

- ❖ વિધાનસભામાં વર્ષ 2020નું રૂ.2,17,287 કરોડનું અંદાજપત્ર રજૂ કરાયું.
- ❖ વર્ષ 2020-21ના અંદાજપત્રમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકારી સંબંધિત પ્રવૃત્તિઓ માટે રૂ.7423 કરોડની ફાળવણી.
- ❖ મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજનાની જાહેરાત કરવામાં આવી.
- ❖ દેશની પ્રથમ ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી હાલોલમાં સ્થપાશે.
- ❖ ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા યોજનાની જાહેરાત.
- ❖ એક લાખ કૃષિ વિષયક વીજજોડાણ માટે રૂ.1489 કરોડની જોગવાઇ.
- ❖ ખેડૂતોને રાહત દરે વીજ પુરવઠો પૂરો પાડવા સબસિડી આપવા રૂ.7385 કરોડની જોગવાઇ.
- ❖ મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે રૂ.3150 કરોડની જાગવાઇ.
- ❖ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ વિધવા બહેનો માટે રૂ.500 કરોડની જોગવાઇ.
- ❖ સૌની યોજના માટે રૂ.1710 કરોડની જોગવાઇ.
- ❖ હર ઘર જલ અંતર્ગત વર્ષ, 2022 સુધીમાં 17 લાખ ઘરમાં નળ જોડાણ માટે રૂ.724 કરોડની ફાળવણી.
- ❖ રાજ્યની 500 શાળાને સ્કૂલ ઓફ એક્સેલન્સ તરીકે વિકસાવાશે.
- ❖ પ્રાથમિક શાળાઓમાં 7 હજાર નવા વર્ગખંડો માટે રૂ.650 કરોડની ફાળવણી.
- ❖ નવી 5 વિજ્ઞાન પ્રવાહ કોલેજ શરૂ કરવા નિર્ણય.
- ❖ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે રૂ.11,243 કરોડની જોગવાઇ.





- ❖ ઔદ્યોગિક નીતિ MSME સહાય યોજના અંતર્ગત 2600 એકમને મંજૂરી.
- ❖ રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ 8 લાખ લાભાર્થીઓ માટે રૂ.753 કરોડની જોગવાઇ.
- ❖ સ્માર્ટ સિટી મિશન અંતર્ગત 6 શહેરોના વિકાસ કામ માટે રૂ.597 કરોડની જોગવાઇ.
- ❖ મુખ્યમંત્રી સડક યોજના અંતર્ગત રૂ.500 કરોડની જોગવાઇ.
- ❖ તાલુકા કક્ષાએ 283 જેટલી સેવાઓ પૂરી પાડતા જનસેવા કેન્દ્રોના આધુનિકીકરણ માટે રૂ.18 કરોડની જોગવાઇ.
- ❖ વડનગરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે.
- ❖ બેટદ્વારકા અને ઓખાને જોડતો રૂ.963 કરોડનો 4.56 કિ.મિ.નો સિગ્નેચર બ્રિજ.
- ❖ સ્ટેચ્યૂ ઓફ યુનિટીને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા રૂ.387 કરોડની જોગવાઇ.
- ❖ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત.
- ❖ સૌરાષ્ટ્ર-કચ્છમાં ચાર ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવા સમજૂતી કરાર.
- ❖ નેધરલેન્ડની PAL-V ફ્લાઈંગ કારનું મેન્યુફેક્ચરિંગ ગુજરાતમાં કરવા MoU.
- ❖ ગુજરાત રેલવે પોલીસે તૈયાર કરેલી સુરક્ષિત સફર એપનું લોન્ચિંગ.
- ❖ દેશના 64 ટકી સોલાર રૂફટોપ એકલા ગુજરાતમાં.
- ❖ યાયાવર પક્ષીઓના સંરક્ષણમાં ગુજરાત અગ્રેસર.
- ❖ રાજ્યની 11 નગરપાલિકાઓના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉપર સોલાર સિસ્ટિમ.

## એપ્રિલ

- ❖ ગુજરાતમાં કોરોના સંક્રમણને લીધે લોકડાઉન જાહેર કરી તેનો કડક અમલ કરાયો.
- ❖ લોકડાઉનને લીધે વીજબિલ ભરવાની તારીખ લંબાવાઇ.
- ❖ રાજ્યના મહાનગરોમાં વસતા વડીલોને લોકડાઉનમાં વડીલ વંદના અંતર્ગત વિનામૂલ્યે ભોજન સેવા.
- ❖ લોકડાઉનમાં 60 લાખ ગરીબ પરિવારોના 3.25 કરોડ લોકોને વિનામૂલ્યે રાશન.
- ❖ આશ્રમશાળા, સમરસ હોસ્ટેલ, દિવ્યાંગ છાત્રાલય અને બાળ સંરક્ષણ ગૃહનાં બાળકોને વિદ્યાર્થીદીઠ રૂ.1500ની સહાય.
- ❖ કોવિડ 19ની મહામારી સામે લડવા મુખ્યમંત્રી રાહતનિધિને મળ્યો અપ્રતિમ પ્રતિસાદ.
- ❖ કેદીઓને બે માસ માટે પેરોલ ઇન્ટ્રીમ બેલ આપવાનો નિર્ણય.
- ❖ નાના પશુપાલકો દૂધ સહકારી મંડળીમાં દૂધ ભરાવી શકશે.

- ❖ રાજ્યના અંત્યોદય-પીએચએચ પરિવારોને અપ્રિલ માસના અનાજનું વિનામૂલ્યે વિતરણ.
- ❖ અસંગઠિત કામદારો માટે રૂ.650 કરોડનું પેકેજ જાહેર.
- ❖ રાજ્યનાં ચાર મહાનગરોમાં કોવિડ સ્પેશિયલ હોસ્પિટલ્સ શરૂ કરવામાં આવી.
- ❖ લોકડાઉનમાં અન્યત્ર ફસાયેલા ગુજરાતી યાત્રિકો, મુસાફરોનો લાવવા વ્યવસ્થા કરાઇ.
- ❖ 10 હજારથી વધુ શ્રમિકોને વતન મોકલવા વ્યવસ્થા કરાઇ.
- ❖ સાગરખેડૂના લાભાર્થે લોકડાઉનમાં સાગર ખેડવા પરનો પ્રતિબંધ ઉઠાવી લેવાયો.
- ❖ હોમ ક્વોરેન્ટાઇન અને આઇસોલેશનમાં રખાયેલા લોકો માટે હેલ્પલાઇન- ટેલી મેડિસિન શરૂ કરાઇ.
- ❖ રાજકોટમાં કોવિડ લેબોરેટરી શરૂ કરવામાં આવી.
- ❖ લોકડાઉનમાં 7 લાખથી વધુ શ્રમિકોને રૂ.1269 કરોડનું વેતન ચૂકવાયું.
- ❖ વડાપ્રધાન ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગત ગુજરાતને રૂ.3950 કરોડના લાભ-સહાય.
- ❖ મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજમાં રૂ.2259 કરોડના લાભ-સહાય.
- ❖ 31 ખાનગી ડેઝિગ્નેટેડ કોવિડ-19 હોસ્પિટલ તરીકે કાર્યરત.
- ❖ કોરોના વાઇરસની સ્થિતિમાં લોકડાઉનને કારણે બંધ માર્કેટયાર્ડ-અનાજ માર્કેટયાર્ડ પુન:કાર્યરત.
- ❖ રાજ્યના 92 ટકા લોકોને વિનામૂલ્યે અનાજ વિતરણ.

## મે

- ❖ કોરોના સંક્રમણ સંબંધે ગુજરાત સરકારનાં પગલાંઓની પ્રશંસા કરતી કેન્દ્રીય ટીમ.
- ❖ કોરોનાની સારવારમાં એકસૂત્રતા અને સંકલન માટે 8 વરિષ્ઠ આઇએએસ અધિકારીઓને વધારાની જવાબદારી.
- ❖ રાજ્યમાં 40 હજારથી વધુ ઉદ્યોગો પુન:કાર્યરત થયા.
- ❖ સુજલામ સુફલામ્ જળઅભિયાનના ત્રીજા તબક્કાનો પ્રારંભ.
- ❖ જળઅભિયાનમાં ખોદાણમાંથી મળતી માટીનો કાંપ ખેડૂતોને વિનામૂલ્યે અપાશે.
- ❖ નગરપાલિકા, મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ઉદ્યોગો કાર્યરત કરવા નિર્ણય.
- ❖ ભારત સરકાર દ્વારા સાબરકાંઠાના તખતગઢને રાષ્ટ્રીય ગૌરવ ગ્રામસભા પંચાયત પુરસ્કાર.
- ❖ અટીરા દ્વારા ભારતમાં સૌપ્રથમ N-99 માસ્કના કાપડનું ઉત્પાદન.
- ❖ ગરીબી રેખા નીચે જીવતા 66 લાખ પરિવારના બેંક ખાતામાં રૂ.1 હજાર અપાયા.



- ❖ એક્સપોર્ટ કરતાં ઉદ્યોગોને પુન:કાર્યરત કરવાનો નિર્ણય.
- ❖ ગુજરાત સરકારે આત્મનિર્ભર ગુજરાત યોજના જાહેર કરી, 10 લાખને લાભ.
- ❖ વૈશ્વિક મહામારીના સંકટમાંથી બહાર આવવા-આર્થિક ગતિવિધિઓ પૂર્વવત કરવા સમિતિ.
- ❖ કોરોના સામેની લડતને એઇમ્સના ડાયરેક્ટરે બિરદાવી.
- ❖ ગુજરાતમાંથી 4.70 લાખ શ્રમિકોને 41 ટ્રેન મારફતે વતન પહોંચાડાયા.
- ❖ સીસીઆઇ મારફતે કપાસ ખરીદવા ખેડૂતહિતલક્ષી નિર્ણય
- ❖ ગુજરાત ગેસ કંપનીનો ગેસ વપરાશ કરતા ઉદ્યોગોને બાકી બિલમાં મુદત વધારી અપાઇ.
- ❖ વીજકંપનીઓ દ્વાર વસૂલાતા ફ્યુઅલ સરચાર્જમાં પ્રતિ યુનિટ ઘટાડો કરાયો.

## જૂન

- ❖ 68.80 લાખ NFSA અત્યોદય, અગ્રતા ધરાવતા કુટુંબો તેમજ 61 લાખ APL-1 કુટુંબોને વિનામૂલ્યે અનાજ.
- ❖ દેશમાં સૌથી વધુ શ્રમિક ટ્રેન ગુજરાતે દોડાવી.
- ❖ 971 ટ્રેન દ્વારા 14.13 લાખ શ્રમિકોને વતન પહોંચાડાયા.
- ❖ અમદાવાદ સિવિલમાં કોવિડ કમાન્ડ કંટ્રોલ ડેશબોર્ડ કાર્યરત.
- ❖ દેશભરમાં સૌથી વધુ ફોરેન ડાયરેક્ટર ઇન્વેસ્ટમેન્ટ મેળવતું ગુજરાત.
- ❖ સુજલામ્ સુફલામ્ જળઅભિયાનના ત્રીજા તબક્કામાં 4688 કામો પ્રગતિ હેઠળ.

- વિદેશ અટવાયેલા ગુજરાતીઓને પરત લવાયા.
- લોકડાઉનમાં ઘાસચારો-પશુઆહાર માટે પશુદીઠ દૈનિક સહાય.
- સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રનાં 25 જળાશયો, 120 તળાવો, 400થી વધુ ચેકડેમમાં 4 મિલિયન ઘનફૂટ પાણી ઉદવહન કરવા કરવા નિર્ણય.
- ખેડૂતોને ટૂંકી મુદતનું પાક ધિરાણ પરત ભરપાઇ કરવામાં રાહત.
- કોરોના સમયમાં હેલ્પલાઇન પર સાત લાખ કોલ.
- વલસાડમાં કોરોનાની રેપિડ ટેસ્ટ કિટ બનશે.
- ગુજરાત સરકારનું રૂ.14 હજાર કરોડનું આત્મનિર્ભર પેકેજ.
- ગુજરાતની શાન એવા સિંહની વસતી-વિસ્તારમાં વધારો.
- પ્રોપર્ટી ટેક્સ, વીજ બિલ અને વાહન કરમાં રૂ.2300 કરોડની માફી અને રાહતો.
- ઉદ્યોગો વ્યવસાયો માટે રૂ.3038 કરોડની પ્રોત્સાહિક સબસિડી.
- ગુજરાત ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગોને આર્થિક પ્રોત્સાહન અને વહીવટી સરળતા.
- એફોર્ડેબલ હાઉસિંગ ક્ષેત્રમાં 1.60 લાખ મકાનો માટે રૂ.1 હજાર કરોડની સબસિડી.
- કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રે રૂ.1190 કરોડની સહાય/રાહત.
- મુખ્યમંત્રીશ્રીએ આઠ ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર કરી.
- સુજલામ્ સુફલામ્ જળઅભિયાન ત્રીજો તબક્કો સંપન્ન.
- કોરોના મહામારી વચ્ચે જળઅભિયાનથી 17075 લાખ ઘન ફૂટ જળસંગ્રહ ક્ષમતા વધી.
- અરવલ્લીના આદિજાતિના 113847 લોકોને મનરેગાથી મળી રોજગારી.
- લોકડાઉન -1થી અનલોક -1 સુધીમાં 175 ટ્રેન દ્વારા 2.56 લાખથી વધુ શ્રમિકોને વતન મોકલાયા.
- માલવાહક વાહનોને બે માસ કર ભરવામાંથી મુક્તિ અપાઇ.
- નોન ક્રિમીલેયર સર્ટિફિકેટની સમયમર્યાદામાં એક વર્ષનો વધારો કરાયો.





## જુલાઇ

- રાજ્યની 3.50 કરોડ પશુસંપદાને ઓન કોલ 1962 સેવાથી આરોગ્ય રક્ષા કવચ.
- 13 હજાર ઉદ્યોગને રૂ.1369 કરોડની સહાય DBTથી બેંકખાતામાં જમા કરવાનો પ્રારંભ.
- 87 હજારથી વધુ એકમોને પારદર્શી લોન-સહાય.
- MSME એકમોને રૂ.2428.19 કરોડની લોન સહાય.
- આઇટીઆઇના એક લાખ વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન તાલીમ અભ્યાસક્રમનું ઇ-લોન્ચિંગ.
- સરદાર સરોવરનાં પાવરહાઉસ ધમધમતાં થયાં.
- સતત ત્રીજી વાર રાજ્યના અંત્યોદય પરિવારોને વિનામૂલ્યે અનાજ વિતરણ.
- 219 ખરીદ કેન્દ્રો ઉપરથી ઘઉ અને તુવેરની ટેકાના ભાવે ખરીદી.
- ઉત્તર અને મધ્ય ગુજરાતની 8 નદીઓમાં નર્મદાનું પાણી વહેશે.
- રહેણાક વીજ ગ્રાહકોનું 100 યુનિટનું બિલ એક વખત માટે માફ.
- કોરોનાના ટેસ્ટની ફી રૂ.4500થી ઘટાડી રૂ.2500 કરાઇ.
- દેશભરમાં સૌથી ઓછા 3.4 ટકા બેરોજગારી દર સાથે રોજગારી આપવામાં ગુજરાત અગ્રેસર.
- ભૂજમાં મહિલા પોસ્ટ ઓફિસનો પ્રારંભ.
- ધન્વંતરિ રથના ઉમદા વિચાર અને અમલીકરણથી વડાપ્રધાનશ્રી પ્રભાવિત.
- કેન્દ્ર સરકાર મુજબ ગુજરાતમાં FDIમાં 240 ટકાનો વધારો.
- અમદાવાદની કોવિડ હોસ્પિટલમાં દેશની સૌ પ્રથમ પ્લાઝમા બેંકની સ્થાપના.
- રાજ્યના 14 આદિજાતિ જિલ્લાના 76 હજાર આદિવાસીઓ માટે કૃષિ વૈવિધ્યકરણ યોજનાનું ઈ-લોન્ચિંગ.
- 1.62 લાખ MSME એકમોની લોનઅરજી મંજૂર કરી રૂ.8886 કરોડની લોન બેંક દ્વારા અપાઇ.
- MSME સેક્ટરને લોન આપવામાં ગુજરાત દેશભરમાં પ્રથમ સ્થાને.
- સોલાર પાવર પોલિસીને ડિસેમ્બર 2020 સુધી લંબાવાઇ.
- કબજા સાથેના કે તેની વિનાના મુખત્યારનામાની નોંધણી ફરજિયાત કરવા નિર્ણય.

## ઓગસ્ટ

- ❖ કોરોના કાળમાં મુખ્યમંત્રીશ્રી રાહતનિધિમાંથી રૂ.244 કરોડ કોરોના સામે લડવા ફાળવાયા.
- ❖ દક્ષિણ ગુજરાતમાં રૂ.790 કરોડનાં વિકાસકાર્યોનાં ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્ત.
- ❖ ગુજરાતમાં કોરોના દર્દીઓનો રિકવરી રેટ વધીને 70 ટકા થયો.
- ❖ વલસાડના 9147 વનબંધુઓને વન જમીન ફાળવણીનાં અધિકાર-સનદનું ડિજિટલી વિતરણ.
- ❖ સમુદ્ર સીમાને વધુ મજબૂત કરવા મરીન પોલીસને સત્તા સોંપાઈ.
- ❖ ઔદ્યોગિક ક્ષેત્રે આગેકદમ ગુજરાત ઈન્ડસ્ટ્રિઅલ પોલિસી 2020 જાહેર.
- ❖ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો 56 લાખ ખેડૂતોને લાભ.
- ❖ ભરૂચ અંકલેશ્વરની કાયાપલટ કરનારી રૂ.5300 કરોડની ભાડભૂત બેરેજ યોજનાનો પ્રારંભ.
- ❖ આઠ મહાનગરો અને 155 નગરપાલિકાઓને વિકાસકામો માટે રૂ.1065 કરોડનું વિતરણ.
- ❖ નાના વેપારીઓને મદદ કરવા સ્ટ્રીટ વેન્ડર્સ યોજનાનો પ્રારંભ.
- ❖ જમીન સંપાદનના 2013ના કાયદા હેઠળ સંપાદન કરવામાં આવતી જમીનનું વળતર નક્કી કરવાની જોગવાઈ.
- ❖ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ખેડૂતોને 10 કલાક વીજળી.
- ❖ ગુજરાતની રૂપાણી સરકારનો પાંચમા વર્ષમાં પ્રવેશ.

## સપ્ટેમ્બર

- ❖ અમદાવાદને મળી રૂ.1016 કરોડનાં વિકાસકામોની ભેટ.
- ❖ કોરોના સામે ગુજરાતે કરેલી કામગીરીની WHOએ કરી સરાહના.
- ❖ અમદાવાદ મેટ્રોની 6.5 કિ.મિ. લંબાઈની ટનલ પૂર્ણ.
- ❖ શૈક્ષણિક હેતુસર ખેતીની જમીન ખરીદવા માટે કલેક્ટરની પૂર્વ મંજૂરી નહીં લેવી પડે.
- ❖ રાજ્યના મહાનગરોમાં 70 માળથી મોટી ઈમારત બનાવી શકાશે.
- ❖ જામગનરનું સચાણા બનશે શીપ બ્રેકિંગ યાર્ડનું નવું હબ.
- ❖ ગૃહ વપરાશનાં ખાનગી-સ્વતંત્ર રહેણાકના ભૂતિયા જોડાણોને નિયમિત કરાશે.






- ❖ ગેરકાયદે જમીન પચાવી પાડનાર ભૂમાફિયાઓને થશે કડક સજા.
- ❖ નાના ઉદ્યોગકારો, સ્ટાર્ટઅપ, બે લાખ સ્ટ્રીટ વેન્ડર્સના હિતમાં સ્ટેમ્પ ડ્યૂટી માફ.
- ❖ ગુનેગારો સામે કાર્યવાહી કરવા પાસા કાયદામાં સુધારો કરવા નિર્ણય.
- ❖ નિર્વાસિત મિલકતો, દુકાનો, ગોડાઉન, છૂટક જમીનોના ભાડૂવાતોને લાંબાગાળાના માલિકી હક્ક ભાડાપટ્ટે અપાશે.
- ❖ પાંચ જિલ્લાનાં ગામોને નલ સે જલ.
- ❖ ઔદ્યોગિક નીતિમાં 15 જેટલા પાયાના ઉદ્યોગો ઉપર ખાસ ધ્યાન અપાશે.
- ❖ ગુજરાતના આદિવાસી વિદ્યાર્થીઓ માટે 10 શાળા હોસ્ટેલ-સ્પોર્ટ્સ સંકુલની ભેટ.
- ❖ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં સતત બીજા વર્ષે પ્રથમ ક્રમ જાળવી રાખતું ગુજરાત.
- ❖ રાજ્યના 33 જિલ્લાના 80 સ્થળે 'સાત પગલાં ખેડૂત કલ્યાણનાં' યોજનાનું ઈ-લોન્ચિંગ.
- ❖ મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજનાનો 1.16 લાખ ખેડૂતોને લાભ.
- ❖ કિસાન પરિવહન યોજનાનો 8400 ખેડૂતોને લાભ.
- ❖ દેશી ગાયના નિભાવ માટે સહાય, જીવામૃત સહાય, ફળ-શાકભાજી વિક્રેતાને છત્રી અપાશે.
- ❖ સ્માર્ટ હેન્ડ ટૂલકિટ સહાય.
- ❖ કાંટાળી વાડ બનાવવા સહાય.
- ❖ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના શરૂ કરવાનો નિર્ધાર.
- ❖ રાજકોટને મળ્યાં રૂ.1000 કરોડથી વધુનાં અનેકવિધ વિકાસકાર્યો.
- ❖ ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશિયલ એક્ટિવિટિઝ (પ્રિવેન્શન) વટહુકમ.
- ❖ ગેરકાયદેસર ગુનાહિત કૃત્યોને અટકાવવા પાસાને વધુ કડક બનાવાયો.

- યુ.એસ. - ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ફોરમને CMનું સંબોધન.
- મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત રાજ્યભરમાં અનેકવિધ કાર્યક્રમ યોજાયા.
- હેરિટેજ ટુરિઝમ પોલિસી 2020-25ની જાહેરાત કરતાં મુખ્યમંત્રીશ્રી.
- સિરામિક ઉદ્યોગોને ગેસ બિલમાં 16 ટકાની રાહત.
- મગફળીની ટેકાના ભાવે ખરીદી.
- ભરતી પ્રક્રિયા પૂર્ણ થઇ હોય તેવી જગ્યા માટે ઉમેદવારોને નિમણૂકપત્રો આપવા આદેશ.
- ખેડૂત ખરાઇ પ્રમાણપત્ર, સબરજિસ્ટ્રાર કચેરી, બોજાનું પ્રમાણપત્ર થતા વેચાણ દસ્તાવેજની ઈન્ડેક્સ 2ની નકલ સેવાઓ ઓનલાઈન કરાઇ.
- વરસાદથી નુકસાનની ખેડૂતોને એસડીઆરએફના ધોરણે સહાય.
- પદાધિકારીઓ અને ધારાસભ્યોના વેતનમાં 30 ટકાનો ઘટાડો.

## ઓક્ટોબર

- કરજણ ઉદવહન યોજનાના અમલથી 53,700 એકર જમીનને સિંચાઈનો લાભ મળશે.
- વડાપ્રધાનશ્રીના જન્મદિવસે કૃષિ-ખેડૂત કલ્યાણ, મહિલા ઉત્કર્ષ, આદિજાતિ વિસ્તારમાં પાણી પુરવઠાનાં કામોનાં લોકાર્પણ-કાર્યારંભ.
- સાગબારા - ડેડિયાપાડા જૂથ પાણી પુરવઠા યોજનાનું ઈ-લોકાર્પણ.
- નર્મદા ડેમ સંપૂર્ણ સપાટીએ છલકાયો.
- બેટરી સંચાલિત ટૂ-વ્હિલર, થ્રી- વ્હિલર માટે સહાય યોજના.





- કચ્છમાં રૂ.1250 કરોડના ખર્ચે સ્ટીલ પ્લાન્ટ સ્થપાશે.
- ગુજરાત ટુરિઝમની વેબસાઇટનું લોન્ચિંગ.
- ભારત-ઇઝરાયેલ વચ્ચે ઈનોવેશન અને સ્ટાર્ટઅપના એમઓયુ.
- રક્ષાશક્તિ અને ફોરેન્સિક સાયન્સિસ યુનિ.ને રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો.
- ગુંડા અને અસામાજિક પ્રવૃત્તિઓ (અટકાવવા બાબત) વિધેયક - 2020 પસાર.
- કારખાના સુધારા વિધેયકથી રોજગારીની તકો વધશે.
- કોન્ટ્રાક્ટ મજૂર(નિયમન અને નાબૂદી) સુધારા વિધેયક પસાર.
- સ્મોલ કોઝ કોર્ટ કાયદા( ગુજરાત સુધારા) વિધેયક સર્વાનુમતે પસાર.
- ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા સુધારા વિધેયક વિધાનસભામાં પસાર.
- ધારાસભ્યશ્રીઓના પગાર-ભથ્થામાં 30 ટકા કાપને લગતું વિધેયક પસાર.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સુધારા વિધેયક પસાર.
- પાસાના કાયદામાં સુધારા વિધેયક વિધાનસભામાં પસાર.
- ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ વિધેયક પસાર.
- ગુજરાત ઔદ્યોગિક તકરાર અધિનિયમ હેઠળ સુધારા વિધેયક પસાર.
- ગુજરાત ખેત ઉત્પન્ન બજાર(સુધારા) વિધેયક - 2020 પસાર.
- ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદા - 2020 સુધારા વિધેયક સર્વાનુમતે પસાર.
- ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયક 2020 પસાર.
- ગુજરાત સરકારનું રૂ.3700 કરોડનું કૃષિ રાહત પેકેજ.
- રાજ્યવ્યાપી પોષણ માહ - 2020 બન્યું જન આંદોલન.
- રાજ્યની 23 નગરપાલિકાઓનાં વિકાસકામોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત.
- 3800થી વધુ સ્થળોએ 5 લાખ બહેનો હેન્ડ વોશિંગ-સેનેટાઇઝનેશ કેમ્પેનમાં જોડાઇ.
- ચાર જિલ્લાઓમાં નલ સે જલ યોજનાનો પ્રારંભ.
- ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમનો રાજ્યવ્યાપી પ્રારંભ.
- એનસીસીનું પ્રથમ સિમ્યુલેટર કાર્યરત.
- સારબરમતી જેલમાં રેડિયો પ્રિઝનનો પ્રારંભ.
- ફાટર સેફ્ટી એનઓસી મેળવવા અને દર 6 મહિને રિન્યુ કરવું ફરજિયાત.
- ખાનગી લેબોરેટરીઓને રેપિડ એન્ટી બોડી ટેસ્ટ કરવા મંજૂરી.
- રજિસ્ટર્ડ પાંજરાપોળો આત્મનિર્ભર બનશે.
- દૂધ સંઘોને દૂધ પાવડરની નિકાસ માટે સહાય.

- ગુજરાત વિધાનસભાએ પસાર કરેલા અશાંતધારાના કાયદાને મંજૂરીની મહોર મારતા રાષ્ટ્રપતિશ્રી.
- ડાંગર, મકાઇ, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી.
- એસડીઆરએફ લેનારને પણ ટેકાના ભાવે ખરીદીનો લાભ.

## નવેમ્બર

- સ્ટેચ્યૂ ઓફ યુનિટી- કેવડિયા સંકલિત 17 પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને 4 નવા પ્રોજેક્ટસનો શિલાન્યાસ.
- અમદાવાદ રીવરફ્રન્ટથી સી-પ્લેનનો પ્રારંભ.
- યુ.એન.મહેતામાં 850 પથારીની બાળકોના હૃદયરોગની હોસ્પિટલનું લોકાર્પણ.
- એશિયાના સૌથી મોટા રોપ-વેનું વડાપ્રધાનશ્રીના હસ્તે ઈ-લોકાર્પણ.
- ખેડૂતો માટે કિસાન સુર્યોદય યોજનાના પ્રથમ ચરણનો પ્રારંભ.
- શક્તિવંદના કાર્યક્રમ હેઠળ 9 નારી શક્તિનું સન્માન.
- મહેસૂલ વિભાગ દ્વારા ઓનલાઇન ઈન્સપેક્શન સિસ્ટિમ કાર્યરત.
- તાપીના દોસવાડમાં સ્થપાશે વિશ્વનું સૌથી મોટું ઝિંક સ્મેલ્ટર કોમ્પ્લેક્સ.
- વડોદરા નજીક અંખોલ ગામે સરદારધામ પ્રોજેક્ટનો પ્રારંભ.
- દેશનો સર્વપ્રથમ વર્ચ્યુઅલ પ્રોપર્ટી શો યોજાયો.
- રાજ્ય સરકાર હસ્તકની વીજકંપનીઓ દ્વારા ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડો.

## ડિસેમ્બર

- અમદાવાદમાં કોરોનાની વેક્સિનની ટ્રાયલનો પ્રારંભ.
- કોરોના સામે ગુજરાતે લીધેલાં પગલાંને કેન્દ્રીય ટીમે બિરદાવ્યાં.
- સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે અખિલ ભારતીય પ્રમુખ અધિકારીઓની ગરિમામય પરિષદ.
- જામનગર આયુર્વેદિક કોલેજને રાષ્ટ્રીય સંસ્થાનનો દરજ્જો.
- હજીરા ઘોઘા રોપેક્સ સર્વિસનો પ્રારંભ.
- ભાવનગરના 1252 પરિવારોને મળ્યું ઘરનું ઘર.
- દેશનાં કુલ સીએનજી ફિલિંગ સ્ટેશન પૈકી 30 ટકા ગુજરાતમાં.
- રાજ્યનાં 9836 શ્રમયોગી-પરિવારોને સહાય અર્પણ.
- કચ્છનાં ખાવડામાં 70,000 હેક્ટરમાં હાઇબ્રીડ રિન્યુએબલ એનર્જી પાર્કનો શિલાન્યાસ.
- હાઇબ્રીડ રિન્યુએબલ એનર્જી પાર્ક થકી 30 હજાર મેગાવોટ ઊર્જા ઉત્પાદિત થશે.
- રૂ.1.50 લાખના રોકાણથી સ્થપાનાર પાર્ક વર્ષે 5 કરોડ ટન કાર્બન ડાયોક્સાઇડ ઉત્પાદન થતો અટકાવશે.
- રિન્યુએબલ એનર્જી પાર્ક થકી 1 લાખને રોજગારી મળશે.
- માંડવી ખાતે "ડિસેલિનેશન પ્લાન્ટ"નું શિલાન્યાસ.
- સમુદ્રનું પ્રતિદિન૧૦ કરોડ લિટર પાણી પીવા યોગ્ય બનશે.
- અંજારના ચાંદરાણીમાં સરહદ ડેરીના ઓટોમેટીક મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનો શિલાન્યાસ.
- અમદાવાદમાં હાઉસિંગ, વોટર પ્રોજેક્ટ સહિતના રૂ.1078 કરોડનાં વિકાસકાર્યોનાં ઇ-લોકાર્પણ-ખાતમુહૂર્ત.
- રાજ્યની 10 યુનિવર્સિટીને પરમ શાવક સુપર કમ્પ્યૂટર અર્પણ.
- અમદાવાદ,મહેસાણા, અમરેલી, બનાસકાંઠા, સુરત, વડોદરા, ભરૂચમાં પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત.
- ઊર્જાની જેમ પાણીના ક્ષેત્રમાં પણ સરપ્લસ સ્ટેટ બનાવવાની દિશામાં ગુજરાત અગ્રેસર.
- નવા ફાયર એનઓસી ઓનલાઇન આપવા નિર્ણય.
- ભૂમાફિયાઓને અંકુશમાં લાવવા ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટનો અમલ. ●







## નિર્ણાયક મુખ્યમંત્રીશ્રીની આગવી સિદ્ધિ

# ત્રણ વર્ષમાં ટી.પી./ડી.પી મંજૂરીની ત્રેવડી સદી પૂર્ણ

રાજ્યના શહેરી વિસ્તારના વિકાસ માટે ગુજરાત દેશમાં નમૂનેદાર કાર્ય કરી રહ્યું છે. ભવિષ્યમાં ઊભી થનારી જરૂરિયાતોને ધ્યાને લઈ ગુજરાતે શહેરોમાં વિવિધ વિકાસ પ્રકલ્પો શરૂ કર્યા છે. શહેરોમાં તમામ લોકોને ઘરનું ઘર મળી રહે તે માટે નવા ટાઉન પ્લાન(TP) નિર્માણ કર્યા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પારદર્શિતા સાથે કાર્ય કરી વર્ષ 2020માં 100 જેટલી ટી.પી.ને મંજૂરીઓ આપીને સતત ત્રીજા વર્ષે પણ ટી.પી. મંજૂરીની સદી પાર કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યનાં શહેરી ક્ષેત્રોના વિકાસ સાથે આર્થિક સામાજિક રીતે નબળા વર્ગો માટે આવાસ નિર્માણ, જાહેર સુવિધાઓ તેમજ આંતર માળખાકીય સવલતો માટે સત્તા તંત્રોને જમીન સંપ્રાપ્ત કરાવવાના પારદર્શી અને નિર્ણાયક અભિગમ સાથે આ અગાઉ પણ 2018 અને 2019ના વર્ષોમાં સતત 100-100 ટી.પીની મંજૂરીઓની સિદ્ધિ મેળવેલી છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોનાકાળમાં પણ જન જીવન ઝડપભેર પૂર્વવત બનાવવા ન્યૂ નોર્મલ નવી જીવન શૈલી થકી વિકાસ કામોને ગતિ આપવાની સંકલ્પબદ્ધતા સાથે આ વર્ષે ડિસેમ્બર મહિનામાં છેલ્લાં ૧૮ દિવસોમાં ૪૪ ટી.પી. સ્કીમને આખરી મંજૂરી આપી ઝડપી અને ત્વરિત કાર્ય પ્રણાલીનો પરિચય આપ્યો છે. આ વર્ષે કોરોના સંક્રમણને કારણે આવેલી અડચણો હોવા છતા પણ વિકાસ કામોની ૨૦-૨૦ની રફતાર જાળવી રાખી ટી.પી. મંજૂરીનું શતક ફરી એક વાર સતત ત્રીજા વર્ષે પણ પાર કર્યું છે. તેમણે ત્રણ વર્ષમાં કુલ ૩૦૦થી વધુ ટી.પી./ડી.પી મંજૂર કરી રાજ્યના નગરો મહાનગરોના નવતર આયોજન કાર્યોને અભૂતપૂર્વ ગતિ આપી છે.

ગુજરાત રાજ્ય શહેરી વિકાસના ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. શહેરોના આયોજન માટે સરકાર દ્વારા ખૂબ જ ઝડપી નિર્ણયો લેવાયા છે. તેથી નાગરિકલક્ષી સુવિધાઓ પૂરી પાડવા માટેની કામગીરીમાં અકલ્પનીય ગતિશીલતા આવી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી એ ત્વરિત નિર્ણાયક નેતૃત્વનો પરિચય આપતાં વિકાસના કામ માટે એક પળનો પણ વિલંબ કર્યા વિના મંજૂરી આપવાની કાર્યરીતિ અપનાવી છે. મુખ્યમંત્રીશ્રી એ સંલગ્ન અધિકારીઓને પણ નાગરિકલક્ષી અભિગમ અપનાવવા સ્પષ્ટ સૂચના આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યનાં નગરોમાં આંતરમાળખાકીય સવલતો જેવી કે બ્રિજ, રસ્તા કે ફાયર સર્વિસથી લઈ ડી.પી./ટી.પી. માટેના દરેક પ્રશ્ન માટે જરૂર જણાય ત્યાં ત્વરિત નિષ્ણાતો, અધિકારીઓ, પ્રજાના પ્રતિનિધિઓ અને સંસ્થાઓ સાથે વિચાર વિમર્શ કરી-બેઠકો યોજી નિર્ણય લેવાનો નવતર અભિગમ અપનાવ્યો છે. આ જ વિકાસલક્ષી અભિગમના અનુસંધાને રાજ્ય સરકારે ૨૦૨૦ના વર્ષમાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, જામનગર, ગાંધીનગર, સહિત અન્ય નાનાં નગરોની વિવિધ ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ સુઆયોજિત નગર વિકાસના ત્રણ તબક્કા ડ્રાફ્ટ, પ્રિલિમિનરી અને ફાઇનલને મહત્ત્વ આપતાં છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ ૧૦૮ ડ્રાફ્ટ સ્કીમ્સ, ૮૫ પ્રિલીમીનરી તથા ૧૦૭ ફાઈનલ ટી.પી.ને મંજૂરી આપી છે. ૨૦૨૦માં ૫૧ ફાઈનલ ટી.પી.ને મંજૂરી આપી છે તેમાં ઘણી સ્કીમો તો વર્ષોથી બોર્ડ ઓફ અપીલમાં અટવાયેલી હતી તેને તેમણે ટાસ્ક સ્વરૂપે લેવડાવી અત્યાર સુધીમાં સૌથી વધુ ફાઈનલ ટી.પી.ને એક જ વર્ષમાં મંજૂરી આપી રેકોર્ડ સ્થાપ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ જે ઝડપથી સ્કીમોને મંજૂરી આપી છે તે જ ઝડપથી આનુષંગિક કામો થાય તેવી સ્પષ્ટ સૂચના શહેરી વિકાસ અને ટાઉન પ્લાનિંગ ઓથોરિટીને આપી છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, મંજૂર કરાયેલી વિકાસ યોજનાઓમાં સમાવિષ્ટ થતાં વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે રસ્તા, ડ્રેનેજ, પાણીની સુવિધા અને સ્ટ્રીટલાઈટ વગેરે પૂરી પાડવા માટે સંબંધિત સત્તામંડળ દ્વારા અધિનિયમની જોગવાઈ હેઠળ નગરરચના બનાવવામાં આવે છે. જે રાજ્ય સરકાર દ્વારા મંજૂર થયા બાદ સત્તામંડળ રસ્તાઓની સુવિધા પૂરી પાડી શકે છે.

ડ્રાફ્ટ સ્કીમની મંજૂરી મળવાથી સંબંધિત વિસ્તારોમાં રસ્તાઓના ઝડપી અમલીકરણની સાથોસાથ આંતરમાળખાકીય સુવિધાઓમાં વૃદ્ધિ થશે. પ્રારંભિક નગર રચના યોજના મંજૂર થયા બાદ સત્તામંડળને જાહેર સુવિધા માટે પ્રાપ્ત થતા પ્લોટ અને સત્તા મંડળ કબજો મેળવી વિકાસ કરી શકે છે.

મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ વિભાગનો પણ હવાલો ધરાવે છે અને અનેક વ્યસ્તતા વચ્ચે પણ શહેરી વિકાસમાં ડી.પી./ટી.પી.ની સચોટ નિર્ણય શક્તિ સાથે મંજૂરી આપી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ કેટલાક કિસ્સામાં તો વિભાગ દ્વારા તેઓ સમક્ષ રજૂ કરાયેલી ડી.પી./ટી.પી.ને તે જ દિવસે મંજૂરી આપી આગવી કાર્યદક્ષતાનો પરિચય કરાવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શહેરી વિકાસ વિભાગમાં નાગરિકોને સુખસુવિધાઓ મળી રહે તે માટે નાગરિકલક્ષી હકારાત્મક અભિગમથી ત્વરિત કામગીરીની અધિકારીઓને તાકીદ કરી છે. જેના ફળસ્વરૂપે ચાલુ વર્ષમાં કુલ ૧૧૧ જેટલી ડી.પી. / ટી.પી.ને મંજૂરી આપી ખરા અર્થમાં પ્રજાભિમુખ કામગીરીનું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. ●

### ટ્રેડિશન-ઇનોવેશન-એમ્બિશન-ઇમેજિનેશનના સંયોજનથી

# ગુજરાત બન્યું ગ્લોબલ ડેસ્ટિનેશન



ASSOCHAMના ફાઉન્ડેશન વીક ૨૦૨૦ અન્વયે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના સર્વગ્રાહી વિકાસની પ્રભાવક ગાથા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રસ્તુત કરી હતી. તેમણે ''ગુજરાત-ધ ગ્રોથ એન્જિન એન્ડ ઇટ્સ કોન્ટ્રિબ્યૂશન ટોવર્ડ્સ અચિવિંગ ફાઇવ ટ્રિલિયન ડૉલર ઇકોનોમી ફોર ન્યૂ ઇન્ડિયા'' વિષયક પ્રેરક સંબોધન કર્યુ હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ટ્રેડિશન-ઇનોવેશન-એમ્બિશન-ઇમેજિનેશનના સંયોજનથી ગુજરાત ગ્લોબલ ડેસ્ટિનેશન બન્યું છે. આ જ લાક્ષણિકતાઓને કારણે ગુજરાત આજે દેશની વિકાસયાત્રાના કેન્દ્રમાં છે. ગુજરાતીઓમાં નેતૃત્વકળા અને ઉદ્યોગસાહસિકતા રહેલી છે જે રાજ્યના વૈશ્વિક વિકાસનું ચાલકબળ બની છે.


મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત દેશના મોટા ઉત્પાદક એકમોનું કેન્દ્ર રહ્યું છે. ટેક્સટાઇલ, કેમિકલ, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ અને મૅરિટાઇમ જેવા ઉદ્યોગોએ રાજ્યના વૈશ્વિક વિકાસને નવી ગતિ આપી છે. વર્ષ ૨૦૦૧માં ગુજરાતનો જી.ડી.પી. એક લાખ કરોડ હતો, જે વધીને રૂ. ૧૮.૯ લાખ કરોડ થયો છે. જી.ડી.પી.માં વધારાની સાથે ગુજરાતની માથાદીઠ આવકમાં પણ ૧૦ ગણો વધારો થયો છે. છેલ્લાં પાંચ વર્ષમાં વૈશ્વિક અર્થવ્યવસ્થા ૨-૪ ટકાના દરે વિકસી છે ત્યારે ગુજરાતનો વિકાસ દર ૧૦ ટકાથી વધુ રહ્યો છે. ગયા વર્ષે તો ગુજરાતે તમામ રેકોર્ડ તોડીને ૧૩ ટકાનો વિકાસ દર સાધ્યો છે. એન.એસ.ઓ. સર્વેના રિપોર્ટ અનુસાર સમગ્ર દેશમાં ગુજરાતનો ૪.૩% બેરોજગારી દર સૌથી ઓછો છે.


વિદેશી રોકાણ અંગે માહિતી આપતાં તેમણે કહ્યું હતું કે, છેલ્લાં ઘણાં વર્ષોથી યુ.એસ.એ., જાપાન, દક્ષિણ કોરિયા, ફ્રાન્સ, નેધરલેન્ડ, જર્મની અને સિંગાપોર જેવા દેશોના રોકાણકારો ગુજરાતમાં રોકાણ કરી રહ્યા છે. દેશની કુલ એફ.ડી.આઇ.માં ગુજરાતનો હિસ્સો ૫૩% છે. ફોર્ચ્યુન ફાઇવ હન્ડ્રેડ કંપનીઓમાંની ૧૦૦થી વધુ કંપનીઓ આજે ગુજરાતમાં કાર્યરત છે.


ગુજરાતમાં એક મજબૂત ઔદ્યોગિક ઇકૉ સિસ્ટિમ છે અને ઔદ્યોગિક વિકાસમાં MSMEનો ફાળો મહત્ત્વનો છે. ગુજરાત સરકાર ફેસિલિટેશન ડેસ્ક દ્વારા ૩૫ લાખથી વધુ MSMEને તમામ જરૂરી સુવિધાઓ અને સહાય પૂરી પાડે છે. આજે ગુજરાત સર્વાંગી આર્થિક વિકાસનું મોડેલ બની ગયું છે. ગુજરાત ઓટોમોટિવ, રસાયણો, ફાર્માસ્યુટિકલ્સ, કાપડ, સિરામિક્સ, રિન્યુએબલ ઊર્જા, મૅરિટાઇમ અને શહેરી માળખાં જેવાં અનેક ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્તરની સાથે-સાથે વૈશ્વિક સ્તરે પણ અગ્રણી બની ઊભરી આવ્યું છે.

નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ દ્વારા રોકાણકારોને વૈશ્વિક બજાર માટે સ્પર્ધાત્મક બનાવ્યા છે. કેન્દ્ર અને રાજ્યની નીતિઓ વચ્ચે સારા સંકલનને કારણે હવે રોકાણકારો ગુજરાતમાં વધુ વિશ્વસનીય રોકાણ માટે આવે છે. મેન્યુફેકચરિંગ કંપનીઓ ગુજરાતમાં રોકાણ માટે આકર્ષિત થશે. આ સરકાર ઇઝ-ઓફ-ડુઈંગ બિઝનેસની દિશામાં નક્કર કદમ ભરે છે. તાજેતરમાં ઓનલાઇન ડેવલોપમેન્ટ પરમિશન સિસ્ટિમ શરૂ થવાથી ઓછી ઊંચાઇવાળાં ભવનોના નિર્માણને ૨૪ કલાકમાં જ મંજૂરી અપાશે. ગુજરાત ગ્લોબલ વ્યવસાય નકશા પર એક મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

આ વેબિનારમાં ASSOCHAMના પદાધિકારીઓ, સભ્યો તેમજ મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ અને ઉદ્યોગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ તથા જી.આઇ.ડી.સી.ના મેનેજિંગ ડાયરેકટર શ્રી એમ. થેન્નારસન સહભાગી થયા હતા. ●







# દેશી રજવાડાનું ગૌરવગાન કરતાં મ્યુઝિયમના નિર્ણય બદલ મુખ્યમંત્રીશ્રીનું સન્માન



દેશની આઝાદી પછીના સમયકાળમાં સરદાર વલ્લભભાઈ પટેલના સફળ પ્રયત્નોથી અખંડ ભારતના નિર્માણમાં ૫૬૨ રજવાડાઓનું ભારતમાં વિલીનીકરણ થયું. રાજા-રજવાડાઓના ગૌરવપૂર્ણ ઈતિહાસને આવનારી પેઢીઓ સુધી અકબંધ રાખવાના હેતુથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી પરિસર, કેવડિયામાં ભવ્યાતિભવ્ય મ્યુઝિયમ નિર્માણનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નિર્ણય કર્યો તે બદલ સૌરાષ્ટ્રના રાજવીઓની વિવિધ ૧૭ સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું સન્માન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજવીઓની સમર્પણ ભાવનાને બિરદાવતાં કહ્યું હતું કે, પોતાના બલિદાન અને શૌર્ય થકી ઊભાં કરેલાં રજવાડાઓને દેશની અખંડિતતા માટે તે સૌએ સમર્પિત કર્યા તે ખૂબ જ સરાહનીય છે. ૫૬૨ રજવાડાઓનો ઈતિહાસ, શૌર્ય અને ગૌરવગાથા આવનારી પેઢીઓ માટે આ મ્યુઝિયમના માધ્યમથી પ્રેરણારૂપ બનશે. તેને ઝડપથી પૂર્ણ કરવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. મ્યુઝિયમના નિર્માણની કમિટીમાં રાજવી પરિવારના સભ્યોની નિમણૂક કરવા અંગે સરકાર યોગ્ય વિચાર કરશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સ્ટેચ્યૂ ઓફ યુનિટી પરિસરમાં નિર્માણ થનારા આ મ્યુઝિયમમાં દેશનાં ૫૬૨ જેટલાં રજવાડાઓનો ભવ્ય વારસો, જર-ઝવેરાત, કલાકારીગીરીની ચીજવસ્તુઓ તથા તેમના રાજ્યની અમૂલ્ય ચીજવસ્તુઓ, મિલકતો-કિલ્લા-મહેલો સહિતના ભવ્ય વારસાની ઝાંખી પણ આ મ્યૂઝિયમમાં પ્રદર્શિત કરવામાં આવશે. આ મ્યુઝિયમના નિર્માણથી રાષ્ટ્રએકતાની ભાવના દૃઢ બનશે. મ્યુઝિયમ અંગે પરામર્શ બેઠકમાં મંત્રી સર્વેશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, જયદ્રથસિંહ પરમાર, ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા લીંબડીના ધારાસભ્ય શ્રી કિરીટસિંહ રાણા, શ્રી આઈ. કે. જાડેજા સહિત વિવિધ પ્રાંતના રાજવીશ્રીઓના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# નાના માણસોની મોટી બેંક: આજના સમયની માંગ

આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરી ભારતને ફાઈવ ટ્રિલિયન ડૉલર ઈકોનોમી બનાવવાનું લક્ષ્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવ્યું છે. આ લક્ષ્ય સિદ્ધિમાં મહત્ત્વની ભૂમિકા સ્વરોજગાર કરનારા નાના વેપારીઓની છે. બેંક લોન થકી તેઓ આર્થિક પ્રવૃત્તિને વેગવાન બનાવવામાં પોતાનું યોગદાન આપી શકે તે માટે ગુજરાત સરકારે વિવિધ યોજનાઓ બનાવી કાર્યાન્વિત કરી છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરથી જન સ્મોલ ફાઈનાન્સ બેંકની ગુજરાત સ્થિત ૧૫ શાખાઓનું ઈ-લોકાર્પણ કર્યું હતું.

ઈ-લોકાર્પણ કરતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, આઈ-ટી રિટર્ન, મોર્ગેજ કે જી.એસ.ટી. નંબર ન ધરાવતા નાના માણસોને નાનું ધિરાણ આપતી બેંક વર્તમાન સમયની માંગ છે. દેશના અર્થતંત્રને ફાઈવ ટ્રિલિયન ડૉલર ઈકોનોમી બનાવવા માટે નાના માણસોના હાથ સુધી ધિરાણ-મૂડી પહોંચે તે આવશ્યક છે. નાના માણસોની મોટી બેંક તરીકે રાજ્યમાં જન સ્મોલ ફાઈનાન્સ બેંક કાર્યરત રહીને સામાન્ય માનવી નાના સ્વરોજગાર કરનારાઓને નાણાં સહાય પૂરી પાડવામાં રાજ્ય સરકારની યોજનાઓમાં સહયોગ કરે તેવું સૂચન કરી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનામાં મહિલા જૂથોને ધિરાણ સહાય આપવામાં બેંકના સહકારની અપેક્ષા મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

તેમણે કહ્યું હતું કે, આત્મનિર્ભર ગુજરાત યોજના હેઠળ રાજ્યના ૨.૫ લાખ લોકોને રૂ. ૨૫૦૦ કરોડનું ધિરાણ મળ્યું છે. અરજદારોને ૨% વ્યાજે ૧ લાખ અને ૪% વ્યાજે ૨.૫ લાખની લોન મળી છે. રાજ્ય સરકારે ક્રમશ: ૬% અને ૪% વ્યાજની સબસિડી આપી છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, રાજ્યની કો-ઓપરેટિવ્સ બેંકોએ પણ નાના માણસોની મોટી બેંક બની લોકોને ધિરાણ આપ્યું છે. સામાન્ય માણસોના હાથમાં મૂડી (કેપિટલ) પહોંચતાં તેઓ બે પાંદડે થશે. ગુજરાતનું અર્થતંત્ર આગળ વધશે. ગ્રામીણ ક્ષેત્રોમાં બેંક મેનેજર આંખની ઓળખાણથી ધિરાણ આપતા હોય છે. લોકો જાત જામીનગીરી પર લોન લેતા હોય છે. જન સ્મોલ ફાઈનાન્સ બેંક તેના નામ પ્રમાણે જન-સામાન્યની બેંક બની રહેશે તેમ તેમણે ઉમેર્યું હતું.

ભાવનગર, ભરૂચ, ઘાટલોડિયા, મોડાસા, વરાછા, ભૂજ, મહેસાણા, વલસાડ, ગોધરા, હિંમતનગર, જૂનાગઢ, રાજકોટ, કલોલ, નારોલ અને પાટણ ખાતેની જન સ્મોલ ફાઈનાન્સ બેંકની શાખાઓના ઈ-લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, જન સ્મોલ ફાઈનાન્સ બેંકના એમ.ડી. શ્રી અજય કનવર અને ઝોનલ હેડ શ્રી ગૌરવ જેઠવા ઉપસ્થિત રહ્યા હતા. ●

# સાત હજાર પરિવારોને સિટીઝન સ્માર્ટ કાર્ડ સેવાનો લાભ અપાશે

ગુજરાતનાં શહેરો, નગરોને આધુનિક, સલામત અને ઈઝ ઓફ લિવિંગથી માણવાલાયક, રહેવાલાયક બનાવીને ઈ-સેવાઓથી ભ્રષ્ટાચારમુક્ત પારદર્શી વહીવટની નેમ સાકાર થઇ રહી છે. સુરતની માંડવી નગરપાલિકાના નવનિર્મિત 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય વહીવટી ભવન અને ઑડિટોરિયમ'નું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, તેમણે 'સિટીઝન સ્માર્ટ કાર્ડ' યોજનાનો ઈ-શુભારંભ કરાવ્યો હતો. રાજ્યની નાની નગરપાલિકાઓ પણ E-સેવાઓનો વ્યાપ વધુ વિસ્તારી સિટીઝન સેન્ટ્રિક-નાગરિક સુવિધા કેન્દ્રી સેવાઓ ઓનલાઇન બનાવે તે હવેના સમયની માંગ છે એમ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું.

સમગ્ર દેશમાં સિટીઝન સ્માર્ટ કાર્ડ યોજના શરૂ કરનાર માંડવી ‘ડ’ વર્ગની પ્રથમ નગરપાલિકાની સિદ્ધિ અને નવતર પહેલને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ સેવાનો લાભ માંડવી નગરના સાત હજાર જેટલા પરિવારોને મળવાનો છે. તેમના જરૂરી દસ્તાવેજો જેમાં આધાર કાર્ડ, રેશન કાર્ડ, ચૂંટણી કાર્ડ અને પાસપોર્ટ સાઇઝના ફોટા સહિતની વિગતો પરિવારની સંમતિના આધારે ડિજિટલ લોકરમાં સુરક્ષિત રાખવામાં આવશે. આ સેવાઓનો વિનામૂલ્યે લાભ નાગરિકોને મળવાનો છે. ડિજિટલ ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી ભ્રષ્ટાચારમુક્ત, ઝડપી અને પારદર્શક વ્યવસ્થા ઊભી કરવા સરકાર પ્રતિબદ્ધ છે. આ ડિસેમ્બરના અંત સુધીમાં ૮૦૦૦ ગામોમાં કુલ ૫૧ સેવાઓ ઈ-સેવા સેતુના માધ્યમથી ઉપલબ્ધ કરાશે, જે પૈકી હાલમાં ૩૫ સેવાઓ કાર્યરત હોવાનું જણાવતાં તેમણે નાનાં ગામડાં અને શહેરોને ડિજિટલ માધ્યમથી જોડવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે છેક ગ્રામીણસ્તરના નાગરિકોને પોતાના કામકાજ માટે જિલ્લામથકે આવવું જ ન પડે અને પંચાયત ઘરમાંથી જ જરૂરી દાખલા, પ્રમાણપત્રો મળે તે માટે E-સેવા સેતુની શરૂઆત કરી છે. લોકોને કચેરી-ઓફિસોના ધક્કા જ ન ખાવા પડે અને ઘરેબેઠાં જ કામ થાય તેવી પારદર્શી-ઓનલાઇન સેવાઓ વિકસાવતા જઇને ઇઝ ઓફ લિવિંગને વેગ આપ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ નગરપાલિકાના નવા વહીવટી ભવનને પંડિત દીનદયાળ ઉપાધ્યાયના નામ સાથે જોડવાને પણ ઉપયુક્ત ગણાવ્યું હતું. માંડવીના સાંસદ શ્રી પ્રભુભાઇ વસાવાએ રાજ્ય અને કેન્દ્ર સરકારે નાનાં ગામો-નગરોના સર્વગ્રાહી વિકાસ માટે જે યોજનાઓ, આયોજનો અને માતબર નાણાં ફાળવણી કરી છે તેની સરાહના કરી હતી. ●

# માઇક્રોફાઇનાન્સ થકી ગ્રામીણ અર્થતંત્રને ધબકતું રાખવાની નેમ



સહકારી બેંકોમાં સહકારિતાનો ભાવ, નાના માણસોને મદદ કરવાની લાગણી, નાના માણસોની વેદના-વ્યથા અને તકલીફ સમજી શકવાની ક્ષમતા સવિશેષ જોવા મળે છે. આત્મનિર્ભર ગુજરાત યોજનાને સફળ બનાવવાનું કાર્ય સહકારી બેંકો જ કરી શકશે. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાની સમજ અને અમલીકરણ માટે ગાંધીનગરમાં તાજેતરમાં યોજાયેલી બેઠકમાં ગ્રામીણ-શહેરી આર્થિક નબળા વર્ગમાં માઇક્રોફાઇનાન્સનું એક આદર્શ મોડલ ઊભું કરવાનાં સરકારના લક્ષ્યનો પડઘો પડ્યો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ માઇક્રોફાઇનાન્સથી ગ્રામીણ અર્થતંત્રને ધબકતું રાખવાની નેમ વ્યક્ત કરી સહકારી બેંકોને નાના માણસોને ધિરાણ આપવા માટે આગળ આવવા હાકલ કરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના ઇતિહાસમાં પ્રથમવાર સહકારી બેંકોને ધિરાણ આપવા માટેની ૬ ટકા સબસિડી મળી છે. ‘મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના’ થકી રાજ્યની સહકારી બેંકો પોતાના વિસ્તારમાં આવા મહિલા સભ્યોની સંખ્યા વધારી શકશે, નાના માણસોની મદદ કરી શકશે અને મહિલા જૂથોને શૂન્ય ટકા વ્યાજે લોન મળતી થશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, કોરોના જેવી મહામારી સદીમાં એક વાર આવતી હોય છે તેવા સમયે સહકારી બેંકોએ તેમનું સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ નિભાવી જાણ્યું છે. નાના માણસો, છૂટક વેપાર, મજૂરી કરતા, રોજનું કમાઈને રોજ ખાતા લોકોને સહકારી બેંકોએ ૨.૫ લાખ સુધીની લોન આપી હતી. સહકારી બેંકોએ રાજ્યના અઢી લાખ લોકોને કુલ ૨૫૦૦ કરોડનું ધિરાણ આપ્યું છે.

આ બેઠકમાં અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત વિભાગના મંત્રી શ્રી જયેશભાઇ રાદડીયા, ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ, મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવે, સહકાર સચિવ શ્રી નલિન ઉપાધ્યાય, ગ્રામ વિકાસ કમિશનર શ્રી વિજય નેહરા તેમજ સહકારી બેંકીંગ ક્ષેત્રના અગ્રણીઓ પણ સહભાગી થયાં હતાં. ●

### ગુજરાતને નોલેજ ડ્રિવન ઈકોનોમીમાં પ્રસ્થાપિત કરવા

# ધોલેરામાં ગુજરાત- સ્પેશિયલ એજ્યુકેશન રિજિયન માટે MOU

વિશ્વકક્ષાએ ભારતીય ઔદ્યોગિક ક્ષેત્રનું નામ ગુંજતું કરવા ભારત સરકારના ગ્રીનફીલ્ડ ઇન્ડસ્ટ્રિયલ સિટી' અંતર્ગત દિલ્હી-મુંબઇ ઇન્ડસ્ટ્રિયલ કૉરિડૉર રિજિયનના ભાગરૂપે નિર્માણ પામી રહ્યો છે. જેમાં ગુજરાત ચાવીરૂપ ભૂમિકા અદા કરશે. દરિયાઇ બંદરો, રોડ, હવાઇ આમ, તમામ માર્ગોની સરળ ઉપલબ્ધતાને કારણે ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ કૉરિડૉરમાં વ્યૂહાત્મક રીતે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ કોરિડોરમાં ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન DSIR અત્યારે વિવિધ સેવાઓ સાથે સજ્જ છે અને અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ વે, ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ અને ભીમનાથ - ધોલેરા રેલ લાઇનના માધ્યમથી વ્યૂહાત્મક રીતે ઉપયોગી કનેક્ટિવિટીના વિકલ્પો પણ ધરાવે છે. તેથી જ ગુજરાત સરકારના મહત્ત્વપૂર્ણ flagship પ્રોજેક્ટ ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન (DSIR)માં વિશ્વસ્તરીય એજ્યુકેશન સ્પેશિયલ રિજિયનની સ્થાપના માટેના એમ.ઓ.યુ. ગાંધીનગરમાં કરવામાં આવ્યા હતા.



શહેરના નિર્માણ માટે માત્ર ઇમારતો જ નહીં પરંતુ સામાજિક બંધારણની મજબૂતી પણ સમયસર જોઇતી હોય છે. આ મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે સેરેસ્ટ્રા મેનેજર્સ પ્રાઇવેટ લિમિટેડ સાથે ધોલેરા-સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયનમાં વિશ્વસ્તરીય ગુજરાત સ્પેશિયલ એજ્યુકેશન રિજિયનની સ્થાપના માટે આ એમ.ઓ.યુ. કર્યા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં આ એમ.ઓ.યુ. પર ગુજરાત સરકાર વતી ધોલેરા ઇન્ડસ્ટ્રિયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડના ચેરમેન અને ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી તથા મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસે તથા સેરેસ્ટ્રાના મેનેજિંગ પાર્ટનર શ્રી જસમીત છાબરાએ હસ્તાક્ષર કર્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, ધોલેરા પહેલું ગ્રીનફિલ્ડ ઔદ્યોગિક શહેર છે જે ઈન્ડસ્ટ્રિયલ 4.0 ઉત્પાદનને ટેકો આપવા માટે નિર્માણ પામી રહ્યું છે. આ સ્પેશિયલ એજ્યુકેશન રિજિયન તે વિસ્તારના સર્વાંગી વિકાસમાં વેગ આપશે અને ગુજરાતને નોલેજ ડ્રિવન ઈકોનોમી તરીકે પ્રસ્થાપિત કરવાના ઉદ્દેશ્યને પૂર્ણ કરવામાં તેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહેશે.

ધોલેરા ઔદ્યોગિક શહેરમાં ૯૨૦ ચો. કિ.મિ.માં પથરાયેલું છે જેમાં ઉદ્યોગો માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઇકો-સિસ્ટિમ વિકસિત કરવામાં આવી છે. ગુજરાત સ્પેશિયલ એજ્યુકેશન રિજિયન (જી-એસઇઆર/G-SER) ૧૦૦૦ એકરમાં એજ્યુકેશન હબ તરીકે વિકસિત થશે તે ભવિષ્યમાં ૫૦૦૦ એકર સુધીમાં યુનિવર્સિટી ડિસ્ટ્રિક્ટ, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ અને ઇનોવેશન ડિસ્ટ્રિક્ટ તરીકે વિકસિત થવાની ક્ષમતા પણ ધરાવે છે. તેમાં વિદ્યાર્થીઓ માટે રહેણાક, રમતગમતનાં કોમ્પ્લેક્સ વગેરેની સુવિધાઓ વિકસિત કરવામાં આવશે. વિશ્વના કોઇપણ શૈક્ષણિક એકમ સાથે સ્પર્ધા કરવા માટે જી-એસઇઆર સક્ષમ હશે. જી-એસઇઆર પ્રોજેક્ટમાં રોકાણથી રાજ્યના આર્થિક વિકાસને વેગ મળશે અને રોજગારની અનેક તકો ઊભી થશે. આ પ્રોજેક્ટ આવવાથી વધારાની ઘણી સવલતો ઊભી થશે, જેનાથી અઢી લાખ જેટલા લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારીના અવસર પ્રાપ્ત થશે.

સેરેસ્ટ્રા વેન્ચર્સ ભારતનું સૌથી મોટું શૈક્ષણિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ છે જે ગુજરાત સરકાર સાથે ભાગીદારી કરીને ધોલેરામાં સ્પેશિયલ એજ્યુકેશન રિજિયન સ્થાપિત કરશે. આ કંપની હૈદરાબાદ સ્થિત છે અને તે શિક્ષણ અને લાઈફ સાયન્સિસ સાથે સંકળાયેલા રોકાણ, બાંધકામ અને મેનેજમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલી છે.

ધોલેરા ઇન્ડસ્ટ્રિયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડના ચેરમેન અને ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી તથા મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી શ્રી. એમ.કે.દાસે કહ્યું હતું કે, ભારતમાં ક્યારેય જોવા નહીં મળી હોય તેવી વૈશ્વિક શિક્ષણ વ્યવસ્થા ધોલેરામાં સ્પેશિયલ એજ્યુકેશન રિજિયનની મદદથી ઊભી થશે.

સેરેસ્ટ્રાના મેનેજિંગ પાર્ટનર જસમીત છાબરાએ કહ્યું, ''સેરેસ્ટ્રા શિક્ષણ ક્ષેત્રના રોકાણ માટેનાં અલગ-અલગ પ્લેટફોર્મ સાથે સંકળાયેલી ફર્મ છે. જી-એસઇઆર સાથેના કરાર તે દિશામાં એક માઇલસ્ટોન છે''

આ એમ.ઓ.યુ સાઈનિંગ વેળાએ શિક્ષણ અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્મા, જી.આઈ.ડી.સીના એમ.ડી શ્રી એમ. થેન્નારસન અને ધોલેરા ઈન્ડસ્ટ્રિયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડના સી.ઈ.ઓ શ્રી હારિત શુક્લા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ યોજાયો



ગુજરાતમાં શિક્ષણના અનેકવિધ નવતર આયામો અને સેક્ટરલ યુનિવર્સિટીની સુવિધા ઉપલબ્ધ બની છે. તેથી હવે ગુજરાતનો વિદ્યાર્થી અન્ય રાજ્યોમાં અભ્યાસ કરવા જવાને બદલે ઘરઆંગણે જ ઉચ્ચ અભ્યાસ-શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. ગુજરાતમાં એક સમયે માત્ર નવ યુનિવર્સિટી હતી. રાજ્ય સરકારના શિક્ષણ પ્રત્યેના સુદ્રઢ આયોજનથી હવે ૭૭ જેટલી યુનિવર્સિટીઓ કાર્યરત થઈ છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને સિધ્ધપુરમાં આવેલી ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીનો પ્રથમ દીક્ષાંત સમારોહ યોજાયો હતો.

મુખ્યમંત્રીશ્રીએ પ્રથમ પદવીદાન સમારોહમાં પદવી દીક્ષા પ્રાપ્ત કરી સમાજમાં પદાર્પણ કરવા જઈ રહેલા યુવા છાત્રોને રાષ્ટ્રનિર્માણ અને સમાજના છેવાડાના માનવીના કલ્યાણ માટે શિક્ષા-દીક્ષાનો સમુચિત ઉપયોગ કરવા આહવાન કર્યું હતું. શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી ઘડતર સાથે સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ ગરીબ, વંચિતનું કલ્યાણ પણ નિભાવે તે આવશ્યક છે.ગુજરાત પાસે તો શ્રેષ્ઠ શિક્ષાનો પ્રાચીન વારસો છે. વલભી જેવા વિદ્યાધામોની ભવ્યતા ફરી પ્રસ્થાપિત થાય અને વિશ્વના વિદ્યાર્થીઓ પણ ગુજરાતમાં અભ્યાસ માટે આવે એવી સ્થિતિ સર્જવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ડિગ્રી પ્રાપ્ત કરી રહેલા વિદ્યાર્થીઓને શીખ આપતા તેમનાં વર્તન, વાણી, વ્યવહાર, આચરણથી રાષ્ટ્રનું નામ, રાજ્યનું નામ ઉજ્જવળ થાય તેવાં કાર્યોની પ્રેરણા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ઉત્તર ગુજરાતમાં આ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી શિક્ષણ સેવાની જે જ્યોત પ્રગટાવી રહી છે તેને પ્રોત્સાહિત કરતાં મેડિકલ કોલેજ માટે પણ આવાહન કર્યું હતું. તેમણે કહ્યું કે, એક સમયે આખા રાજ્યમાં માત્ર ગુજરાત યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં બધી કોલેજો શિક્ષણ સેવા આપતી હતી. આજે માત્ર ઉત્તર ગુજરાતમાં જ ચાર યુનિવર્સિટી હેમચંદ્રાચાર્ય યુનિ., ગણપત યુનિ., ગોકુલ યુનિ., સાંકળચંદ પટેલ યુનિ. અને એગ્રિકલ્ચર યુનિ. જ્ઞાન-વિજ્ઞાનની સુવિધા પૂરી પાડે છે. આ સરકાર શિક્ષણનો વ્યાપ વિસ્તારી અદ્યતન શિક્ષણ સવલતો રાજ્યના યુવાનોને આપવા યુનિવર્સિટી શરૂ કરવાને પ્રોત્સાહન આપી રહી છે.

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું હતું કે સ્ટાર્ટ અપ પોલિસીના બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ તરીકે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરી હું પ્રગતિ કરીશ તેવું મક્કમ મનોબળ રાખી કારકિર્દી ઉજ્જવળ બનાવવા શિક્ષણમંત્રીએ વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીના પ્રથમ દીક્ષાંત સમારોહમાં વિવિધ વિદ્યાશાખાના ૩૦૫ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે જી.આઇ.ડી.સીના ચેરમેન અને ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી બળવંતસિંહ રાજપૂત, સાંસદ સર્વ શ્રી ભરતસિંહ ડાભી, શ્રી નરહરિભાઇ અમીન, ધારાસભ્યો સર્વ શ્રી આશાબહેન પટેલ, કે.સી.પટેલ, દશરથજી ઠાકોર અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# રાજ્ય સરકારના વર્ષ-૨૦૨૧ના કેલેન્ડરનું વિમોચન

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વર્ષ ૨૦૨૧ કેલેન્ડરનું તાજેતરમાં વિમોચન કર્યું હતું. આ કેલેન્ડર "સહેલાણીઓનું સ્વર્ગ ગુજરાત" થીમ પર તૈયાર કરવામાં આવ્યુ છે. જેમાં રાજયનાં વિવિધ પ્રવાસનધામોની વિગત રજૂ કરવામાં આવી છે.

આ કેલેન્ડરમાં રાજ્યમાં આવેલાં જોવાલાયક સ્થળો નયનરમ્ય તસવીરો સાથે રજૂ કરવામાં આવ્યાં છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, ઉદ્યોગ વિભાગના સચિવ શ્રી સંદીપ કુમાર, અધિક માહિતી નિયામક સર્વ શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી પુલકભાઈ ત્રિવેદી, DGPSના નિયામક શ્રી વી.એમ. રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. ●



કિશોર જીકાદરા

# પ્રાકૃતિક કૃષિ અભિયાનની સમીક્ષા

રાસાયણિક ખાતરથી માનવીનું સ્વાસ્થ્ય જોખમાય છે અને જમીન પણ સત્ત્વ ગુમાવતી જાય છે. આવા સમયમાં પ્રાકૃતિક ખેતી જ માનવી અને જમીનના સંવર્ધન માટે આવશ્યક છે. ગુજરાતમાં રાજ્યપાલશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. એગ્રિકલ્ચર ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા)ના જિલ્લા કક્ષાએ કાર્યરત પ્રોજેક્ટ ડાયરેક્ટર્સની બેઠક રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં યોજાઇ હતી.



જેમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ દ્વારા ખેડૂતોનો કૃષિ ખર્ચ ઘટે છે અને ઉત્પાદનોની કિંમત વધુ મળે છે. દેશી ગાયના સંવર્ધન ઉપરાંત જળ-જમીન તથા પર્યાવરણની સાથે માનવ સ્વાસ્થ્યની રક્ષા થાય છે. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ જન અભિયાનની જિલ્લાવાર સમીક્ષા કરતાં તેમણે કહ્યું હતું કે, રાજ્યના પ્રત્યેક તાલુકામાં પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મ તૈયાર થાય, જે અન્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરિત કરે. રાજ્યપાલશ્રીએ દેશી ગાય દ્વારા પ્રાકૃતિક કૃષિ કરનારા વધુમાં વધુ ખેડૂતોને રાજ્ય સરકારની સહાય પહોંચે તે માટે માર્ગદર્શન પણ આપ્યું હતું. આ બેઠકમાં કૃષિ સચિવ શ્રી મનીષ ભારદ્વાજે દેશી ગાયના પાલન પોષણની સહાય અને આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી કે.ડી. પંચાલે પ્રાકૃતિક કૃષિ તાલીમ સંદર્ભે માહિતી આપી હતી. ●

# ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનનો દીક્ષાંત સમારોહ

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનનો તૃતીય દીક્ષાંત સમારોહ તાજેતરમાં ગાંધીનગરમાં યોજાયો હતો. જેમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહી પદવીધારક વિદ્યાર્થીઓને શુભકામના પાઠવવા સાથે જણાવ્યું હતું કે, આધુનિક શિક્ષણ સાથે સંસ્કાર અને સંસ્કૃતિનું સિંચન આવશ્યક છે. આ સંસ્થામાંથી સફળ થઈને ભાવિ શિક્ષક બનવા જઈ રહેલા વિદ્યાર્થીઓ સમર્પણભાવથી ઉત્તરદાયિત્વ નિભાવે અને ભાવિ પેઢીના ઘડતર માટે પુરુષાર્થી બને.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, શિક્ષકના અનુભવ, શૈલી અને સંવેદનાથી વર્ગખંડમાં ભાવિ પેઢીનું ઘડતર થાય છે. શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિને કારણે આ સંસ્થા સાકાર થઈ અને શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રને નવી દિશા મળી છે. સંસ્થાના કુલપતિ ડૉ.હર્ષદ પટેલે રાષ્ટ્રની ઉન્નતિમાં શિક્ષકોની ભૂમિકાને મહત્ત્વની ગણાવી હતી.

આ પ્રસંગે સંસ્થાન દ્વારા નિર્માણ પામેલા ટીચર્સ ટ્રેઇનિંગ પોર્ટલ 'અંગીરા' લોકાર્પણ કરવામાં આવ્યું હતું તેમજ ત્રણ કક્ષામાં ચાણક્ય એવોર્ડની ઘોષણા કરાઇ હતી. આ દીક્ષાંત સમારોહમાં વિવિધ વિદ્યાશાખાના ૧૦૪ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઇ હતી. ●

# જસદણ-વીંછિયામાં વિવિધ માર્ગનું ખાતમુહૂર્ત

ગુજરાતના અંતરિયાળ ગામડાઓને પણ પાકા માર્ગથી જોડવા સરકાર સતત વિકાસકાર્યો આગળ ધપાવી રહી છે. પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે વીંછિયા તાલુકાના ફુલઝર ગામે અંદાજિત રૂ. ૩૨ લાખના એપ્રોચ રોડનું તથા રૂ.૭૪.૦૪ લાખના ખર્ચે જસદણ-વીંછિયા રોડના સી.સી અને આર. સી.સી. રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, છેવાડાના માનવી સુધી વિકાસનાં કાર્યોને પહોંચાડવા તે જ રાજ્ય સરકારનું લક્ષ્ય છે.જે અંતર્ગત આ વિસ્તારના લોકોને પેટા આરોગ્ય કેન્દ્ર, પીવાના શુદ્ધ પાણીની સુવિધા માટે સંપ, આર.સી.સી અને પેવિંગ બ્લોકવાળા રસ્તા સહિતની સુવિધા ઊભી કરાવવામાં આવી છે. નલ સે જલ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨ સુધીમાં લોકોના ઘરે પાઈપલાઈન મારફતે પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવા સરકાર કટિબદ્ધ છે.

આ પ્રસંગે વીંછિયા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી રમેશભાઈ ડાભી, ફુલઝરના સરપંચ શ્રી કાળુભાઈ ડેરવાડિયા, ઉપસરપંચ શ્રી ડાયાભાઈ ઝાપડિયા સહિતના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૫૫મો પદવીદાન સમારોહ

પ્રતિભાવાન યુવાઓ તૈયાર કરવામાં ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓનો મહત્ત્વપૂર્ણ ફાળો છે. આજે ગુજરાતનો યુવા ઉચ્ચ શિક્ષણ મેળવી ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે નવા સ્ટાર્ટઅપ્સ અને ઇનોવેશન સાથે પદાર્પણ કરી રહ્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૫૫મો પદવીદાન સમારોહ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના વર્ચ્યુઅલ અધ્યક્ષસ્થાને યોજાયો હતો.



વિદ્યાર્થીઓને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ શિક્ષણનો સમાજના કલ્યાણ માટે ઉપયોગ કરે તે રાષ્ટ્રના અને સમાજના વિકાસ અને ઉન્નતિ માટે જરૂરી છે. સમસ્યાઓ અને પડકારોનો સામનો કરવા માટે મેળવેલા ઉત્તમ શિક્ષણનો ઉપયોગ કરી રાષ્ટ્રની ઉન્નતિમાં સહભાગી બનવા અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત અભિયાનમાં જોડાવા તેમણે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે સાયન્સ અને ટેકનોલોજીનો શિક્ષણ સાથે સમન્વય કરીને ગુજરાતના તેજસ્વી વિદ્યાર્થીઓ રાજ્ય સરકારના પ્લેટફોર્મ થકી નવા આવિષ્કાર કરી રહ્યા છે. જે રીતે યુવાનોને શિક્ષણમાં સફળતા મળી છે તે રીતે હવે આગળ કારકિર્દીમાં પણ જીવનલક્ષી શિક્ષણ મેળવીને યુવાનો સફળ થાય એવી મનોકામના શિક્ષણ રાજ્યમંત્રી શ્રી વિભાવરીબહેન દવેએ વ્યક્ત કરી હતી.

આ તકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૨૯૭૭૭ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. ૧૪૭ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. ●

# "નિરમા યુનિવર્સિટી સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન સેન્ટર"નું ઈ-લોકાર્પણ

ગુજરાતના યુવાઓ સ્ટાર્ટઅપ સાથે ઇનોવેશનથી સ્વરોજગાર હાંસલ કરે અને તેઓ જોબ ગીવર બને તે દિશામાં રાજ્ય સરકાર કામ કરી રહી છે. શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગોંડલની પ્રાંત કચેરી ખાતેથી "નિરમા યુનિવર્સિટી સ્ટાર્ટ અપ એન્ડ ઇનોવેશન સેન્ટર"નું ઈ લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જરૂરિયાતને જ શોધની જન્મદાત્રી ગણાવી હતી અને રોજિંદી બાબતોમાં સંશોધનવૃત્તિ કેળવવા તથા આ સંશોધનની પેટન્ટ લેવા પર ભાર મૂક્યો હતો.

રૂ.૬૨ કરોડના ખર્ચે નિરમા યુનિવર્સિટી ખાતે સ્થપાનારૂં રાજ્યનું આ ઇનોવેશન સેન્ટર આવનારા દિવસોમાં સીમાચિહ્નરૂપ સાબિત થશે. આ સેન્ટર થકી ગુજરાતની ઇન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટીમાં ખૂબ વધારો થશે. "સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઇનોવેશન પોલિસી" હેઠળ શરૂ થયેલા 25મા રાજ્યવ્યાપી સેન્ટર બદલ પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી શ્રી વિભાવરીબહેને શુભકામનાઓ પાઠવી હતી

આ પ્રસંગે ઉચ્ચ શિક્ષણ વિભાગના ડાયરેક્ટર શ્રી એમ. નાગરાજન અને શિક્ષણ વિભાગનાં મુખ્ય સચિવ શ્રીમતી અંજુ શર્મા, નિરમા યુનિવર્સિટીના ડાયરેકટર જનરલ અનુપસિંહ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# તાપી જિલ્લામાં રસ્તાઓનું ખાતમુહૂર્ત

અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારની કાયાપલટ માટે સરકાર કટિબદ્ધ છે. તાપી જિલ્લાના વ્યારા તાલુકાના તાડકુવા અને બેડકુવા ગામે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાના અધ્યક્ષ સ્થાને રસ્તાઓના ખાતમુહૂર્ત તથા ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તાડકુવા ગામે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના ૨૦૧૯-૨૦ હેઠળ રૂા.૩.૩૦ કરોડના ખર્ચે તથા બેડકુવા ગામે વડાપ્રધાન ખાણ ખનિજ ક્ષેત્ર યોજના




અંતર્ગત રૂા.૩.૩૫ કરોડના ખર્ચે રસ્તો પહોળો કરવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. તાડકુવા ગામે કાનપુરા ગામથી ફલાવર સિટી, તોરણવાટિકા થઇ નહેરવાળા કાનપુરા મુસારોડ રૂ.૨૨૫ લાખ તેમજ ચીખલી ગામ તરફ જતો રસ્તો રૂા.૧૦૫ લાખના ખર્ચે તૈયાર કરાશે. વડાપ્રધાન ખાણ ખનિજ ક્ષેત્ર યોજના અંતર્ગત બેડકુવા-ઘાસીયામેઢા રોડ લંબાઈ ૪.૨૦ કિ.મિ.ના રસ્તાને પહોળો કરવાનું કામ રૂા.૩૩૬.૯૮ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવશે. ●

# મત્સ્યોદ્યોગ ખાતાને લોગો અને માણાવદરને રીવરફ્રન્ટનું નજરાણું




ગુજરાત સરકાર વિકાસમંત્રને આત્મસાત કરી વિવિધ યોજના થકી જનસુખાકારીનાં કાર્યો આગળ ધપાવી રહી છે. તાજેતરમાં મત્સ્યોદ્યોગ ખાતાને લોગો અને માણાવદરને રીવરફ્રન્ટનું નજરાણુ રાજ્ય સરકારે આપ્યું છે.

મત્સ્યોદ્યોગ ખાતાના લોગોનું અનાવરણ કરતાં મત્સ્યોદ્યોગ અને પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડાએ જણાવ્યું હતું કે, માછીમારોને આર્થિક રીતે પગભર કરવા અને મત્સ્યોદ્યોગના વિકાસ માટે ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગની સાથે અનેકવિધ યોજનાઓ છે. જેમાં માછીમારી માટે માછીમારોને વેટમુક્ત ડીઝલની સહાય ચૂકવાય છે. જે અંતર્ગત મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા ચાલુ વર્ષે અત્યાર સુધી પાંચ હજાર જેટલા માછીમારોને રૂ.૬૫.૩૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. નાના બોટધારકો સહિત ૧૯૦૦ માછીમારોને રૂ.૧૪૯.૦૮ લાખની સહાય, મત્સ્ય બીજ સ્ટોકિંગ કરીને ઉત્પાદન મેળવવા ૫૩૩ જળાશયોના ઇજારા આપવામાં આવ્યા છે.

તદ્ઉપરાંત માણાવદરમાં ખારો નદી ઉપર રૂા.૨૦ કરોડના રીવરફ્રન્ટનું મંત્રીશ્રીએ ખાતમુહૂર્ત કર્યું હતું. રીવરફ્રન્ટની સાથે એમ્ફીથીયેટર, વોક-વે, પાંચ એન્ટ્રીગેઇટ, નદીને ઊંડી કરવી ઉપરાંત નદીકાંઠે રહેતા લોકોને પણ અન્ય સ્થળે મકાન મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ●

# સુરતમાં ગોડાદરા પોલીસ સ્ટેશનનું લોકાર્પણ

શાંતિ, સલામતી અને સુરક્ષા એ સરકારની પ્રાથમિકતા રહી છે. સુરતની વધતી વસ્તીને ધ્યાને લઈ રાજ્ય સરકારે નવા પોલીસ સ્ટેશન શરૂ કર્યાં છે. સુરતના ગોડાદરામાં લોકભાગીદારીથી નિર્મિત ગોડાદરા પોલીસ સ્ટેશનનું ગૃહ રાજયમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ લોકાર્પણ કર્યું હતું. તે સાથે આર્થિક ગુના નિવારણ શાખાનો પ્રારંભ પણ તેમણે કરાવ્યો હતો.



શહેરમાં આર્થિક ગુના નિવારણ શાખા શરૂ કરવાની જાહેરાત કરતા મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, નાના વેપારીઓ સાથે છેતરપીંડી કરીને ભાગી જનારાઓ સામે કડક હાથે કામ લેવા માટે આ શાખા ઘણી ઉપયોગી બનશે. શહેરની શાંતિ અને સલામતી વધુ બળવત્તર બને તે માટે સુરત શહેર પોલીસ વિભાગમાં ૧૫૧૬ ખાલી જગ્યાઓ ભરવામાં આવી છે.

સુરત શહેરને સેઈફ- સી.સી.ટીવી કેમેરા પ્રોજેકટના મેઇન્ટેનન્સ માટે રૂા.પાંચ કરોડની ફાળવણી કરવાનો નિર્ણય કર્યો હોવાની વિગતો આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગેરકાયદેસર બાંધકામોને તોડવા માટે પોલીસ બંદોબસ્ત માટે બે એસ.આર.પી. ની કંપનીઓની ફાળવણી પણ સુરતને કરવામાં આવી છે. આ પ્રસંગે આરોગ્ય રાજયમંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી સાંસદ શ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરો, દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરતમાં ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ સુરતના સંસદસભ્ય-ધારાસભ્યશ્રીઓ અને શહેર પોલીસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી સુરતની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી હતી. આ વેળાએ મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાના વરદ હસ્તે 'ડ્રગ્સ ફ્રી સુરત' તથા ડાયલ-૧૦૦ પી.સી.આર., વરિષ્ઠ નાગરિકો, કોવિડ-૧૯ વિષયક પોલીસ કાર્યરીતિની ઝાંખી કરાવતી પુસ્તિકાઓનું વિમોચન કરાયું હતું. ●

# ગુજરાત પોલીસને વધુ સજ્જ કરવા નિર્ધાર



ગુજરાત વિકાસનું રોલમોડેલ છે. શિક્ષણ, આરોગ્ય, વીજળી, રસ્તા સહિતની બાબતમાં ગુજરાત અવ્વલ છે. તેની પાછળનું મુખ્ય કારણ અહીં કાયદો અને વ્યવસ્થાની સુદૃઢ સ્થિતિ છે. ગુજરાતમાં સુરક્ષા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ માટે જરૂર પડે ત્યાં કાયદાઓમાં સુધારા વધારા કરી પોલીસ તંત્રને વધુ સક્ષમ બનાવવામાં આવ્યું છે. તાજેતરમાં દાહોદ જિલ્લાના પ્રવાસ દરમ્યાન રૂ.૨૨ કરોડના ખર્ચથી નવનિર્મિત દાહોદ સબ જેલનું લોકાર્પણ અને ઝાલોદ ખાતે રૂ. એક કરોડના ખર્ચથી બનનારી નાયબ પોલીસ અધિક્ષકની કચેરી, લીમખેડા અને દેવગઢ બારિયામાં કુલ રૂ. ૯.૧૭ કરોડના ખર્ચે બનનારા પોલીસ સ્ટાફ ક્વાર્ટર્સ, દાહોદ રૂરલ પોલીસના સ્ટાફ ક્વાર્ટર્સનું ભૂમિપૂજન તથા દાહોદ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ કર્યું હતું.

ઝાલોદની સમૃદ્ધિ પાછળ અહીંની શાંતિ અને સલામતી મુખ્ય પરિબળ હોવાનું જણાવતાં ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ ઉમેર્યું હતું કે, ગુજરાત પોલીસને સ્માર્ટ સાથે શાર્પ બનાવવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજ્યના ૩૩ જિલ્લા, ૭ યાત્રાધામો અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેવાં મહત્ત્વનાં સ્થળોને સીસીટીવી કેમેરાથી સુરક્ષા હેઠળ આવરી લેવામાં આવ્યાં છે. ઇ-ગુજકોપ પ્રોજેક્ટ અંતર્ગત ૪૯૦૦ પોલીસ જવાનોને પોકેટ કોપ મોબાઇલ આપવામાં આવ્યા છે. ગુનેગારોને સજા થાય એ માટે આધુનિક ટેક્નોલોજીથી પુરાવાઓનું ફોરેન્સિક પૃથક્કરણ કરવામાં આવે છે. આગામી દિવસોમાં ગુનાનું સારી રીતે દસ્તાવેજીકરણ કરવા માટે ૧૦ હજાર જવાનોને બોડીવોર્ન કેમેરા આપવામાં આવશે.

ગ્રામ્ય ગૃહનિર્માણ રાજ્ય મંત્રી શ્રી બચુભાઇ ખાબડે જણાવ્યું હતું કે, દાહોદ જિલ્લામાં ભુતકાળમાં ન થયા હોય તેટલી રકમના વિકાસ કામો છેલ્લા કેટલાક વર્ષોમાં થયા છે.

સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, દાહોદને માત્ર બે દિવસમાં પોલીસ તંત્રને રૂ. ૬૨ કરોડની સુવિધાનાં કામો મળ્યાં છે. ૨૦૧૪માં સરકારે ઝાલોદમાં અલગ પોલીસ ડિવિઝન શરૂ કર્યું હતું અને હવે તેની કચેરી બની રહી છે. આ પ્રસંગ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. ●

# ''ઘુમલીનાં સ્થાપત્યો'' પુસ્તકનું વિમોચન



ગુજરાતમાં ટીંબે ટીંબે કોઈને કોઈ શૌર્યગાથા-ઈતિહાસ ગાથા ગવાઇ રહી છે. જેને પુસ્તકનું સ્વરૂપ આપવા આજે પણ પ્રયાસ થઈ રહ્યા છે. આવું જ એક સ્થળ છે દેવભૂમિ દ્વારકાના ભાણવડ તાલુકાનું ઘુમલી. દેવભૂમિ દ્વારકાના ભાણવડ તાલુકાના ઘુમલી ખાતે વિંધ્યવાસીની માતાજીના મંદિરે વિરદેવસિંહ જેઠવા લિખિત ''ઘુમલીનાં સ્થાપત્યો'' પુસ્તકનું રાજયના કુટિર ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ વિમોચન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, જેઠવા સમાજના ભૂતકાળને વાગોળતાં ઈતિહાસને ઉજાગર કરતી વાતો આ પુસ્તકમાં કરાઇ છે. કપરી પરિસ્થિતિનો સામનો કરીને લેખકે આ પુસ્તક તૈયાર કર્યું છે. બરડા ડુંગરનો ઈતિહાસ ઉજળો છે રાજય સરકાર પણ ઈતિહાસને ઉજાગર કરવા પ્રયત્નશીલ છે. આ પુસ્તકને તૈયાર કરવામાં વિરદેવસિંહને મદદ કરનાર દિલીપસિંહ પરમાર, દશરથભાઇ વારોતરિયા, લકીરાજસિંહ અને કરશનભાઇ ઓડેદરાને પણ અભિનંદન આપ્યા હતા. ●

# વર્ષ 2022 સુધીમાં દરેક નાગરિકને પીવાનું શુદ્ધ પાણી મળશે

ભારત કૃષિપ્રધાન દેશ છે. કૃષિનો મુખ્ય આધાર પાણીની મબલખતા પર છે. કહેવાય છે કે 'ખેડ-ખાતર ને પાણી સમૃદ્ધિ લાવે તાણી.' ખેડૂતની આર્થિક સ્થિતિ પણ જળસ્રોત પર નભે છે. આજે ગુજરાત સરકારે કૃષિક્ષેત્રે સિંચાઈનું જરૂરી પાણી અને વીજળી મળી રહે તે માટે ઘણી બધી યોજનાઓ અમલી બનાવી છે. તમામ નાગરિકોને વર્ષ 2022 સુધીમાં પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે યુદ્ધના ધોરણે કાર્ય ચાલી રહ્યું છે. તાજેતરમાં વલસાડ અને ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની યોજનાઓનું ખાતમુહૂર્ત કરીને મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાની પ્રતિબદ્ધતા સાબિત કરી છે.

વિકાસની પ્રાથમિક શરત પાણી છે. પાણીના સ્રોત વધારવા જળસંગ્રહશક્તિ વધારવી આપણી પ્રાથમિકતા છે. પાણી પારસમણિની જેમ વપરાય તે જરૂરી છે. સુજલામ્-સુફલામ્ યોજના અંતર્ગત ત્રણ વર્ષથી તળાવ ખોદી ઊંડા કર્યાં જેથી જળસંગ્રહશક્તિ વધી છે. તરસ્યાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતને વર્તમાન રાજ્ય સરકારે પાણીથી તૃપ્ત કર્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વલસાડ જિલ્લાના ત્રણ તાલુકાનાં 114 ગામોના 3 લાખથી વધુ નાગરિકોને પીવાનું પાણી પૂરું પાડવા રૂ.145 કરોડ તથા ભાવનગરમાં રૂ.૩૭૬.૧૯ કરોડની યોજનાનું ખાતમુહૂર્ત કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યમાં વિશાળ વોટરગ્રીડના નિર્માણથી દક્ષિણ ગુજરાતના અંતરિયાળ ગામો સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવામાં ગુજરાતે સફળતા મેળવી છે તેવો સ્પષ્ટ મત આ વેળાએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતના ૩૦ ટકા વિસ્તારમાં ૭૦ ટકા વરસાદ પડે છે અને ૭૦ ટકા વિસ્તારમાં



૩૦ ટકા વરસાદ પડે છે. વલસાડ ગુજરાતનું ચેરાપુંજી છે. અહીં નદીના મુખ વાટે વરસાદનું પાણી વહી જાય છે. આથી જિલ્લામાં જળસંચય અને વિતરણ માટે પાણી પુરવઠા વિભાગનાં વિવિધ પ્રકલ્પો-યોજનાઓ આવશ્યક બની રહે છે. લોકોને શુદ્ધ પાણી મળતાં જમીનની નીચેનું ક્ષારયુક્ત પાણી પીવું નહીં પડે. દાંત પીળા થવા અને હાથીપગા જેવા અશુદ્ધ પાણીજન્ય રોગોમાંથી મુક્તિ મળશે.

તેમણે ઉમેર્યું હતું કે, ભૂતકાળમાં ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં પાણી માટે જનતા હેરાન થતી હતી પાણીના અભાવે લોકો હિજરત કરી જતા હતા. જે સ્થિતિમાં પરિવર્તન આવી રહ્યું છે. જે ગુજરાતમાં પાણીના ક્ષેત્રે મહત્તમ કાર્યો થઈ રહ્યાં છે.

પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયાએ જણાવ્યું હતું કે, વલસાડ જિલ્લાના નાગરિકો માટે રૂા.૧૪૫.૧૪ કરોડના ખર્ચે નિર્માણ થનાર પાંચ પાણી પુરવઠા યોજનાઓ હેઠળ ૧૧૪ ગામો, ૧૦૦૦ જેટલાં પેટાપરાની ૬ લાખ જેટલી જનસંખ્યાને પીવાનું શુદ્ધ પાણી મળશે. આ પ્રસંગે વન અને આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી રમણલાલ પાટકર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજય મંત્રી શ્રી કિશોરભાઇ કાનાણી(કુમાર), સાંસદ ડૉ. કે. સી. પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મણિલાલ પટેલ, ધારાસભ્ય સર્વ શ્રી કનુભાઇ દેસાઇ, જીતુભાઇ ચૌધરી, ભરતભાઇ પટેલ, અરવિંદભાઇ પટેલ, શ્રી આર. આર. રાવલ સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### ભાવનગર

ભાવનગર ખાતે બુધેલથી બોરડા બલ્ક પાઇપલાઇના ખાતમુહૂર્ત પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, રૂ.૩૭૬.૧૯ કરોડની આ યોજનાથી ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાનાં ૨૦ શહેરો અને ૬૧૨ ગામોની કુલ ૪૩ લાખની વસ્તીને વધારાના પાણીનો લાભ મળશે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, રાજ્યમાં પીવાના પાણીની ૧ લાખ કિ.મિ. થી વધુ પાઈપલાઈનનું નેટવર્ક બિછાવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ સૌરાષ્ટ્ર, કચ્છ અને તળ કાઠિયાવાડના પાણીના પ્રશ્નોનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, સમગ્ર સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ 'સૌની યોજના' થકી કાયમ પાણીથી છલોછલ રહેશે. ખેડૂતોને સિંચાઇ અને લોકોને પીવાના પાણીની ચિંતા નહીં રહે. ઉપરાંત બીજા તબક્કામાં સૌરાષ્ટ્રનાં તળાવોને જોડવામાં આવશે જેથી પાણીનાં તળ ઊંચાં આવશે.

આ પ્રસંગે પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, બુધેલથી બોરડા સુધીની ૫૮ કિ.મિ.ની બલ્ક પાઈપલાઈન યોજનાનું કામ આગામી ૨૦ મહિનામાં પૂર્ણ કરાશે. તેમણે કહ્યું કે, ભાવનગરના તમામ ઘરોને પીવાનું શુદ્ધ પાણી મળી રહેશે.

આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી શ્રી પરષોત્તમભાઈ સોલંકી, સાંસદ શ્રીમતી ભારતીબહેન શિયાળ, ધારાસભ્ય સર્વ શ્રી આત્મરામભાઈ પરમાર, શ્રી આર.સી. મકવાણા, શ્રી કેશુભાઈ નાકારાણી સહિતના મહાનુભાવો તથા ખેડૂતભાઈઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# રાજ્યનાં મહાનગરોને વિશ્વકક્ષાનાં સ્માર્ટ સિટિઝ બનાવવાની નેમ



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યનાં ૩ મહાનગરોમાં માળખાકીય સુવિધા વિકાસ સહિતના રસ્તા, STP તેમજ જનભાગીદારી હેઠળનાં વિવિધ કામો માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે રૂ. ૨૫૯.૬૭ કરોડ મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર વડોદરા મહાનગરપાલિકાને રૂ. ૨૪૮.૨૭ કરોડ ફાળવ્યા છે. વડોદરા મહાનગરમાં અટલાદરા ખાતે ૮૩ MLDના નવીન સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ તરસાલી ખાતે ૧૦૦ MLDના નવિન સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ એમ કુલ ૧૮૩ MLDની ક્ષમતાના બે સ્યુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે તેમણે આ રકમ મંજૂર કરી છે. આ બે નવા STP ઉપરાંત વડોદરા મહાનગરના હયાત STPના અપગ્રેડેશન માટે પણ આ નાણામાંથી ખર્ચ કરાશે.

મુખ્યમંત્રીશ્રીએ આયોજનબદ્ધ શહેરી વિકાસની દિશાને વેગ આપતાં વિકાસ કામો માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહાપાલિકા-નગરપાલિકાઓને સીધી જ નાણાં-ગ્રાન્ટ ફાળવણીનો અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં અત્યાર સુધી કુલ રૂ. ૨૨૪૧.૬૧ કરોડની રકમ મહાનગરો-નગરોને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ફાળવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પણ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરી સડક યોજનામાં મહાનગરપાલિકાને રૂ. ૬ કરોડ ૭૯ લાખની ગ્રાંટ ફાળવી છે. તદઅનુસાર, ગાંધીનગર મહાનગરમાં સેક્ટર ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ ના આંતરિક રસ્તાઓનું રિસરફેસીંગ કામ અને સેક્ટર-૧૭ના ૫.૮૩ કિ.મિ. તેમજ સે-૧૯ના ૫.૨૪ કિ.મિ.ની લંબાઇના આંતરિક રસ્તાઓનું રિસરફેસિંગ કામ આ રાશિમાંથી હાથ ધરાશે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ ભાવનગર મહાનગરપાલિકાને જનભાગીદારીના કામો અન્વયે ખાનગી સોસાયટીમાં પેવિંગ બ્લોક નાખવાનાં કામો અને ડ્રેનેજ લાઇન, પાણીની લાઇન, સ્ટ્રીટ લાઇટ વગેરે જનવિકાસ કામો માટે ૬૦ લાખ રૂપિયા ફાળવ્યા છે. તેમણે ભૂજ નગરપાલિકાને આ હેતુસર રૂ. ૪ કરોડની ફાળવણી કરી છે. મુખ્યમંત્રીશ્રીના આ પારદર્શી અને ત્વરિત નિર્ણાયકતા પૂર્ણ અભિગમને પરિણામે રાજ્યનાં મહાનગરો-નગરોને વિશ્વકક્ષાના સ્માર્ટ સિટીઝ તરીકે વિકસિત થવાનો માર્ગ વધુ સરળ થયો છે. ●

# ઇન્ટર્ન તબીબોના ભથ્થામાં વધારો



કોરોનાના કપરા કાળમાં ઈન્ટર્ન તબીબોએ પણ અથાક મહેનત કરી લોકોની સારવાર અને સેવામાં કોઈ કચાશ રાખી નથી. ગુજરાત સરકારે પણ તેમની આ દરકારને બિરદાવી છે. તાજેતરમાં ઈન્ટર્ન તબીબોની કોરોનાના કપરાકાળમાં કરેલી કામગીરીને ધ્યાને લઈને આ તબીબોને પ્રતિ માસ રૂ.૫૦૦૦નું વધારાનું પ્રોત્સાહક ભથ્થું ચૂકવવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

સમગ્ર રાજ્યની સરકારી મેડિકલ કોલેજો અને જી. એમ.ઇ.આર.એસ હસ્તકની કોલેજના ઇન્ટર્ન તબીબોના પ્રતિનિધિઓની નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ સાથે તાજેતરમાં બેઠક યોજાઇ હતી. જેમાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે પરામર્શ કરીને અને ઇન્ટર્ન તબીબોના પ્રતિનિધિમંડળ સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, બે દિવસ પહેલાં આ ઇન્ટર્ન તબીબો સાથે વિગતવાર લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. તબીબી પ્રતિનિધિ મંડળના સભ્યોની માંગણી અને રજૂઆત સંદર્ભે લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. ઈન્ટર્ન તબીબોને કોરોનાના કપરાકાળમાં કરેલી કામગીરીને ધ્યાને લઇને આ તબીબોને પ્રતિ માસ રૂ.૫૦૦૦નું વધારાનું પ્રોત્સાહક ભથ્થું ચૂકવવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી પટેલે બેઠક બાદ જણાવ્યું હતું કે, રાજયની સરકારી અને જી.એમ.ઈ.આર.એસ કોલેજના ઈન્ટર્ન તબીબોને હાલ રૂપિયા ૧૩૦૦૦નું સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવે છે. તેમાં કોઇ વધારો કરાયો નથી. પ્રોત્સાહકરૂપે આ રૂ.૫૦૦૦નું વધારાનું મહેનતાણું સ્ટાઇપેન્ડ ઉપરાંત ચૂકવવામાં આવશે. જેના લીધે હવે આ ઇન્ટર્ન તબીબોને રૂ. ૧૮,૦૦૦ ચૂકવાશે. જેનો અંદાજે ૨૨૦૦ જેટલા તબીબોને લાભ મળશે. આ નિર્ણયને ઈન્ટર્ન તબીબોએ ઉત્સાહપૂર્વક વધાવી લીધો છે. આ પ્રોત્સાહક ભથ્થું એપ્રિલ-૨૦૨૦ થી આગામી ફેબ્રુઆરી-૨૦૨૧ દરમ્યાન જે તબીબોની ટર્મ પૂરી થાય છે તેઓને આ લાભ મળશે. ●

## ગુડ ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાત રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત

# ઇ-ગુજકોપ એપ દેશમાં પ્રથમ ક્રમે

**દિલીપ ગજ્જર**




ગુજરાતના નાગરિકોને સુરક્ષા સહિતની વિવિધ યોજનાઓના લાભો ઘરઆંગણે પૂરા પાડવા માટે ગુજરાત સરકારે ગુડ ગવર્નન્સને પ્રાધાન્ય આપ્યું છે. ગુડ ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાત આજે રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે. દેશનાં તમામ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશમાં સંચાલિત સી.સી.ટી. એન.એસ એપ્લિકેશન અંતર્ગત ગુજરાતના ગૃહ વિભાગની ઇ-ગુજકોપ એપ્લિકેશને પ્રથમ ક્રમ હાંસલ કરીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તાજેતરમાં દિલ્હીમાં આયોજિત ઓનલાઇન સમારોહમાં ગુજરાતને આ એવોર્ડ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી શ્રી જી.કિશનરેડ્ડીના હસ્તે એનાયત થયો છે.

ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહ ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હતા ત્યારે તેઓએ દીર્ઘદૃષ્ટિથી સમગ્ર ભારતે જેની નોંધ લીધી હતી એવા ઇ-ગુજકોપ પ્રોજેક્ટની શરૂઆત કરી હતી.

રાજ્ય ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ ગૃહ વિભાગના અધિકારીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, ઇ-ગુજકોપના માધ્યમથી સિટીઝન પોર્ટલ અને સિટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ દ્વારા પોલીસની અનેક સેવાઓ- નાગરિકોને Online પૂરી પાડી રાજ્યના નાગરિકોને સુદૃઢ સલામતીનો અહેસાસ અને વિવિધ જનહિતલક્ષી યોજનાના લાભો ઘેર બેઠાં પૂરા પાડ્યા છે. જેમાં પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફ.આઇ.આર.ની કોપી, ગુમ થયેલી વ્યક્તિની માહિતી, બિનવારસી લાશની માહિતી, ભાડવાત, ઘરઘાટી, સિનિયર સિટીઝનની નોંધણી, નાગરિકોના વાંધા પ્રમાણપત્ર, પોલીસ વેરિફિકેશનની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.



આ કોન્ફરન્સમાં સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના પોલીસ મહાનિરીક્ષક દ્વારા ઇ-ગુજકોપની વિવિધ વિગતો આપવામાં આવી હતી. ઇ-ગુજકોપ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યનાં તમામ ૭૨૫ પોલીસ સ્ટેશન અને અન્ય ૧૩૪૮ પોલીસ કચેરીઓ ખાતે હાલ કાર્યરત છે. ઇ-ગુજકોપ પ્રોજેક્ટ અંતર્ગત તમામ પોલીસ સ્ટેશન ખાતે કનેક્ટિવિટી ફાળવાઇ છે. ઇ-ગુજકોપ પ્રોજેક્ટ અંતર્ગત રાજયમાં નોંધાતી તમામ FIR ૨૪ કલાકમાં ઓનલાઇન અપલોડ થાય છે. વડાપ્રધાનશ્રી કચેરી દ્વારા તમામ રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશમાં સંચાલિત સી.સી.ટી.એન.એસ. એપ્લિકેશનનું દરેક માસના અંતે પ્રગતિ ડેશબોર્ડ અંતર્ગત મૂલ્યાંકન કરવામાં આવે છે. તા. ૩૧ મે, ૨૦૧૮થી પ્રગતિ ડેશબોર્ડમાં ગુજરાત સતત પ્રથમ સ્થાને રહ્યું છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ઇ-ગુજકોપના વિસ્તૃતીકરણ પોલીસ ચોકીઓ અને આઉટ પોસ્ટો સુધી કરવામાં આવેલ જેનાથી છેવાડાના ગ્રામીણ વિસ્તારના નાગરિકોને પણ પોલીસ ખાતાની સેવાઓનો લાભ મળી રહ્યો છે. ગુજરાત રાજય પ્રથમ રાજ્ય છે જ્યાં આ એપ્લિકેશન પોલીસ ચોકી અને આઉટ પોસ્ટ ખાતે કાર્યરત કરવામાં આવેલી છે. ઇ-ગુજકોપના ICJs (Interoperable Criminal Justice System) સાથે સંકલન કરવામાં આવેલી છે. ઇ-ગુજકોપથી FIR અને ચાર્જશીટ US ના માધ્યમથી ઓનલાઇન કોર્ટોને મોકલવામાં આવી રહી છે.

ઇ-ગુજકોપના પોકેટકોપ પ્રોજેક્ટ અંતર્ગત તમામ તપાસ અધિકારીઓ માટે મોબાઇલ એપ્લિકેશન વિકસાવવામાં આવી છે. જે ગુના શોધવા અને અટકાવવા ખૂબ જ મદદરૂપ નીવડી રહી છે. વાહન સર્ચ એપ્લિકેશન દ્વારા ગુજરાત પોલીસે ૫૦૦૦ ચોરાયેલાં વાહનો શોધી કાઢયાં છે. ગુનેગાર સર્ચ એપ્લિકેશન દ્વારા ૭૦૦૦થી વધુ ગુનેગારોને શોધીને તેઓના વિરૂદ્ધ અટકાયતી પગલાં લેવામાં આવ્યાં છે. પાસપોર્ટ વેરિફિકેશન દ્વારા નાગરિકોનું ઘરે બેઠાં પોલીસ વેરિફિકેશન કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં આ એપ્લિકેશન મારફતે ૧૬,૦૦,૦૦૦ નાગરિકોનું પોલીસ વેરિફિકેશન કરાયું છે. ●

# જામનગરનું પાણીદાર ગામ રીનારી

દિવ્યા ત્રિવેદી



સૌરાષ્ટ્રને પાણીદાર બનાવવા માટે અનેક પેટા જૂથ યોજનાઓ, સૌની યોજના થકી હવે સૌરાષ્ટ્રનો પાણીપ્રશ્ન એ ભૂતકાળ બની ગયો છે. ભૂતકાળમાં પાણીની તંગી વેઠતું સૌરાષ્ટ્ર આજે નર્મદાનાં નીરથી પાણીથી તરબોળ પ્રદેશ બન્યો છે. પાણી લોકોના ઘરે-ઘરે નળ દ્વારા પહોંચે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "નલ સે જલ" યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. આજે જામનગર જેવા પાણીની ફરિયાદ કરતાં જિલ્લામાં પણ આ યોજનાના લાભ થકી ગામો પાણીદાર બન્યાં છે. કાલાવડથી ૧૧ કિલોમિટર દૂરનું રીનારી ગામ પણ ૨૪ કલાક ઘરઆંગણે પાણી મેળવી પાણીદાર બન્યું છે.

રીનારી ગામના મહિલા સરપંચ જયાબહેન અકબરીના મોઢે જ નલ સે જલની સાફલ્યગાથા સાંભળવા જેવી છે. તેઓ કહે છે કે, "૬૫૦ લોકોની વસ્તી ધરાવતું અમારું રીનારી ગામ બે વર્ષ પહેલાં પાણીની તંગીથી પીડાતું હતું. વળી જે પાણી આપવામાં આવતું, તેમાં પણ પાઈપલાઈન વ્યવસ્થા અને ઊંચાણવાળા વિસ્તારના કારણે અનેક પ્રશ્નો રહેતા. સતત પાણીથી અસંતોષ અને પાણી માટે સતત મોટર ઉપર નિર્ભર રહેવાને કારણે ગામલોકોનાં વીજબિલ પણ ખૂબ મોટાં આવતાં હતાં."





જયાબેન કહે છે કે, "એક મહિલા તરીકે પાણીની અછત કેટલી ગંભીર છે તે વિશે હું સારી રીતે વાકેફ હતી અને આ પ્રશ્નના નિવારણ માટે અમે વાસ્મોના સહકાર થકી ગામને નલ સે જલ યોજનાનો લાભ અપાવ્યો." વાસ્મો દ્વારા રીનારી ગામમાં પાણીની પાઈપલાઈનની સંપૂર્ણ વ્યવસ્થા ઊભી કરવામાં આવી. ધર્મેશભાઈ અકબરી કહે છે કે," ગામના ઘરે ઘરે એક સરખા પ્રમાણમાં પાણી પહોંચે તે માટેની વ્યવસ્થા કરવા અમે ગ્રામ લોકોએ ગામને સાત વિભાગમાં વહેંચી અને પ્રથમ દરેક ઘરને ભૂગર્ભ ગટર સાથે જોડી રોડના લેવલિંગ કર્યા. પ્રોપર લેવલિંગના કારણે ચોવીસ કલાક લોકોના ઘરે પાણી પહોંચવાથી લોકો ખૂબ ખુશ છે."

દિવાળીબહેન અકબરી કહે છે કે,"ક્યારેય વિચાર્યું નહોતું કે, અમારા ઘરે આમ નળ ખોલતાં પાણી આવશે. આજે નરેન્દ્રભાઈ મોદીની આ યોજનાથી અમારા ગામમાં ઘરે-ઘરે ૨૪ કલાક પાણી મળી રહે છે. આમ અમારા ગામમાં પાણીનું ખૂબ સુખ છે, જે માટે વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો ખૂબ ખૂબ આભાર.

શારદાબહેન કમાણી કહે છે કે, ગામમાં લાઈન હોવા છતાં પણ અમારા ઘરે ક્યારેય પાણી પહોંચતું જ નહીં, આજે મોટર વગર અમે એક માળ ઉપરના ટાંકે પણ પાણી પહોંચાડી શકીએ તે રીતે અમને પાણી મળી રહે છે. ભગવતીબહેન અકબરી કહે છે કે, નલ સે જલ યોજના આવતા અમારે હવે મોટર ચાલુ કરવી પડતી જ નથી.

રીનારી ગામ સો ટકા ખુલ્લામાં શૌચમુક્ત, સો ટકા ભૂગર્ભગટર જોડાણ ધરાવતું અને સો ટકા પાણીના નળ કનેક્શન સાથે આદર્શ ગ્રામ તરફ અગ્રસર થઈ રહ્યું છે. ગામના દરેક નળ કનેક્શન સાથે પાણીનું મીટર જોડાયેલું છે, જેથી પાણીનો બગાડ પણ થતો નથી. ગામમાં સ્વચ્છતા રખાતી હોવાથી જામનગર જિલ્લામાં ડેન્ગ્યુનો કહેર હોવા છતાં રીનારીમાં તેનો એકપણ કેસ ન હતો.

ગાંધીજીના વિચારો "સ્વચ્છતા ત્યાં પ્રભુતા અને આવશ્યક સ્રોતોનો જરૂરિયાતપૂર્વકનો ઉપયોગ"ને આ ગામ જીવન મંત્ર માનીને જીવી રહ્યું છે. ●

## વેસ્ટમાંથી બેસ્ટ

# વેસ્ટ પેપરના રિસાઇકલિંગથી બનાવી ઇકો ફ્રેન્ડલી પેન





રાજ લક્કડ

ગુજરાત ઔદ્યોગિક, વ્યાપારિક, સેવાકીય અને શૈક્ષણિક દૃષ્ટિએ સમૃદ્ધ રાજ્ય છે, ત્યારે યુવાનોને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તરત રોજગાર મળે તેવા હેતુથી કૌશલ્ય નિર્માણના વિવિધ કાર્યક્રમોને રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં સફળતાપૂર્વક અમલીકૃત કરવામાં આવ્યા છે.

મારવાડી કોલેજના પ્રોફેસર ડૉ. દીપક મશરૂએ જણાવ્યું હતું કે, તેમના જન્મદિવસે વિદ્યાર્થીઓને ચોકલેટના બદલે ઇકો ફ્રેન્ડલી પેન્સિલ આપ્યા બાદ વિદ્યાર્થી યશ પુજારાએ કાગળની પેનનો વિચાર મૂક્યો. ત્યાર બાદ ધવલ બારભાયાએ પોતાની કોઠાસૂઝથી મિકેનિઝમ અને મશીન તૈયાર કરાવ્યું. આ પ્રકારની રિસાઈકલ્ડ પેપરમાંથી પેન બનાવવા તથા તેના થકી કોરોના અંગે જાગૃતિ ફેલાવવા બદલ ‘વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા’ વતી સન્માન કરવામાં આવ્યું છે. ધવલ બારભાયા અને યશ પુજારાએ મેળવેલી સિદ્ધિની મને ખૂબ જ ખુશી છે.

એનવાઈરોકેર કંપનીના યુવાસ્થાપક ધવલ બારભાયાએ કહ્યું હતું કે, અમે ઈન્ડિયા સ્ટાર્ટ અપ અંતર્ગત કંપનીની શરૂઆત કરી છે. જેની અંદર અમે વિવિધ પ્રકારની રિ-સાઇકલ અને અપ-સાઇકલ પદ્ધતિનો ઉપયોગ કરીને બોલપેન બનાવીએ છીએ. સિંગલ-યૂઝ પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવાના સરકારના અભિયાનને પગલે ઇકો ફ્રેન્ડલી પેનનો વિચાર આવ્યો. જો રિસાઇકલ પેપરમાંથી પેન બનાવીએ તો વૃક્ષો કપાય નહીં અને પર્યાવરણની જાળવણી કરી પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડી કરી શકાય. અમે કાગળને વણીને હાથ બનાવટથી બોલપેન બનાવતા હતા. પરંતુ ઉત્પાદન ક્ષમતાની મર્યાદા હોવાના કારણે અમે જાતે જ મશીન ડિઝાઈન કરીને એન્જિનિયર્સ પાસે તૈયાર કરાવ્યું. જેથી ઉત્પાદન ક્ષમતામાં વધારો થયો અને પડતર કિંમતમાં ઘટાડો થયો. જેથી પ્લાસ્ટિકની બોલપેનની કિંમતમાં અમે કાગળની બોલપેન આપવા સક્ષમ થયા છીએ.

યશ પુજારા જણાવે છે કે, મને માસ્ટર ડિગ્રી એનવાયરલ મેનેજમેન્ટમાં કરેલું છે અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં મને રસ રહેલો છે. બહુ બધું રિસર્ચ કર્યા પછી અમે કાગળની બોલપેન બનાવવાની વાતને બિઝનેસ મોડેલમાં ફેરવવાના પ્રયત્ન કર્યા. આટલો અભ્યાસ કરીને પણ હું જેટલી સેલેરી નથી મેળવતો તેથી વધુ હું કમાઈને અન્ય લોકોને રોજગારી આપી શકું છું તેની મને ખુશી છે. તેણે પ્લાસ્ટિકની પેનનો ઉપયોગ અટકાવીને કાગળની પેનનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

આજે જ્યારે દુનિયામાં પર્યાવરણીય અસમતુલા વ્યાપ્ત છે અને પર્યાવરણની જાળવણી અને સંવર્ધન માટે દુનિયા ભારતના માર્ગદર્શન માટે અપેક્ષિત બની રહ્યું છે, ત્યારે આવા નાના પણ ઉજ્જવળ ભાવી તરફ દોરી જતા પ્રયાસો આ ક્ષેત્રે ચોક્કસપણે પથદર્શક અને અનુકરણીય બની રહેશે. ●

## પેપર-પેનની વિશેષતા

*પ્લાસ્ટિકના બદલે કાગળમાંથી બનતી ‘પેપર પેન’ સંપૂર્ણપણે એનવાયરમેન્ટ ફ્રેન્ડલી છે. પ્રદૂષણમુક્ત છે. તે વોટરપ્રૂફ અને પરસેવાની અસરરહિત છે. તેનો એસિડ ટેસ્ટ અને વોટર ટેસ્ટ પોઝિટિવ છે. જેથી વ્યક્તિના શરીર પર તેની કોઈ નેગેટિવ અસર થતી નથી. વજનમાં પ્લાસ્ટિકની પેન કરતાં હળવી અને પેન લપસતી ન હોવાના કારણે ઝડપથી લખી શકાય છે. ‘પેપર પેન’ ટેકનોલોજી અંદર રહેલી શાહીને ઠંડીમાં ગરમ રાખે છે અને ગરમીમાં ઠંડી રાખે છે, જેથી બોલપેન ઉભરાતી નથી કે થીજી જતી નથી. સામાન્ય રીતે માર્કેટમાં ચાલતી “યૂઝ એન્ડ થ્રો” ની વિભાવનાને બદલીને “યૂઝ એન્ડ ગ્રો”ની વિચારધારા છે. પેપર પેન અને પેપર પેન્સિલના પાછળના ભાગે વિવિધ છોડ અને શાકભાજીનાં બિયારણ આપવામાં આવે છે. જેમાં ટમેટાં, મેથી, મરચું તુલસી, ફુદીનો વગેરેનો સમાવેશ થાય છે. આ પેનનો ઉપયોગ પૂર્ણ થયા બાદ તેને ભંગારમાં ફેંકી દેવાના બદલે ઘરના કૂંડામાં ઉગાડી શકાય છે. આવું માત્ર પેન-પેન્સિલમાં જ નથી પરંતુ કાગળની નોટબુક, ડાયરી, નિમંત્રણ કાર્ડ, વિઝિટિંગ કાર્ડમાં પણ સીડ પેપરનો ઉપયોગ કરવામાં આવે છે. નજીકના ભવિષ્યમાં કંપની જીન્સના કાપડમાંથી પેન બનાવીને બજારમાં ઉપલબ્ધ કરાવનાર છે. ●*

# સળંગ ૧૧૩ દિવસની સારવાર બાદ કોરોનામુક્ત થતાં દેવેન્દ્રભાઈ



અમિતસિંહ ચૌહાણ

સમસ્ત વિશ્વ કોરોનાની મહામારી સામે આજે લડી રહ્યું છે, ત્યારે ગરીબ નાગરિકો પ્રત્યે સંવેદનશીલ અને મમતાભર્યો અભિગમ કેળવીને કેવી રીતે તેમને મોતના મુખમાંથી ઉગારી શકાય તેની આગવી મિસાલ ગુજરાત સરકારે સમગ્ર દુનિયા સમક્ષ પ્રસ્તુત કરી છે. અમદાવાદની સરકારી સોલા હોસ્પિટલમાં કોરોના સામે ૧૧૩ દિવસ સુધી એકધારી લડત બાદ ધોળકાના દર્દી શ્રી દેવેન્દ્રભાઈ પરમાર કોરોનાને માત આપી હેમખેમ ઘરે પરત ફર્યા છે. કોરોનાની સારવારનો આ વિક્રમજનક ગાળો ભારતભરમાં સૌથી વધુ છે. તેમને તમામ સારવાર રાજય સરકારે વિના મૂલ્યે પૂરી પાડી છે.

અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે શ્રી દેવેન્દ્રભાઈ અને એમના પરિવારની રૂબરૂ મુલાકાત લઈને શુભેચ્છાઓ આપી હતી. તેમણે ઉમેર્યું કે, સોલા સિવિલ હોસ્પિટલના સમગ્ર તંત્રના અથાગ પ્રયાસો થકી જ ૫૯ વર્ષીય શ્રી દેવેન્દ્રભાઇ કોરોના જેવી સંવેદનશીલ બીમારીને માત આપીને સ્વગૃહે સ્વસ્થ થઇને પરત ફરી રહ્યા છે. દેવેન્દ્રભાઈએ જો અન્યત્ર સારવાર લીધી હોત તો અંદાજે ૩૦ લાખનો ખર્ચ થયો હોત જે સરકારે વિનામૂલ્યે આપી છે. સળંગ ૧૧૩ દિવસની સારવાર બાદ કોરોનામુક્ત થઈને ડિસ્ચાર્જ લેતા હોય એવો કદાચ ભારતભરમાં સૌ પ્રથમ કિસ્સો છે.

આ સમગ્ર બનાવની ટૂંકી વિગત એવી છે કે અમદાવાદ જિલ્લાના ધોળકાના વતની અને ગરીબ પરિવારના મોભી 60 વર્ષીય દેવેન્દ્રભાઈ પરમારને શરદી-તાવનાં લક્ષણો જણાતાં તેમણે કોવિડ-૧૯નો RT-PCR ટેસ્ટ કરાવ્યો. કોરોનો પોઝિટિવ જણાતાં સોલા સિવિલ હોસ્પિટલમાં ૨૮ ઓગસ્ટે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં સતત ચાર મહિના સુધી ચાલેલી આઇસીયુ સહિતની સારવાર બાદ દેવેન્દ્રભાઇની ઘરે પરત ફરવાની માંગણીને ગ્રાહ્ય રાખી 18 ડિસેમ્બરે દેવેન્દ્રભાઈને રજા અપાઈ હતી.

કોરોનાની સારવારના લાંબા સમયગાળાનો અત્યાર સુધીનો વિક્રમ ૧૦૨ દિવસનો છે. અન્યત્ર સારવાર લેવામાં આવે તો સામાન્ય રીતે આટલી લાંબી ચાલતી સારવાર પાછળ અંદાજે ૩૦ લાખ રૂપિયાનો ખર્ચ થવાની શક્યતા હોય છે, જે કદાચ દેવેન્દ્રભાઈના ગરીબ પરિવારને આર્થિક રીતે ન પોસાયું હોત, પરંતુ ધોળકાના આ ગરીબ માનવીને વિનામૂલ્યે સતત ૧૧૩ દિવસ સુધી સારવાર આપીને હેમખેમ ઉગારી લઇને ગુજરાત સરકારે એ સાબિત કર્યું છે કે કોરોનાના આ વસમા કાળમાં રાજ્યના પ્રત્યેક ગરીબ માનવીના જીવનનાં રખોપાં કરવા એ જ તેની પ્રાથમિકતા છે.

શ્રી દેવેન્દ્રભાઈ પરમારનાં ધર્મપત્ની ઇન્દુમતીબહેને આ પ્રસંગે પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં કહ્યું કે, સોલા સિવિલ હોસ્પિટલના તબીબોથી લઈને સફાઇકર્મીઓ સુધી તમામ તંત્રએ ખડેપગે રહીને મારા પતિની સેવા-શુશ્રૂષા કરી છે એ બદલ હું તમામને બિરદાવું છું અને રાજ્ય સરકાર દ્વારા આટલો લાંબો સમય ચાલેલી સારવાર અમને તદ્દન નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવી તે બદલ અમારો સમગ્ર પરિવાર રાજ્યની સંવેદનશીલ સરકારનો આભાર વ્યક્ત કરે છે.

આ પ્રસંગે સોલા સિવિલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. પીના સોની, જી.એમ.ઈ.આર.એસ. કોલેજના ડીન ડૉ. નીતિન વોરા, સોલા સિવિલ એનેસ્થેસિયા વિભાગની સમગ્ર ટીમ, પલ્મનોલોજી વિભાગની સમગ્ર ટીમ, મેડિસિન વિભાગની સમગ્ર ટીમ, નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## ગ્રીન એનર્જી ક્ષેત્રે અગ્રેસર ગુજરાત

# ગુજરાત સોલર પાવર પૉલિસી-૨૦૨૧ જાહેર



ગુજરાત આજે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે સમગ્ર દેશમાં અગ્રેસર રહી કાર્ય કરી રહ્યું છે. રાજ્યમાં રિન્યુએબલ એનર્જીના વિકાસને પ્રોત્સાહન આપી નવી ઊંચાઈ પર લઈ જવા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકારે હકારાત્મક પ્રયાસો કરી અનેકવિધ નવતર આયામો હાથ ધર્યા છે. રાજ્યમાં સોલાર ઊર્જાનો વ્યાપ વધે અને લોકોને સસ્તી વીજળી ઘર આંગણે મળી રહે એ માટે સોલાર પૉલિસી વર્ષ ૨૦૧૫માં અમલી બનાવાઈ હતી. આ નીતિને અપ્રતિમ પ્રતિસાદ મળતા રાજ્યમાં સ્વચ્છ, પર્યાવરણલક્ષી અને સાતત્યપૂર્ણ ઊર્જાને સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકારે નવી "ગુજરાત સોલર પાવર પૉલિસી ૨૦૨૧"ને અમલમાં મૂકવાની જાહેરાત કરી છે.

ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ "ગુજરાત સોલર પાવર પૉલિસી ૨૦૨૧" અંગે વિગત આપતાં જણાવ્યું હતું કે, આ નવી પોલિસીના પરિણામે રાજ્યમાં સૌર ઊર્જાનો વપરાશ-ઉત્પાદન વધવાથી ઉદ્યોગકારોની પ્રોડક્શન કોસ્ટ નીચી જાય અને 'મેઈડ ઈન ગુજરાત' બ્રાન્ડ દુનિયામાં છવાઈ જાય તેવી આપણી નેમ છે. સૌર ઊર્જા-સોલાર એનર્જીના પરિણામે પરંપરાગત ઊર્જા સ્રોત એવા કોલસા આધારિત વીજ ઉત્પાદન ઘટશે અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી - ગ્રીન ક્લીન એનર્જી ઉત્પાદનને પ્રોત્સાહન મળશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી જણાવ્યું હતું કે, ગુજરાત મોડલ સૌરઊર્જા ઉત્પાદન ક્ષેત્રે પણ મહત્ત્વનું પુરવાર થઈ રહ્યું છે. આ જ અભિગમને રાજ્ય સરકારે આગળ વધારીને ગ્રીન એન્ડ ક્લીન એનર્જીના નિર્માણ થકી ગુજરાત રાજ્યને ગ્રીન એનર્જી હબ બનાવવા માટે આ મહત્ત્વનો નિર્ણય કર્યો છે. જેના પરિણામ સ્વરૂપ આ નવી ગુજરાત સોલાર પૉલિસી-૨૦૨૧ ની જાહેરાત કરવામાં આવી છે જે આવનાર સમયમાં રિન્યુએબલ ઊર્જામાં દેશને નવો રાહ ચીંધશે.

રાજ્યમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર અનેકવિધ પ્રયાસો કરી રહી છે ત્યારે આ નવી પૉલિસીમાં પણ રાજ્ય સરકારે ઘણા પ્રોત્સાહનો આપ્યાં છે. જેના થકી રાજ્યમાં સ્વચ્છ અને પ્રદૂષણરહિત રિન્યુએબલ એનર્જીના વિકાસના તેજસ્વી ભવિષ્યને પ્રોત્સાહન આપવા અને આગળ વધારવામાં પ્રેરક બળ પૂરું પાડશે. એટલું જ નહિ, લઘુ-મધ્યમ અને મોટા ઉદ્યોગો સોલાર એનર્જી વપરાશ માટે પ્રોત્સાહિત થવાથી તેમની પ્રોડક્શન કોસ્ટ ઘટશે.

### "ગુજરાત સોલર પાવર પૉલિસી ૨૦૨૧" વિશે

- આ પૉલિસી હેઠળ, કોઈપણ વ્યક્તિ / વિકાસકર્તા (developer) / ગ્રાહક / ઇન્ડસ્ટ્રી જરૂરિયાત મુજબ, ક્ષમતાની મર્યાદા વિના, સોલર પ્રોજેક્ટ્સ સ્થાપિત કરી શકે છે જ્યારે હાલના મંજૂર થયેલ લોડ / કરાર માંગની 50%ની મર્યાદા દૂર કરવામાં આવી છે.
- ગ્રાહકો તેમની છત / જગ્યા પર સોલર પ્રોજેક્ટ્સ સ્થાપી શકે છે અથવા તેમની છત / જગ્યાનાં પરિસરને વીજ ઉત્પાદન અને વીજ વપરાશ માટે તૃતીય પક્ષને લીઝ પર પણ આપી શકશે.
- આ ઉપરાંત ગ્રાહકોનું કોઈ એક જૂથ સામૂહિક માલિકીના પ્રોજેક્ટ તરીકે સ્વવપરાશ માટે સૉલર પ્રોજેક્ટ્સ સ્થાપી શકે છે અને તેઓની માલિકીના હિસ્સા પ્રમાણે ઉત્પન્ન થતી સૌર ઊર્જાનો વપરાશ કરી શકે છે.
- પ્રોજેક્ટ ડેવલોપર દ્વારા વીજ વિતરણ કંપનીને ચૂકવવાની થતી સિક્યોરિટી ડિપોઝિટની રકમને પ્રતિ મેગાવોટ રૂ. 25 લાખથી ઘટાડીને હવે પ્રતિ મેગાવોટ રૂ. રૂ. 5 લાખ કરવામાં આવી છે.
- રાજ્યના લઘુ-MSME, મધ્યમ ઉદ્યોગોની પ્રોડક્શન કોસ્ટ સોલાર એનર્જીના વપરાશને કારણે ઘટશે. એટલું જ નહિ, આવા ઉદ્યોગો સહિત રાજ્યના મોટા ઉદ્યોગો પણ વર્લ્ડ માર્કેટમાં કોમ્પિટિશનમાં ઊભા રહી શકશે.
- આ નવી સોલર પાવર પૉલિસી આગામી પાંચ વર્ષ એટલે કે ૩૧-૧૨-૨૦૨૫ સુધી કાર્યરત રહેશે. જેમાં સ્થાપિત સોલર પ્રોજેક્ટ્સ માટેના લાભો 25 વર્ષના પ્રોજેક્ટ સમયગાળા માટે મેળવી શકાશે.
- આ પૉલિસી અંતર્ગત રહેણાક હેતુના ગ્રાહકો માટે, ઔદ્યોગિક અને વાણિજ્યિક ગ્રાહકો દ્વારા કેપ્ટિવ ઉપયોગ માટેના, થર્ડ પાર્ટી દ્વારા ઔદ્યોગિક અને વાણિજ્યિક ગ્રાહકને વેચાણ માટેના, વીજ વિતરણ કંપનીઓને (ડિસ્કોમ) વીજ વેચાણ કરવા માટેના પ્રોજેક્ટ્સ સ્થાપી શકાશે.

સૂર્ય ગુજરાત યોજના, પીએમ-કુસુમ યોજના અને સ્મોલ સ્કેલ ડિસ્ટ્રિબ્યૂટેડ સોલર પ્રોજેક્ટ્સ પૉલિસી ૨૦૧૯ જેવી વિવિધ નવી નીતિઓની પહેલ દ્વારા રાજ્ય સરકાર ગ્રાહકો, ખેડૂતો, સહકારી મંડળીઓ, રહેણાક હેતુના ગ્રાહકો અને નાના વિકાસકર્તાઓને સોલર પ્રોજેક્ટ્સ સ્થાપવા અને રાજ્ય સરકારની સ્વચ્છ અને ગ્રીન ઊર્જાના વિકાસની પહેલમાં મહત્ત્વનો ફાળો આપવા માટે પ્રોત્સાહિત કરી રહી છે. જેને આ પૉલિસીના માધ્યમથી બળ મળશે.

નાના પાયાના સોલાર પ્રોજેક્ટ્સને પ્રોત્સાહિત કરવા માટે, વીજ વિતરણ કંપનીઓ હવે આ નાના પાયાના સોલર પ્રોજેક્ટ્સ (4 મેગાવોટ સુધી) માંથી સ્પર્ધાત્મક બીડ (competitive bidding) દ્વારા નક્કી થયેલ ટેરિફ ઉપરાંત 20 પૈસા પ્રતિ યુનિટ વધુ ચૂકવી વીજ ખરીદી કરશે. જ્યારે ૪ મેગાવોટથી વધારાની કેપેસિટીનાં પ્રોજેક્ટ્સમાંથી વીજ વિતરણ કંપનીઓ દ્વારા સ્પર્ધાત્મક બીડ (competitive bidding) હેઠળ સૌર ઊર્જા ખરીદી કરશે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ કે, ગ્રાહકો પાસે જે ઊર્જા ઉત્પન્ન થશે તે એમના વપરાશ બાદની વધારાની ઊર્જાની ખરીદી રાજય સરકાર કરશે. રહેણાક ગ્રાહકો (સૂર્ય ગુજરાત યોજના) અને MSME(મેન્યુફેક્ચરિંગ) દ્વારા કેપ્ટિવ ઉપયોગ કરતાં ગ્રાહકો માટે તેમના વપરાશ બાદ થયેલ વધારાની ઊર્જા ડિસ્કોમ દ્વારા પ્રતિ યુનિટ દીઠ રૂ. ૨.૨૫ પ્રમાણેના દરથી પ્રથમ પાંચ વર્ષ માટે ચૂકવશે. ત્યારબાદ પ્રોજેક્ટ કાર્યાન્વિત થયાના અગાઉના 6 મહિનામાં GUVNL દ્વારા નોન-પાર્ક આધારિત સોલાર પ્રોજેક્ટ્સ માટેની સ્પર્ધાત્મક બિડિંગ (ટેન્ડર) પ્રક્રિયા દ્વારા શોધાયેલ અને કરાર કરાયેલા સરેરાશ ટેરિફના ૭૫% ના દર પ્રમાણે વધારાની ઊર્જાની ખરીદી કરાશે જે બાકીના સમયગાળા માટે નિશ્ચિત રહેશે.

અન્ય તમામ ગ્રાહકો માટે, પ્રોજકટ કાર્યાન્વિત થયાના અગાઉના 6 મહિનામાં GUVNL દ્વારા નોન-પાર્ક આધારિત સોલાર પ્રોજેક્ટ્સ માટેની સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા દ્વારા નક્કી થયેલ અને કરાર કરાયેલા નવીનતમ ટેરિફના ૭૫% ના દરે કરશે, જે 25 વર્ષના પ્રોજેક્ટ જીવનકાળ માટે નિશ્ચિત રહેશે. HT તથા LT (ડિમાન્ડ આધારિત) ગ્રાહકો માટે બેન્કિંગ ચાર્જ સોલર વીજ વપરાશ મુજબ રૂ.૧.૫૦ પ્રતિ યુનિટ રહેશે જ્યારે તે સિવાયના ગ્રાહકો તેમજ MSME એકમોના કિસ્સામાં બેન્કિંગ ચાર્જ પ્રતિ યુનિટ રૂ. ૧.૧૦ રહેશે. વધુમાં રહેણાક ગ્રાહકો તથા સરકારી બિલ્ડિંગ માટે બેન્કિંગ ચાર્જ લાગુ પડશે નહીં. આ ઉપરાંત, સ્વવપરાશ (કેપ્ટિવ)ના કિસ્સામાં કોઈ ક્રોસ સબસિડી સરચાર્જ તથા એડિશનલ સરચાર્જ લાગુ પડશે નહીં.


સૂર્ય - ગુજરાત યોજના હેઠળ સ્થપાતા સોલાર રૂફટોપ પ્રોજેક્ટને સરકાર દ્વારા સબસિડી ચાલુ રહેશે. આ નીતિ અંતર્ગત સોલાર પ્રોજેકટ સ્થાપતા ગ્રાહકોને જે અંદાજિત ફાયદો થશે એમાં રહેણાક ગ્રાહકોને Rs. 1.77 - 3.78 પ્રતિ યુનિટ, ઔદ્યોગિક અને વાણિજ્યિક ગ્રાહકો (કેપ્ટિવ) Rs. 2.92 - 4.31 પ્રતિ યુનિટ, ઔદ્યોગિક અને વાણિજ્યિક ગ્રાહકો (થર્ડ પાર્ટી સોલાર પ્રોજેકટમાંથી ખરીદી) Rs. 0.91 - 2.30 પ્રતિ યુનિટ જેટલો ફાયદો થશે.

ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા અમલી બનાવેલ આ નવી પૉલિસી પ્રદુષણરહિત રિન્યુએબલ એનર્જીના વિકાસમાં પ્રેરકબળ પૂરું પાડશે. તેમણે ઉમેર્યું હતું કે, આ પૉલિસી ગુજરાતને એનર્જી હબ બનાવવાની દિશામાં આગળ લઇ જશે. દેશના ઇતિહાસમાં ઊર્જા ક્ષેત્રે લોકોને જોડવા માટે ગુજરાતે ઉત્તમ તક પૂરી પાડી છે. આ પૉલિસીના માધ્યમ દ્વારા ઘર વપરાશના ગ્રાહકો / ખેડૂતો / કોમર્શિયલ ગ્રાહકો / નાનાં મોટાં ઉદ્યોગ ગૃહો / ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓ સહિત જે કોઇ વ્યક્તિને વીજ ઉત્પાદન કરવું હશે તે કરી શકશે અને પોતાના વપરાશ બાદની વીજળી તે વેચી પણ શકશે.

મુખ્યમંત્રીશ્રીએ ગ્રીન એનર્જી ક્ષેત્રે ગુજરાતે કરેલી કામગીરીની વિગતો આપતાં કહ્યુ કે, ગુજરાતે ૧૧ હજાર મેગાવોટ ક્ષમતાની ઉત્પાદન ક્ષમતા હાંસલ કરી છે અને ૨૦૨૨ સુધીમાં ૩૦ હજાર મેગા વોટ ગ્રીન એનર્જીના ઉત્પાદનનું લક્ષ્ય છે. જેમાં વિન્ડ એનર્જી અને સોલાર એનર્જીનો સમાવેશ થાય છે. એટલું જ નહીં રાજયમાં સોલાર રૂફટોપ યોજના અમલી બનાવી ૮૦૦ મેગાવોટ સૌર ઊર્જાનું ઉત્પાદન કરી રહેલ છે તેમજ રાજ્ય સોલાર રૂફટોપ યોજનામાં દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે.

દેશમાં સૌ પ્રથમ સોલર પૉલિસીની સાથે સાથે "સૂર્ય ગુજરાત યોજના" પણ શરૂ કરી છે. પાટણ જિલ્લામાં ચારણકા સોલાર પાર્કની ક્ષમતા વધારવાની સાથે સાથે ધોલેરામાં પણ ૧૦૦૦ મેગાવોટનો સોલાર પાર્ક તથા ૭૦૦ મેગાવોટના રાધાનેસડા સોલાર પાર્ક નિર્માણાધીન છે. આ રીતે ગુજરાતે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે પણ અનોખું સ્થાન બનાવ્યું છે.

તેમણે ઉમેર્યુ કે, રિન્યુએબલ એનર્જી માટે ૬૦ હજાર હેક્ટર વિસ્તારમાં સ્થાપિત થવા જઇ રહેલ વિશ્વના સૌથી મોટા પ્રોજેક્ટનું વડાપ્રધાનશ્રીએ કચ્છ જિલ્લાના ખાવડા ખાતે ખાતમૂહુર્ત પણ કર્યું છે. આ હાઇબ્રીડ રિન્યુએબલ પાવર પ્લાન્ટ સૌર ઊર્જા ક્ષેત્રે ગુજરાતને નવી દિશા આપશે. તેમણે કહ્યું કે, ૩૦ ગીગાવોટનો આ પાવર પ્લાન્ટ શરૂ થવાથી ૬૦,૦૦૦ મિલિયન યુનિટથી વધુ ક્લીન અને ગ્રીન ઊર્જા ઉત્પન્ન થશે. જેનાથી કાર્બનના ઉત્સર્જનમાં ૬૦ મિલિયન ટન જેટલો ઘટાડો થશે. એટલું જ નહીં ૪૦ મિલિયન ટન કોલસાની પણ બચત થશે અને વાર્ષિક ૨૫ હજાર લોકોને રોજગારી મળશે. ગુજરાતની સાથોસાથ અન્ય રાજ્યોને પણ ઊર્જા પૂરી પડાશે તથા અન્ય રાજ્યોને પણ ઊર્જાની સાથે સાથે અન્ય ઉદ્યોગ ગૃહોને રોજગારી માટે મદદ પણ મળશે. ●



# કેવડિયાનું આરોગ્યવન સ્થાનિકો માટે બન્યું રોજગારીનો સ્ત્રોત

બી.પી.દેસાઈ

કેવડિયા ખાતે વિશ્વના વિરાટતમ વ્યક્તિત્વ એવા સરદાર સાહેબની વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટીના છત્ર હેઠળ કેવડિયાના સંકલિત વિકાસ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીસભર આયોજન હેઠળ વિવિધ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યા છે. જેને પરિણામે આજે કેવડિયા હોલિસ્ટિક ટુરિઝમ ડેવલપમેન્ટ, વિશ્વ એકતાનું પ્રતિક બની વૈશ્વિક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનવા સાથે સ્થાનિક આદિવાસી યુવક-યુવતીઓ માટે ઘર આંગણે જ રોજગારી આપવાનું ઉત્તમ માધ્યમ બન્યું છે. આરોગ્યવનમાં ૩૭ સ્થાનિક યુવક-યુવતીઓ રોજગારી મેળવી રહ્યાં છે.

આજે વાત કરવી છે દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષિત કરતા અને ભારતના ઔષધીય વૈભવને ઉજાગર કરતા અને જ્યાં વિવિધ ઔષધીય રોપાની સાથે ભારતની પ્રાચીન આયુર્વેદિક નીરોગિતાની પ્રણાલિકા તથા ઉત્તમ આરોગ્ય અંગેની જાણકારી પ્રાપ્ત કરવાનું સુંદર સ્થળ એટલે કેવડિયા સ્થિત આરોગ્ય વન... અને તેનાથી સ્થાનિક યુવક-યુવતીઓ માટે સર્જાયેલી રોજગારીની તકોની.

આ આરોગ્યવનમાં આપ પ્રવેશ કરો એટલે આપણને મધુર સ્વરે સુસજ્જ પરિવેશમાં અહીંના સ્થાનિક ગાઈડ મીઠો આવકાર આપવા સાથે આરોગ્ય વનમાં ઉછેરવામાં આવેલ ઔષધીય રોપા વિશે ઝીણવટભરી અને વિસ્તૃત માહિતી પૂરી પાડે છે. આ યુવક યુવતીઓ કોઈ મોટાં શહેરોના નથી પરંતુ કેવડિયા અને તેની આસપાસના વિસ્તારના યુવક યુવતીઓને તેમની લાયકાત મુજબ અહીં રોજગારી પૂરી પાડવામાં આવી છે. સ્થાનિક યુવાઓને અહી રોજગારી મળતા તેઓ પોતાની ખુશી વ્યક્ત કરે છે.



## ગઇકાલના શ્રમિકઃ આજે ગાઇડ

આરોગ્ય વનમાં ગાર્ડન ઓફ કલર્સમાં ફરજ બજાવતા ફૂલવાડીના ભાવેશભાઈ તડવી માત્ર ધો.૧૨ પાસ છે. એક સમયે તેઓ અહીં આરોગ્યવન નિર્માણમાં રોજમદાર તરીકે કામ કરતા હતા. આજે તેઓ આરોગ્ય વનમાં આવતા પ્રવાસીઓને ગાર્ડન ઓફ કલર્સ વિશે એક ગાઈડ તરીકે વિગતવાર જાણકારી આપે છે. ભાવેશ તડવી કહે છે હું અહીં મજૂરી કરતો હતો, પરંતુ મારી લાયકાત મુજબ વનવિભાગ દ્વારા મારી ગાઈડ તરીકે પસંદગી કરવામાં આવી તેનો મને આનંદ છે. એટલું જ નહિ હવે મારે હવે રોજગારી માટે અન્ય સ્થળે જવું પડતું નથી. મને સ્થાનિક ઘરઆંગણે રોજગારી પ્રાપ્ત થઈ છે જેને પરિણામે મારું આર્થિક જીવનધોરણ ઊંચુ આવ્યું છે.

## રવિનાએ રાષ્ટ્રપતિશ્રીને ગોલ્ફકાર્ટમાં આરોગ્ય વનની મુલાકાત કરાવી હતી

તો સમશેરપુરાની રવિના તડવીની વાત જ કંઇક અલગ છે. ધો.૧૨ પાસ કર્યા બાદ રવિનાએ કમ્પ્યૂટરનો કોર્સ કર્યો, પરંતુ ક્યાંય રોજગારી ન મળી. રવિના આરોગ્યવનમાં ગાઈડ ઉપરાંત ગોલ્ફ કાર્ટ પણ ચલાવે છે. રવિનાને ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ



કોવિંદજીને ગોલ્ફ કોર્ટમાં ફેરવવાનો મોકો મળ્યો હતો તેની ખુશી વ્યક્ત કરતાં કહે છે કે મારા જેવી સામાન્ય ઘરની યુવતી માટે આ ખૂબ જ આનંદની પળ હતી. રવિનાના પિતા ખેતીકામ કરે છે. આદિવાસી સમુદાયની રવિનાને ઘરઆંગણે જ રોજગારી મળતા પરિવારને ખૂબ જ મોટી આર્થિક મદદ મળી છે.



## વનસ્પતિના ઔષધીય ઉપયોગના પારખુ રવિરાજ તડવી

આરોગ્યવનમાં ૮૦ X ૪૦ ફૂટ લંબાઈ-પહોળાઈમાં ઔષધ માનવનું નિર્માણ કરવામાં આવ્યું છે. ઔષધ માનવ વિશે માત્ર ધો.૮ પાસ રવિરાજ તડવી માનવીના પગથી લઈ મસ્તક રોગોમાં ઉપયોગી ઔષધીય વનસ્પતિ અંગેની જાણકારી આપે છે. દરેક વનસ્પતિની ઔષધીય ઉપયોગિતા અને ખાસયિતો એની જીભના ટેરવે છે.

સુકા ગામની માર્ગી પટેલે આમ તો ફેશન ડિઝાઈનનો અભ્યાસ કર્યો હતો. પરંતુ ઘરઆંગણે જ રોજગારીનો અવસર મળતા માર્ગી પટેલ આરોગ્ય વનમાં ડિજિટલ ઈન્ફર્મેશન સેન્ટરમાં આરોગ્યવન વિશે પ્રવાસીઓને માહિતગાર કરે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને પણ આરોગ્યવનમાં ઔષધીય રોપાઓથી અવગત કરવાની તક મળી હતી તેનો આનંદ વ્યકત કરતા માર્ગી કહે છે કે તે મારા માટે ખૂબ જ ગૌરવની બાબત છે. તો સુકા ગામની જ હેતલ પટેલ ઘર આંગણે જ વાતાવરણ શુદ્ધ કરતા અને ઔષધીય રોપા અંગે ઈન્ડોર પ્લાન્ટમાં પ્રવાસીઓને માહિતગાર કરે છે.

માનવ સમુદાયના સ્વાસ્થ્ય અને સુખાકારીના વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને જુદા જુદા વૈદિક વૃક્ષો સાથેનું આ આરોગ્યવન ૧૭ એકરમાં પથરાયેલું છે. આરોગ્યવનમાં યોગ, આયુર્વેદ અને ધ્યાનને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ૩૮૦ પ્રજાતિના જુદા-જુદા પાંચ લાખ ઔષધીય રોપાઓ વાવવામાં આવ્યા છે.

આ વનમાં કમળ તળાવ, ગાર્ડન ઓફ કલર્સ, આલ્બા ગાર્ડન, લ્યુટિયા ગાર્ડન, એરોમા ગાર્ડન, યોગ અને ધ્યાન - સ્થળ, ઈન્ડોર પ્લાન્ટ સેકશન, ડિઝિટલ ઈન્ફર્મેશન સેન્ટર, સોવિનિયર શોપ, કાફેટેરિયા વગેરેનો સમાવેશ થાય છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતે આવો ત્યારે આરોગ્યવનની ચોક્કસ મુલાકાત લેજો. અને ખાસ કરીને આદિવાસી બહેનોના સ્વસહાય જૂથ સંચાલિત કાફેટેરિયામાં વાનગીઓને માણવાનું ભૂલતા જ નહિ.

અહીંના આરોગ્ય વેલનેસ સેન્ટરમાં કેરાલાના ડૉકટર અને નિષ્ણાત સ્ટાફ દ્વારા જુદી જુદી નેચર થેરાપીનો પ્રવાસીઓને લાભ મળે છે. આરોગ્ય વનમાં પ્રવાસીઓ શારિરીક સુખાકારી સાથે કુદરત સાથે તાદમ્ય પણ અનુભવે છે.

આરોગ્ય વન વિંધ્યાચલ પર્વતમાળાના છેડે આવેલું છે. સાગનું સઘન જંગલ એનો છેડા પાડોશી છે. અહીંના સૂર્યોદય અને સૂર્યાસ્તનો નજારો માણવાની ખાસ વ્યવસ્થા છે. તેની સાથે આદિવાસી યુવક-યુવતીઓમાં કેટલી વિપુલ ક્ષમતાઓ છે તેની અનુભૂતિ આ સ્થાને થાય છે. ●





# કેવડિયાના જંગલ સફારી પાર્કમાં કામ કરતાં યુવાનો પ્રાણીઓ અને પક્ષીઓના દિલોજાન દોસ્ત બની ગયા...

દર્શન ત્રિવેદી

પ્રકૃતિ અને વન્યપ્રાણીઓને નજીકથી નિહાળવા માટે તમે જો આફ્રિકા કે કેન્યા જવાનું આયોજન કરતા હો તો તે માંડી વાળવા જેવું છે. એનું કારણ છે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ! સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાની સાથે ત્યાં બનાવવામાં આવેલા જંગલ સફારીનો પ્રવાસ આફ્રિકા કે કેન્યા ટૂરનો અહેસાસ કરાવશે. વળી, તમને જંગલ સફારી પાર્કમાં એક નહીં, અનેક 'મોગલી' મળશે.

તમને આશ્ચર્ય થયા વિના નહીં રહે કે આ મોગલી એટલે કોણ? મોગલી એટલે એ ખૂબ જાણીતી બાળકથાઓના નાયક જેવા જંગલ સફારીમાં એનિમલકીપર તરીકે નોકરી કરી રહ્યા છે તેવા આદિવાસી યુવાનો જે હિંસક વન્ય પ્રાણીઓ અને નિર્દોષ પક્ષીઓના દિલોજાન દોસ્તાર બની ગયા છે. દેશવિદેશનાં પશુઓ અને પક્ષીઓની સંભાળ રાખતા યુવાનોને તેમની સાથે એવો આત્મીય નાતો બંધાઇ ગયો છે જે તમને બાળકથાઓના જંગલ કી જાન જેવા મોગલીની પ્રતીતિ કરાવ્યા વિના રહે નહીં !



સ્ટેચ્યૂ ઓફ યુનિટી પરિસરમાં માત્ર ૬ માસના સમયગાળામાં ૩૭૫ એકરમાં જંગલ સફારી પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પાર્કમાં બનાવાયેલા એન્ક્લોઝર કુદરતી જંગલને આવરી લઇ બનાવવામાં આવ્યા છે. એથી ત્યાં રાખવામાં આવેલા પ્રાણીઓને જંગલનો માહોલ મળી રહે. જંગલ સફારી પાર્કમાં ૧૦૦ જાતનાં માંસાહારી અને તૃણાહારી મળી કુલ ૧૧૦૦ પશુપક્ષીઓ રાખવામાં આવ્યા છે. વિશ્વની સૌથી મોટી પક્ષીશાળા જંગલ સફારી પાર્કમાં છે. આકર્ષક વિદેશી પક્ષીઓનો અલગ ડોમ છે.

આ જંગલ સફારી પાર્કના કારણે કેવડિયા આસપાસના ૧૫૦ જેટલા યુવાનોને સીધી રોજગારી મળી છે. સામાન્ય રીતે અત્યાર સુધી બહારના જિલ્લામાં રોજગારી માટે સ્થળાંતર કરી ગયેલા આદિવાસી યુવાનો ઘરઆંગણે સારા પગારે નોકરી મળતા વતનમાં સુખદ ઘર વાપસી કરી શક્યા છે. તેમાં ૬૭ યુવાનો એવા છે જે અત્યારે એનિમલકીપર તરીકે કામ કરી રહ્યા છે.

એનિમલકીપર તરીકે કામ કરી રહેલા યુવાનોને તમે મળો તો અચંબામાં મૂકાઇ જશો ! જેમકે, પહેલાં સામાન્ય પગારે કામ કરતાં અને વન્યજીવોના રેસ્ક્યુના અનુભવી ધર્મેન્દ્ર બારિયા ગેંડાની સારસંભાળ રાખે છે. ગેંડાનું નામ મંગલ રાખવામાં આવ્યું છે. ધર્મેન્દ્ર અને મંગલની ગાઢ દોસ્તી થઇ ગઇ છે. એ.... મંગલ! એવો સાદ ધર્મેન્દ્ર પાડે તો 'મંગલભાઇ' એન્ક્લોઝરના ગમે તે ખૂણામાં હોય, દોડતાં દોડતાં ધર્મેન્દ્ર પાસે આવી જાય ! એની સાથે લાડ કરે !

આવું જ કામ મિત્રવર્તુળમાં માઇકલ તરીકે ઓળખાતા ભદ્રેશ ડામોરનું છે. સફારી પાર્કમાં એનિમલકીપર તરીકે તેની પ્રથમ નોકરી છે. આ નોકરી તેમના માટે લોટરી સમાન છે. કારણ કે એક તો ઘર આંગણે અને બીજું, સારા પગારથી નોકરી મળી ! તે સફારી પાર્કમાં આફ્રિકન પ્રાણીઓના એન્ક્લોઝરમાં કામ કરે છે. શાહમૃગ



અને જિરાફ સાથે ભદ્રેશને સારું એવું જામે છે.

ભદ્રેશ એન્ક્લોઝરમાં પ્રવેશે કે તુરંત બે શાહમૃગ તેની સાથે મસ્તી કરવા લાગે. શાહમૃગ ભદ્રેશ પાસે ચંપી કરાવડાવે ! પીછાં સંવારવાનું કામ કરાવે ! જિરાફ પણ ભદ્રેશનો પીછો ના છોડે ! સીટીની ભાષા જિરાફ સારી રીતે સમજતું થઇ ગયું છે. એન્ક્લોઝરમાં એક વૃક્ષ સાથે લટકાડવામાં આવેલો ચારો ભદ્રેશના ઈશારે જિરાફ આરોગવા માંડે! આ પ્રાણીઓને નજીકથી જોવાનો રોમાંચ કંઇક અલગ છે.

પક્ષીઓના બે ડોમ છે. આ બન્ને ડોમને બીજા શબ્દોમાં કલશોરનું કેન્દ્ર કહી શકાય ! વિશાળ ડોમ અનેક પ્રકારના પક્ષીઓના કલબલાટથી ગુંજતો રહે છે. લવબર્ડ, ફ્લેમિંગો, સારસ, હંસ, દેશીવિદેશી પોપટ, બતક, બગલા, રંગબેરંગી ચકલીઓથી આ બન્ને ડોમ ઊભરાય છે. ડોમની અંદર પ્રવેશ કરી પક્ષીઓનાં ગીતોને સાંભળવા એ અનેરો લ્હાવો છે.

ભાગ્યશ્રી નામની આદિવાસી યુવતી અહીં નોકરી કરે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જ્યારે, પક્ષીઓના ડોમની મુલાકાત લીધી ત્યારે ભાગ્યશ્રીએ જ મકાઉ પોપટને શ્રી મોદીના હાથમાં બેસાડ્યો હતો. એ મકાઉ પોપટનું નામ ગોલ્ડી છે. મકાઉ પોપટ ભાગ્યશ્રીનો કહ્યાગરો છે.

ગોલ્ડી ગો ! એમ કહે તો તુરંત આ વિદેશી પક્ષી કોઇના હાથ ઉપર બેસી જાય. તેને મગફળીના દાણા બહુ ભાવે. ગોલ્ડીની દોસ્તીથી ભાગ્યશ્રીના પરિવારમાં જાણે કે એક પાંખાળો સ્વજન ઉમેરાયો છે. એનિમલકીપર તરીકે નોકરીથી મળતા પગારથી ભાગ્યશ્રી અને તેના પરિવારની આર્થિક સધ્ધરતા વધી છે.

જંગલ સફારી તમને બિલકુલ જંગલનો અનુભવ કરાવે. સિંહ સિંહણ, સફેદ વાઘ અને ચટાપટાવાળી વાઘણ, દીપડા, દેશવિદેશનાં હરણો, લામા, કપિરાજો બાળકો માટે કિલકિલાટ કરી મૂકે ! અહીં ગાઇડ તરીકે કામ કરતાં યુવાનો બહુધા આદિવાસી યુવક યુવતીઓ છે. જે હાઈ પ્રોફાઈલ પ્રવાસીઓ અને મોંઘરા મહેમાનો સાથે આત્મવિશ્વાસથી વાતો કરે, જંગલ સફારી પાર્ક, તેમાં રહેલા પ્રાણીઓની ઝીણીઝીણી વિગતો રસપ્રદ રીતે સમજાવે.

જંગલ સફારી પાર્ક પ્રાણીઓને વિશેષ ફાવી ગયું છે. તેના વિશે માહિતી આપતા નાયબ વન સંરક્ષક ડૉ.રામ રતન નાલા કહે છે, અમે પ્રાણીમાં આવેલા શારીરિક બદલાવ નોંધ્યા છે. કેટલાંક પ્રાણીઓના વજનમાં વધારો થયો છે. કેટલાક પ્રાણીઓની ઊંચાઇ વધી છે. જે પ્રાણીઓનું વજન ના થઈ શકે એવા પ્રાણીઓની શારીરિક પુષ્ટતા નજરે દેખાઇ છે. એનિમલકીપર તરીકે યુવાનો આ પ્રાણીઓની સંભાળ રાખવાનું કામ સારી રીતે કરી રહ્યા છે.

સંદીપ તડવી આવો જ એક યુવાન છે. તે સ્નાતક સુધીનો અભ્યાસ કરીને વાપી અને સુરત નોકરી કરતો હતો. પણ, સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું કામ શરૂ થતાં તેમને અહીં નોકરી મળી ગઇ. એક તો વતનમાં અને પહેલાં કરતાં વધુ પગારે. તેમના પિતા મંગુભાઇ દલાભાઇ તડવી ડેમ સાઇટ ઉપર જ કામ કરતા હતા. પણ, કામ દરમિયાન જ તેમનું અવસાન થયું.

તે કહે છે, અહીં નોકરી કરતા હું મારા પરિવાર સાથે રહી શકું છું. આ નોકરી મળ્યા બાદ જ મારા લગ્ન સરળતાથી થયા. મને લોકો સાથે વાતો કરવી ગમે છે. હું મારા કામનો આનંદ માણું છું.

બીજી રીતે કહી તો જંગલ સફારી પાર્કનું સંચાલન આદિવાસી યુવાનો કરે છે. પરોક્ષ રીતે ૬૦૦ જેટલા લોકો જંગલ સફારી પાર્કને કારણે રોજગારી મેળવતા થયા છે. ખાસ કરીને પશુપક્ષીઓ માટે ઘાસચારો, ફળફળાદિ લાવવા માટે ખેડૂતો સાથે આ યુવાનો જ કામ કરે છે. સફારી પાર્કના સોવેનિયર શોપમાં આવેલી દુકાનોનું સંચાલન સખીમંડળોને સોંપવામાં આવ્યું છે.

આમ, કેવડિયાના જંગલ સફારી પાર્કે અનેક આદિવાસી પરિવારોના યુવાનો ને રોજગારી આપીને પરિવારોને આજીવિકાની સરળતા કરી આપી છે જે તેમની હાલતને મજબૂત કરવામાં મદદરૂપ બની રહી છે. ●



## સાયન્સ સિટીમાં ગ્લોબલ રોબોટિક ગેલેરી તથા

# દેશનું સૌથી મોટું એક્વેરિયમ આકાર લેશે

આધુનિક ગુજરાતનો વિકાસ સર્વસ્પર્શી અને સર્વવ્યાપી બને તે માટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલાં દ્દષ્ટિવંત આયોજનને ઝડપભેર આગળ ધપાવવામાં આવી રહ્યું છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદમાં વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી નિર્માણ પામેલા સાયન્સ સિટીના વિવિધ પ્રકલ્પોની કામગીરીની સમીક્ષા અને નિરીક્ષણ કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતનો વિકાસ વિરાસત અને આધુનિક વિજ્ઞાનના પાયા પર થઈ રહ્યો છે. સાયન્સ સિટીમાં ટૂંક સમયમાં જ ગ્લોબલ રોબોટિક ગેલેરી અને દેશનું સૌથી મોટું એક્વેરિયમ આકાર પામવા જઈ રહ્યું છે, તે આવનારા દિવસોમાં આગવું આકર્ષણ બનશે એવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

ગુજરાત એજ્યુકેશન હબ બને તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને તેથી જ આપણે નોલેજ કોરિડોર પણ વિકસાવી રહ્યા છીએ એમ તેમણે ઉમેર્યું હતુ.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી કહ્યું હતું કે સાયન્સ સિટીના અદ્યતન પ્રકલ્પોના માધ્યમથી રાજ્યના બાળકો વિજ્ઞાનની દુનિયામાં ગળાડૂબ બને તે માટે રાજ્ય સરકારે પ્રયાસો હાથ ધર્યા છે.

રાજ્ય સરકારના સાયન્સ ટેકનોલોજી વિભાગ દ્વારા આ દિશામાં થઈ રહેલી કામગીરીની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, સાયન્સ સિટીમાં ટૂંક સમયમાં જ ગ્લોબલ રોબોટિક ગેલેરી તેમજ દેશનું સૌથી મોટું એક્વેરિયમ પણ આકાર પામવા જઈ રહ્યું છે, જેને પગલે રાજ્યનાં બાળકો વિજ્ઞાનની દુનિયામાં ઓતપ્રોત થઈ શકશે. મુખ્યમંત્રીશ્રીએ રોબોટિક ગેલેરીમાં રોબોઝિયમ, રિસર્ચ એન્ડ રેસ્કયૂમાં રોબોટિકની ભૂમિકા, મેડિકલ અને આરોગ્યક્ષેત્રમાં રોબોટિક પર્ફોર્મન્સને પ્રત્યક્ષ નિહાળ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં સર્વ દિશામાં વિકાસ કરાયો છે. તેમણે આ અવસરે બાલાસિનોરના ડાયનાસોર પાર્કના વિકાસની વિગતો પણ આપી હતી. રાજ્યના વિકાસના પાયામાં પર્યાવરણના જતનનો પણ ખ્યાલ રાખ્યો છે અને એટલે જ મોઢેરામાં સોલાર સિટીનું આયોજન હાથ ધર્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે, રાજ્યની ભાવિ પેઢી વિજ્ઞાન અને ટેકનોલોજીના સહારે વિકાસ સાધી વિશ્વની બરોબરી કરવા સજ્જ બને તે માટે રાજ્યના દરેક જિલ્લામાં વિજ્ઞાન કેન્દ્રો અને ચાર સ્થળોએ પ્રાદેશિક મ્યુઝિયમ વિકસાવવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સાયન્સ સિટી ખાતે પ્રગતિમાં રહેલાં કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સાયન્સ સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ "અવર સાઈટ્સ અગેઈન્સ્ટ કોવિડ-૧૯" પુસ્તિકા અને સાયન્સ સિટીની માહિતી સાથેની પેન ડ્રાઈવનું વિમોચન પણ કર્યું હતું. શ્રી.ડી. પ્રિન્ટર દ્વારા તૈયાર થતી રેપ્લિકાના મશીનની પણ તેમણે રૂબરૂ જાણકારી મેળવી હતી.

સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના સચિવ શ્રી હારિત શુક્લાએ સાયન્સ સિટીમાં તૈયાર થઇ રહેલા મ્યુઝિકલ ફાઉન્ટેન, નવા થિયેટર, પ્લેનેટ અર્થ વિભાગ, એનર્જી પાર્ક, લાઈફ સાયન્સ વિભાગ અંગેની જાણકારી મુખ્યમંત્રીશ્રીને આપી હતી. મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાત વેળાએ ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરશ્રી એસ. ડી. વોરા તથા અધિકારીઓ સાથે રહ્યા હતા. ●





સાત પગલાં ખેડૂત કલ્યાણનાં અંતર્ગત

# કાંટાળા તારની વાડ માટેની યોજના

ખેડૂતોની આવક વધારવા સતત પ્રયત્નશીલ છે આપણી ગુજરાત સરકાર...

## રૂ.૨૦૦ કરોડ

રકમની ફાળવણી



- ખેડૂતોના મહામૂલા પાકને રોઝ અને ભૂંડના ત્રાસથી બચાવવા માટે રાજ્ય સરકારનો મહત્ત્વનો નિર્ણય
- ખેડૂતોની સતત માંગણીને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારે યોજનાને બનાવી વધુ સરળ
- લઘુતમ વિસ્તાર ૧૦ હેક્ટરથી ઘટાડીને **૫ હેક્ટર** કરવામાં આવ્યો
- પ્રતિ રનિંગ મીટર સહાય રૂ.૧૫૦/- થી વધારીને **રૂ.૨૦૦/-** ની કરવામાં આવી
- ખેડૂત / ખેડૂતોનાં જૂથ બનાવી આ યોજનાનો લાભ લઈ શકશે

- i-khedut પોર્ટલથી સહાય માટે અરજી કરી શકાશે
- ખેડૂત દ્વારા થાંભલા ઊભા કર્યાની ચકાસણી કર્યા બાદ ૫૦% રકમ અને કાર્ય પૂર્ણ થયા બાદ ૫૦% રકમ સીધા ખેડૂતના ખાતામાં જમા થશે
- ખેડૂત કોઈપણ એજન્સી પાસે મંજૂર થયેલ ધારાધોરણ પ્રમાણે થાંભલા અને કાંટાળી વાડ કરાવી શકશે
- આ યોજના માટે નોડલ એજન્સી તરીકે ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. તથા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીનો સંપર્ક કરવો

## તારની વાડ માટેનાં સ્પેસિફિકેશન્સ :

- થાંભલા ઊભા કરવા માટેના ખાડાનું માપ : ૦.૪૦ x ૦.૪૦ x ૦.૪૦ મીટર
- થાંભલાની સાઈઝ : (સિમેન્ટ કોંક્રિટના પ્રિટ્રેસ્ડ અને પ્રિકાસ્ટ થાંભલા, એપ્રુવ્ડ ક્વોલિટીના, ઓછામાં ઓછા ચાર તારવાળા અને મિનિમમ ડાયામીટર ૩.૫૦ એમ. એમ.) ૨.૪૦ x ૦.૧૦ x ૦.૧૦ મીટર
- બે થાંભલા વચ્ચેનું ઓછામાં ઓછુ અંતર ૩ મીટર
- દર પંદર મીટરે સહાયક થાંભલા બંને બાજુ મૂકવાના રહેશે તેનું માપ / સાઈઝ મૂળ થાંભલા મુજબ જ રહેશે
- થાંભલાના પાયામાં ૧ સિમેન્ટ : ૫ રેતી : ૧૦ કાળી કપચી મુજબ સિમેન્ટ કોંક્રિટથી પાયામાં પૂરાણ કરવાનું રહેશે
- કાંટાળા તાર (Barbed Wire) માટેના લાઈન વાયર તથા પોઈન્ટ વાયરના મિનિમમ ડાયામીટર ૨.૫૦ એમ. એમ. વત્તા-ઓછાનું પ્રમાણ ૦.૦૮ એમ. એમ. રહેશે, કાંટાળા તાર આઈ.એસ.આઈ. માર્કાવાળા, ગેલ્વેનાઈઝ્ડ, ડબલ વાયર અને જી.આઈ. કોટેડ હોવા જોઈએ

વધુ માહિતી માટે https://ikhedut.gujarat.gov.in/

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર

રાજ્યમાં રિન્યુએબલ એનર્જીને પ્રોત્સાહન આપી નવી ઊંચાઈ પર લઈ જવા માટે જાહેર કરાઈ

# ગુજરાત સોલર પાવર પોલિસી - 2021



- આ પોલિસીથી કોલસા આધારિત વીજ ઉત્પાદન ઘટશે અને ગ્રીન-ક્લીન એનર્જી ઉત્પાદનને પ્રોત્સાહન મળશે

- લઘુ અને મધ્યમ ઉદ્યોગોની પ્રોડક્શન કોસ્ટ સોલાર એનર્જીના વપરાશને કારણે ઘટશે, આવા ઉદ્યોગો સહિત રાજ્યના મોટા ઉદ્યોગો પણ વૈશ્વિક બજારમાં સ્પર્ધા કરવા માટે વધુ સક્ષમ બનશે

- નવી રોજગારીનું સર્જન થશે



R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10, LPWP No. PMG/HQ/061/2018-20 Valid upto 31/12/2020 • Licensed to Post without Prepayment At Post : MBC, Gandhinagar/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**56 + 4 Cover = Total 60 Pages • Editor and Published by** Ashok Kalariya (Director of Information) on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦